New Edition

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) નું પવિત્ર જીવન

સંપાદક તથા પ્રકાશક

**સૈયદ નસીરૂદ્દીન બડામિયાં**

'શહાબ મંઝિલ', સાત સંચા પાસે, કમાલપુરા,

પાલનપુર–૩૮૫ ૦૦૧ (બનાસ કાંઠા)

# અનુક્રમણિકા


| અ.નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| | સંપાદકના બે શબ્દો | I |
| | પાલનપુરના પીરો મુર્શિદ અલ્હાજ હઝરત સૈયદ દાદજીમિયાં આલમમિયાં સાહેબનું આ કિતાબ અંગે મંતવ્ય | III |
| (૧) | પૂર્વ ઈતિહાસ | 1 |
| (૨) | બાળપણ | 6 |
| (૩) | યુવાની | 8 |
| (૪) | પાટણમાં હઝરત મહેદી (અ.સ.) થી મુલાકાત | 12 |
| (૫) | વડલી મુકામે આખરી દા'વા વખતે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની હાજરી | 19 |
| (૬) | "કાતલૂ વ કુતિલૂ"ની બશારત | 22 |
| (૭) | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની હઝરત મહેદી (અ.સ.)ના ફરમાન અનુસાર ગુજરાત તરફ રવાનગી | 26 |
| (૮) | ગુજરાતથી હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ને સાથે લઈને હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં જવા માટે રવાનગી | 28 |
| (૯) | વિસાલના પહેલાં હઝરત મહેદી (અ.સ.)એ સૈયદેન (રઝી.)ને કામિલ મુસલમાન બનાવી દીધા | 31 |
| (૧૦) | હઝરત મહેદી (અ.સ.)ના વિસાલ પછી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ફરાહ મુબારકથી ગુજરાત તરફ રવાનગી | 34 |
| (૧૧) | કામિલપુરમાં દાયરો | 36 |
| (૧૨) | પાટણમાં દાયરો | 36 |
| (૧૩) | આપ હઝરતની પહેલી શાદી | 38 |
| (૧૪) | તબ્લીગે દીન, મુલ્લાઓની મુખાલિફત અને હિજરતો | 39 |

| અ.નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| (૧૫) | સુલ્તાનપુરમાં દાયરો | 40 |
| (૧૬) | હઝરત સાની-એ-મહેદી (રઝી.)થી કૈદખાનામાં મુલાકાત | 42 |
| (૧૭) | જીવલ બંદરમાં દાયરો | 43 |
| (૧૮) | જીવલ બંદરના દાયરામાં ફકીરો (રઝી.)ના ફાકાઓ | 43 |
| (૧૯) | એક બીબીના સાત દીકરાઓ ફાકાઓમાં શહીદ થયા | 44 |
| (૨૦) | હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)નું જીવલ બંદરના દાયરામાં પધારવું | 45 |
| (૨૧) | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની હજ માટે રવાનગી | 48 |
| (૨૨) | આપ હઝરતના દાયરાના એક ફકીરની કરામત | 49 |
| (૨૩) | જાલોરમાં દાયરો | 51 |
| (૨૪) | હઝરત મહેદી (અ.સ.)ના સાહબઝાદી ખાતૂને વિલાયત હઝરત બીબી ફાતેમા (રઝી.) સાથે સિદ્દીકે વિલાયત (રઝી.)ના નિકાહ | 51 |
| (૨૫) | ગુજરાતના મોટા-મોટા મુલ્લાઓની હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) સાથે મહેદવિય્યત ઉપર દલીલો-બહસના માટે આવવાનો ઈરાદો અને તેમાં પીછેહઠ | 52 |
| (૨૬) | જાલોરમાં દાયરા દરમ્યાનના કેટલાક પ્રસંગો | 54 |
| (૨૭) | પાટણમાં દાયરો | 55 |
| (૨૮) | ઝીંઝુવાડામાં દાયરો | 56 |
| (૨૯) | ખાંભેલમાં આખરી દાયરો | 57 |
| (૩૦) | સમસ્ત ગુજરાતના આમ મહેદવીયો ઉપર ઝુલ્મો-સિતમ | 59 |
| (૩૧) | રંગરેઝોની શહાદત | 60 |
| (૩૨) | આપ હઝરતે મુલ્લાઓને કતલ કરાવ્યા | 61 |

| અ.નં. | વિગત | પાન નં. |
|---|---|---|
| (૩૩) | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) ઉપર ચઢાઈ કરવા માટે ઐનુલ મુલ્કે બીડું ઝડપ્યું | 62 |
| (૩૪) | ઐનુલ મુલ્કે શાહી વકીલ-શાહ તાજને આપ હઝરતના દાયરામાં જરૂરી માહિતી મેળવવા માટે મોકલ્યા | 63 |
| (૩૫) | શાહ તાજની આપ હઝરત પાસેથી વાપસી | 64 |
| (૩૬) | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ઐનુલ મુલ્કનો સામનો કરવા રવાનગી | 65 |
| (૩૭) | હઝરત સૈદનજી ખાતમુલ મુર્શિદ (રઝી.)ની આ નૂરાની નજરની કરામત | 65 |
| (૩૮) | કાતલૂની બશારતનું પુરૂં થવું અને આપ હઝરતની કામિયાબી | 65 |
| (૩૯) | દાયરાની હિફાઝત માટે રાખેલા ૪૧ ફકીરોની શહાદત | 66 |
| (૪૦) | ગંજે શોહદા-ખાંભેલના મુબારક નામોની યાદી | 67 |
| (૪૧) | સુદ્રાસણના જાગીરદાર મલેક શરફુદ્દીન આપ હઝરતની ખિદમતમાં હાજર થયા અને આપ હઝરતને સાથીઓ સાથે સુદ્રાસણ લઈ ગયા | 69 |
| (૪૨) | સુદ્રાસણ મુકામે બીજી લડાઈ થઈ અને તેમાં “કુતિલૂ”ની બશારત પૂરી થઈ | 70 |
| (૪૩) | હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)ની અજોડ શહાદત | 71 |
| (૪૪) | હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) તથા હઝરત બંદગી મલેક ગૌહર પોલાદી (રઝી.)ની શહાદતો | 71 |
| (૪૫) | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની બેનઝીર શહાદત | 72 |
| (૪૬) | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની શહાદત પછી શહીદ થયેલા બુઝુર્ગો | 74 |
| (૪૭) | સુદ્રાસણના શહીદોની યાદી | 74 |

| અ.નં. | વિગત | પાન નં. |
| --- | --- | --- |
| (૪૮) | હ. બં. મલેક હમ્માદ (રઝી.) અને હ. બં. મિ. સૈયદ ખાનજી (રઝી.)ની લાશો મુબારકની કરામતો | 78 |
| (૪૯) | શહીદોના સર મુબારકો જુદા કરવામાં આવ્યા અને એકલા ધડો સુદ્રાસણમાં દફન કરવામાં આવ્યા | 79 |
| (૫૦) | પાટણમાં શહીદોના સર મુબારકોની કરામત | 79 |
| (૫૧) | પાટણમાં સર મુબારકોને દફન કર્યા | 80 |
| (૫૨) | હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.)એ થરાદમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)નો દસમો કર્યો | 81 |
| (૫૩) | હ. ખલીફ-એ-ગિરોહ (રઝી.)એ જાલોરમાં હ. સિદ્દીકે વિલાયત (રઝી.)નો ચાલીસમો કર્યો, જે વખતે હ. મહેદી (અ.સ.)ના ખલીફાઓ અને મુહાજીરોએ હ. સિદ્દીકે વિલાયત (રઝી.)ની અઝીમ શહાદતનો સ્વીકાર કર્યો | 81 |
| (૫૪) | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) અને બીજા ચાર શહીદોની ચામડીઓ ચાંપાનેરમાં દફન કરવામાં આવી | 82 |
| (૫૫) | આ લડાઈનો ફારસીના ઈતિહાસોમાં ઉલ્લેખ કેમ નથી? | 83 |
| (૫૬) | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની બીબીઓ અને ઔલાદ | 84 |
| | હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના વતન ગુજરાત અને જન્મ સ્થળ પાટણ અંગે હઝરત મહેદી (અ.સ.)ની મુબારક બશારતો... | 86 |

# સંપાદકના બે શબ્દો

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

એક શહીદની શહાદત પછી આપના પાક જીસમના ધડ, મસ્તક અને ચામડી જુદા-જુદા કરી દેવામાં આવે અને પછી જીસમના આ ત્રણે અંગો જુદી-જુદી જગ્યાએ દફન કરવામાં આવે અને ધડોથી જુદા થયેલા મસ્તકો-ઝોહર, અસર, મગરિબ અને ઈશાની ચાર-ચાર નમાઝો જમાઅત સાથે અદા કરે એવો બેનઝીર-અજોડ દાખલો, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) અને તેમના સાથીઓ સિવાય બીજા કોઈનો પુરી ઈસ્લામી તવારીખમાં જોવા મળશે નહીં. ઉપરાંત હઝરત મહેદી (અ.સ.)એ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને ઈશ્કે ઈલાહીના ભરપૂર જામ આપ્યા, છતાં આપ હઝરત (રઝી.) તરસ્યા-પ્યાસા રહેતાં-હઝરત મહેદી (અ.સ.) પોકારી ઉઠ્યા કે : "ઈ મર્દે ગુજરાતી મારા હેરાન સાખ્તા અસ્ત" અર્થાત : "આ ગુજરાતી મર્દે અમોને અચંબામાં નાખી દીધા છે."

આવા મર્દે ગુજરાતી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના પવિત્ર જીવન બાબતે મોટા ભાગે આપણા ગુજરાતના મહેદવી ભાઈઓ અજાણ છે. તેથી આપ હઝરત (રઝી.)ના પવિત્ર જીવન અંગે ગુજરાતના મહેદવી ભાઈઓ-કાંઈક જાણે-એ આશયથી, આપણી મઝહબી કિતાબોના હવાલાઓના આધારે કિતાબ તૈયાર કરવાનો-નાચીઝે, આ અલ્પ પ્રયાસ કરેલ છે.

આ કિતાબ તૈયાર કરવામાં આ નાચીઝના પીરો મુર્શિદ અલ્હાજ હઝરત સૈયદ ગાઝીમિયાં સાહેબે તથા પીરો મુર્શિદ અલ્હાજ હઝરત સૈયદ દાદજીમિયાં સાહેબે આ નાચીઝને-જે હુંફ અને હિમ્મત તથા કિમતી માર્ગદર્શન અને સુચનો આપેલ છે, તેના માટે આ બન્ને પીરો મુર્શિદોનો આ નાચીઝ ખૂબ-ખૂબ આભારી છે.

મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. તેથી આ કિતાબમાં કોઈ ભૂલચૂક હોય, તો ધ્યાન ઉપર લાવવા ગુજારીશ છે કે જેથી જરૂર પડ્યેથી બીજી આવૃત્તિ છપાવવામાં

આવે, તે વખતે ભૂલ સુધારી શકાય.

અંતમાં આ નાચીઝના માટે દુઆ કરવા વિનંતી છે કે મારા આ અલ્પ પ્રયાસને અલ્લાહ પાક કબૂલ ફરમાવે...(આમીન)

પાલનપુર
તા. ૨૩-૧૨-૨૦૦૦

નાચીઝ,
સૈયદ નસીરૂદ્દીન બડામિયાં

# પાલનપુરના પીરો મુર્શિદ અલ્હાજ
# હઝરત સૈયદ દાદજીમિયાં આલમમિયાં સાહેબનું
# આ કિતાબ અંગે મંતવ્ય

અઉઝુ બિલ્લાહી મિનશ્શયતાનિર્રજીમ

બિસ્મિલ્લાહિર્રહ્માનિર્રહીમ

નહ્મદોહુ વ નુસલ્લી અલા રસૂલેહિલ્ કરીમ, વલ્ મહદીય્યલ મવઊદ અલયહિસ્સલાતો વત્તસ્લીમ...

મુરબ્બી જનાબ સૈયદ નસીરૂદ્દીન બડામિયાં સાહેબે ગુજરાતી ભાષામાં લખેલ આ પુસ્તક "સિદ્દીકે વિલાયત-હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)"- મને વાંચવા મોકલી, એ વિષે મારું મંતવ્ય લખવાનો મને અનુરોધ કરેલ છે. એમના આગ્રહને માન આપી હું મારા વિચારો રજુ કરું છું.

મુરબ્બી નસીરૂદ્દીન સાહેબ પોતે એક સારા વિદ્વાન અને પ્રખર વક્તા હોવા ઉપરાંત સારા લેખક પણ છે. એ વાત આજથી આશરે અઠ્ઠાવીસ વર્ષ પહેલાં એમણે હઝરત બંદગીમીરાં સૈયદ મહેમૂદ સાની-એ-મહેદી રઝિયલ્લાહુ તઆલા અન્હોના જીવન વૃત્તાંતનું પુસ્તક લખી સિધ્ધ કરી દીધી હતી. એમની લેખન પ્રતિભાનો ગુજરાતના બધા મહેદવીયોને એ પુસ્તક દ્વારા પરિચય થયેલ છે. પુસ્તકે ખાસી પસંદગી અને પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

એ પુસ્તકના પ્રકાશન પછી જ હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર સિદ્દીકે વિલાયત હામિલે બારે અમાનત વ બારે કાતલૂ વ કુતિલૂ રઝીયલ્લાહો તઆલા અન્હોના જીવન પ્રસંગોને આવરી લેતું એક પુસ્તક લખવાની એક ધુન એમના મનમાં સવાર થઈ હતી. ઈ.સ. ૧૯૭૭માં એમણે આ પુસ્તક લખવાની શરૂઆત કરી, પરંતુ પોતાની વ્યવસાયિક વ્યસ્તતામાંથી સમય ઘણો ઓછો મળતો હતો. એમ છતાં, જ્યારે-જ્યારે ફુરસદ મળતી ત્યારે અવાર-નવાર થોડુંક લખી લેતા. છેલ્લા ત્રેવીસ વર્ષોમાં એમના જીવનમાં ઘણા ઝંઝાવાત આવ્યા. એમના શરીકે હયાત

મર્હુમા ફાતમાબીબી સાહેબની લાંબી માંદગી અને એ પછી એમની વફાતે એમને ઘણા નિરૂત્સાહ કરી નાખ્યા. વળી, આજથી છ માસ પહેલાં પોતે પણ ગંભીર માંદગીમાં સપડાયા. એમાંથી માંડ-માંડ બચ્યા. અલ્લાહનો શુક્ર છે કે એ માંદગી હવે દૂર થઈ ગઈ છે. સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરી એમણે અધુરૂં પડેલ પોતાનું પુસ્તક લખવું શરૂ કર્યું અને એ શુભ ઘડી આવી પહોંચી કે એ કામ અલ્લાહે પાર પાડયું.

આપણા ગિરોહના વિદ્વાન બુઝુર્ગોએ ફારસી અને ઉર્દૂ ભાષામાં લખેલ પુસ્તકોમાંની ઐતિહાસીક માહિતિઓને પોતાના આગવા ચિંતન અને મનન પછી પોતાની આગવી લાક્ષણિકતાવાળી ઉર્દૂ મિશ્રિત ગુજરાતી શૈલીમાં, જે એમના વકતવ્યોમાં આપણને જોવા મળે છે, ભારે ખંત અને ઘણી મહેનતપૂર્વક લખીને એમણે આપણી સમક્ષ રજુ કરી છે. મને દ્રઢ આશા છે કે આ પુસ્તક બધાની સ્વીકૃતિ અને પ્રશંસા પામશે.

આ પુસ્તકના અધ્યયનથી એ વાત સ્પષ્ટ પણે સાબિત થશે કે આપણા ઈમામ હઝરત મીરાં સૈયદ મોહમ્મદ જૌનપુરી અલયહિસ્સલામ જ સાચા "મહેદી-એ-મૌઊદ" (જે મહેદીના આગમનનો વાયદો હઝરત રસૂલે અકરમ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમ દ્વારા કરવામાં આવ્યો હતો, તે મહેદી) હતા-એ આવીને જતા રહયા. હવે કોઈ મહેદી આવવાના નથી.

માત્ર મહેદવી વિદ્વાનોના જ નહિ કેટલાક ગૈર મહેદવી વિદ્વાનો અને ઈતિહાસકાર આલિમોના લખાણો ઉપરથી પણ આપની મહેદીય્યતની સચ્ચાઈ સાબિત થાય છે. એ નીચે જણાવેલ વિવેચન ઉપરથી જણાઈ આવશે.

મહેદીની એક નિશાની મખ્બરે સાદિક હઝરત ખાતેમુલ અંબિયા, મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે આ શબ્દોમાં બયાન ફરમાવી છે કે :

"અલ્ મહેદી મિન્ની યક્ફુ અસરી વ લા યુખ્તી"

અર્થાત : "મહેદી મારાથી છે, મારા પગલે-પગલે ચાલશે અને ખતા નહિ કરે."

હઝરત મહેદી અલયહિસ્સલામે ફરમાવ્યું છે કે : "મા હેચ મઝહબે નૌ

નયાવુર્દેમ મઝહબે મા કિતાબુલ્લાહ વ ઈત્તેબા-એ-રસૂલુલ્લાહ" અર્થાત : "અમે કોઈ નવો મઝહબ નથી લાવ્યા. અમારો મઝહબ અલ્લાહની કિતાબ (કુરઆને મજીદ) અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું અનુસરણ છે."

હવે મહેદી અલયહિસ્સલામે કિતાબુલ્લાહ અને રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમનું કેવું અનુકરણ કર્યું, એ મહાન અને પ્રખર આલિમ શાહ અબ્દુલહક મોહદ્દિસ દેહેલવી-જેઓ મહેદવી નહોતા, એમના શબ્દોમાં જોઈએ, લખે છે કે :

"દર એઅ્તેકાદે સૈયદ મોહમ્મદ જૌનપુરી, હર કમાલે કે મોહમ્મદ રસૂલુલ્લાહ દાશ્ત વ રસીદ, સૈયદ મોહમ્મદ રા નેઝ બૂદ. ફર્ક હમીનસ્ત કે આં જા બ ઈસાલતન બૂદ વ ઈં ઝા બ તબ્ઈયત. વ તબ્ઈયતે રસૂલ બ જાએ રસીદહ કે હમ્ચૂં ઉ શુદ."

એટલે "સૈયદ મોહમ્મદ જૌનપુરીના એઅ્તેકાદમાં દરેક પૂર્ણતા-જે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમે ધરાવી અને પહોંચ્યા, એ સૈયદ મોહમ્મદને પણ હતી. ફરક એટલો જ છે કે ત્યાં મૂળભૂત હતી અને અહીં અનુસરણીથી (તાબેદારીથી)-અને રસૂલની અનુસરણી એ હદે પહોંચી હતી કે એમના જેવા જ થઈ ગયા હતા."

એ વાત તો સર્વ વિદિત છે કે મહેદી અલયહિસ્સલામનું જીવન બયાને કુરઆનમાં અને કુરઆન મુજબ જ અમલ કરવામાં, તેમજ રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વ સલ્લમના સંપૂર્ણ અનુસરણમાં અને અનુસરણ પણ એટલી હદે કે એમના જેવા થઈ ગયા હતા, એ રીતે વીત્યું છે.

હવે, હદીસ "મહેદી મારાથી છે, મારા પગલે-પગલે ચાલશે અને ખતા નહિ કરે." ની સાર્થકતામાં શું બાકી રહે છે?

હઝરત મીરાં સૈયદ મોહમ્મદ જૌનપુરી મહેદી-એ-મૌઊદ અલયહિસ્સલામે હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર સિદ્દીકે વિલાયત રઝિયલ્લાહો તઆલા અન્હોને

ફરાહ મુબારકમાં વિલાયત અને "કાતલૂ વ કુતિલૂ" નો બોજ સુપરદ કરતી વખતે ફરમાવ્યું હતું કે : "આ બોજને ઉઠાવનાર ખુદાએ તમને બનાવ્યા છે. હોશિયાર રહેજો. આ વિલાયતનો બોજ છે. જ્યાં-જ્યાં આ બોજ આવ્યો, મસ્તક જુદું, તન જુદું અને ચામડી પણ જુદી. આ ઘણો મોટો-ભારે બોજ છે. એનાથી અગર સારકિયાં પસલિયાં હોવેં તો ભાગ જાવેં, ઔર હાથી કે હાડ હોં તો ઘિસા જાવેં."

પછી રાજે સોને મોકલેલ બન્ને તલવારો લાવીને પોતાના મુબારક હાથોથી બંદગીમિયાં સૈયદ ખુન્દમીર રઝિયલ્લાહો અન્હોની કમ્મરે બાંધી અને ફરમાવ્યું કે : "સારી રીતે યાદ રાખો કે બંદાની આ સિફત તમારાથી જાહેર થશે. જો એમાં જરા પણ ફરક આવે, તો બંદાને મહેદી-એ-મૌઊદ ન માનશો. બલ્કે, પહેલા દિવસે જો તમે એકલા હશો અને તમારી સામે તમામ જહાન (દુનિયા) હશે, તો પણ તમારી ફતેહ અને સામા પક્ષની હાર, અને બીજા દિવસે તમે શહીદ થશો અને તમારી કબર ત્રણ જગ્યાએ થશે. એમાં વાળ બરાબર પણ ફરક નહિ આવે. અય સૈયદ ખુન્દમીર...! મસ્તકને ફિદા કરતી વખતે સાબિત કદમ રહેજો."

બંદગીમિયાં સૈયદ ખુન્દમીર રઝિયલ્લાહો અન્હોએ જવાબમાં ફરમાવ્યું કે : "ખુદાવંદ...! એક મસ્તક તો શું, સો મસ્તક હોય, તો પણ મહેદીના નામ ઉપર ફિદા કરી દેવાને બન્ને જહાનમાં અહોભાગ્ય સમજું છું."

હઝરત મહેદી અલયહિસ્સલામે ફરમાવ્યું કે : "શાબાશ, મજબૂત રહેજો. ખુદા સાથ આપશે."

ઉપરની આગાહી-જે આપે પોતાના સાચા મહેદી હોવાના સબૂતમાં કરેલી, તે અક્ષરસ આપની વફાતના વીસ વરસ પછી સાચી પડી. આ બાબત માત્ર મહેદવી ઈતિહાસકારોએ જ નહિ, પણ ગૈર મહેદવી વિદ્વાન ઈતિહાસકાર "હાફિઝ મહેમૂદ શીરાની" એ લાહોરની ઓરિએન્ટલ કોલેજના મેગેઝીનમાં લખેલ પોતાના લેખમાં નીચે મુજબ વર્ણવી છે.

"ઉસ વકત તક હુકૂમતે ગુજરાત મહેદવીયોં સે કાફી બદઝન હો ચુકી થી.

સૈયદ ખુન્દમીર (રઝી.) કા બીસ મુખ્તલિફ મકામાત સે ઈખરાજ કિયા ગયા. ઉલમાએ એહમદાબાદને મહેદવીયોં કે કત્લ કે ફતવે દે દિયે ઔર ઉનકી પેશાનિયોં કો એક લોહે સે-જીસ કા સિરા કવ્વે કે પંજે કે મુશાબહ થા, દાગને લગે. દો મહેદવી રંગરેઝ બચ્ચોં કો કત્લ કિયા ગયા. જબ દેખા કે મહેદવી તેહરીક સિયાસી એહમીયત હાસિલ કર રહી હૈ, ઉનકે કત્લેઆમ કે લિયે સોલહ હજાર (૧૬,૦૦૦) ફૌજ બ-સરકર્દગી-એ-ઐનુલ મુલ્ક, ૧૧, શવ્વાલુલ્ મુકર્રમ, ૯૧૭-હીજરી કો જમાઅતે મહેદવીયા કે મુકાબલે પર આઈ. ખાંભેલ કે ખારિયાલ પર પડાવ થા. સૈયદ ખુન્દમીર (રઝી.) કે મુઠ્ઠીભર ફિદાઈયોંને શાહી ફૌજમેં કયામત મચા દી. છેહ સૌ-સાત સૌ સિપાહીયોં કો મૈદાને જંગ મેં મૌત કી નીંદ સુલા દિયા. શાહી ફૌજને બુરી તરહ શિકસ્ત ખાઈ.''

''ફાતેહીનને ડેઢ મીલ તક દુશ્મન કા તઅક્કુબ કિયા. સૈયદ ખુન્દમીર (રઝી.) ઈસ મઅરિકામેં ઝખ્મી હુવે.''

''૧૪-શવ્વાલ સન મઝકૂર કો શાહી ફૌજ ફિર બઢી. ઔર મઅરિકા-એ-કારઝાર અઝસરે નૌ ગર્મ હુવા. મહેદવી નિહાયત બે જીગરીસે લડે ઔર જબ તક ઈનમેં કા એક-એક શખ્સ કત્લ નહીં હો ગયા, જંગસે મુંહ ન ફેરા.'' (લેખક : હાફિઝ મહેમૂદ શીરાની, ઓરીએન્ટલ કોલેજ, મેગેઝીન, લાહોર) (લેખકે આ લેખમાં તારીખ અને હીજરી લખવામાં ભૂલ કરી છે. જંગ ખરેખર ૧૨મી શવ્વાલ, હીજરી-૯૩૦ માં થઈ હતી.)

આમ, મહેદી-એ-મૌઊદ અલયહિસ્સલામે પોતે જ સાચા મહેદી-એ-મૌઊદની સાબિતિ-જંગમાં પહેલા દિવસે હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ની ફતેહ અને બીજી જંગમાં આપની શહાદત થશે, એ બાબત ઉપર તેમ જ ત્રણ જગ્યાએ બંદગીમિયાં (રઝી.)ની કબર થશે, એ ઉપર આધારિત રાખી હતી. અને વાસ્તવમાં એમ જ બન્યું. આ ઉપરથી સાબિત થઈ ગયું કે હઝરત સૈયદ મોહમ્મદ જૌનપુરી જ સાચા મહેદી-એ-મૌઊદ હતા.

હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ની શહાદત પહેલાં ગુજરાતના ધન-દૌલત, જાગીરો અને મોટી પદવીઓના ભૂખ્યા દુનિયા પરસ્ત આલિમો "ઉલમા-એ-સૂ" એ હઝરત મહેદી અલયહિસ્સલામ અને આપના અનુયાયીઓ વિષે કુફ્રનો ફત્વો તૈયાર કર્યો હતો. એ બાબત વિષે મૌલાના અબુલ કલામ આઝાદ-જેઓ મહેદવી ન હોતા, પોતાના પુસ્તક "તઝકિરા" ના પાન નં.૬૦ ઉપર લખે છે કે : "શૈખ વજીરૂદ્દીન ગુજરાતી-જો ઉસ વક્ત કે બહોત બળે આલિમ થે ઔર જીન કા તરજુમા 'અખ્બારૂલ અખિયાર' ઔર 'મઆસિરૂલ કિરામ' વગૈરહ મેં મૌજૂદ હૈ, ઉનકે સામને જબ સૈયદ મૌસૂફ ઔર ઉનકે બા'ઝ ઈત્તેબાઅ્ કી તક્ફીર કા ફત્વા પેશ કિયા ગયા, તો દસ્તખત કરને સે ઈન્કાર કર દિયા ઔર કહા કે : "જો જમાઅત કો છોળકર વકફે હક પરસ્તી હૈ, મેરા કલમ ઉસકી મુખાલેફત મેં નહીં ઉઠ સકતા."

આગળ લખે છે કે : "શાહ વલીઉલ્લાહ કા કૌલ શાહ અબ્દુલ અઝીઝ સાહેબને એક મક્તૂબ મેં નકલ કિયા હૈ કે, સૈયદ મોહમ્મદ આલિમે હક ઔર વાસિલ બિલ્લાહ થે." (તઝકિરા : લેખક-અબુલ કલામ આઝાદ, પાન-૬૦,૬૧)

"મહેદવી તેહરીક" પુસ્તકના પાન નંબર-૫૬ ઉપર એના બિન મહેદવી લેખક લખે છે કે : "ઉલમા-એ-ગુજરાત કે ઉકસાને ઔર મજબૂર કરને પર હુકૂમતે ગુજરાતને સૈયદ મહેમૂદ કો (મહેદી અલયહિસ્સલામના પુત્ર) કૈદ કર દિયા ઔર કૈદ વ બંદ કી તકાલીફ સે સન-૯૧૯ હીજરી, ૪-રમઝાન કો ઈન્તેકાલ હુવા."

મૌલાના અબુલ કલામ આઝાદ, અન્ય મહેદવી બુઝુર્ગો પર દુનિયા પરસ્ત આલિમોના મહેદવી બુઝુર્ગો પ્રત્યેના તઅસ્સુબ વિષે અને મહેદવી બુઝુર્ગોની મહાનતા વિશે "તઝકિરા" માં લખે છે કે : "ઉલમા-એ-હક (શૈખ વજીરૂદ્દીન ગુજરાતી) કા તો યે હાલ થા, મગર ઉલમા-એ-દુનિયા ને ઈસ જમાઅત કે (મહેદવીયોં કે) ઈસ્તીસાલ પર કમર બાંધી. ઔર સૈયદ મોહમ્મદ કી નિસ્બત એઅ્તેકાદે મહેદીય્યત વગૈરહ કો બુનિયાદે તક્ફીર કરાર દિયા. સૈયદ મૌસૂફ કે ઈન્તેકાલ કે બાદ ઉનકી જમાઅત ફુલી-ફલી ઔર બળે-બળે એહલુલ્લાહ ઉસ મેં

દાખિલ હુવે. અઝાં જુમ્લા, શૈખ અબ્દુલ્લાહ નિયાઝી ઔર ઉનકે મુરીદ શૈખ અલાઈ રહમતુલ્લાહ થે. જિન્હોંને બયાના મેં કયામ કીયા ઔર અપને ઈલ્મે હક ઔર ઈખ્લાસ વ ઈસાર ફિલ્લાહ કી તાસીર સે સેંકડો જાંબાઝો ઔર હકપરસ્તો કો મોઅ્તકિદ ઔર મુરીદ કર લિયા. જો હાલાત ના તરફદાર ઔર મોઅ્તેમદ મોઅર્રખોને લિખે હૈ-અગર વો સચ હૈ, તો યે લોગ ઈન્સાન નહીં થે. મુલાએ આઅ્લાકે મુકદસ ફરિશ્તે થે-જીનકો ખુદાને અપની ઝમીન કી તહારત કે લીયે આદમિયોં કી હૈકલ મેં ભેજ દિયા થા. ઔર જબ ભી દુનિયા કી સઆદત વ બરકત કે દિન આતે હૈ, તો ખુદા ઝમીનકે ઈન્સાનોં હી સે આસમાન કે ફરીશ્તોં કા કામ લેતા હૈ. આસમાન કે ફરિશ્તે તો કભી ઈન્સાની આબાદિયોં મેં આ કર નહીં બસે. 'લન્તજેદા લે સુન્નતિલ્લાહ તબ્દીલા.' મુલ્લા અબ્દુલ કાદર બદાયુનીને 'મુન્તખેબુત્તવારીખ' ઔર 'નજાતુર્રશીદ' મેં, ઔર નિઝામુદ્દીન હરવીને 'સબ્કાત' મેં ઈન લોગોં કે મુફસ્સીલ હાલાત લીખે હૈં. મગર જ્યાદા તફસીલ 'તઝકિરાતુલ્ વાસેલીન' મેં બ-ઝિમ્ને હાલાતે હઝરત શૈખ દાઉદ મિલતી હૈ ઔર ઉસકો પઢકર કલ્બ પર એક અજીબ આલમે વજદ વ મેહવીય્યત તારી હો જાતા હૈ. ઔર બે ઈખ્તિયાર દિલ ચાહતા હૈ કે સારી બાતોં કો છોડકર સિર્ફ ઉન્હીં પાકાને હક કા ઝિક્ર કીજીએ. સદિયાં ગુઝર ગઈ, ઉશ્શાકે હક કે ઝિક્ર મેં આજ યે તાસીર હૈ. નહીં માલુમ ઉન કી પાક સૂરતોં ઔર પાક સોહબતોં કી ગીરાઈયોં ઔર દિલરૂબાઈયોં કા ક્યા હાલ હોગા." (તઝકિરા : લેખક-મૌલાના અબુલ કલામ આઝાદ, પાન નં. ૬૦,૬૧,૬૨)

એક જગ્યાએ "તઝકિરા" માં જ પાન નં.૬૫ પર લખ્યું છે કે : "એક ઐસે ગિરોહ કો ભલા ઉલમા-એ-દુનિયા ઔર ફુકહા-એ-સૂ કબ ચૈન સે બૈઠને દે સકતે થે ! ચોરોં ઔર કાતિલોં કો ઈન લોગોં સે અમન મિલ સકતા હૈ, મગર મુસ્લેહીને ઉમ્મત ઔર ઉશ્શાકે હક કે લિયે અમન વ ઈન્સાફ કહાં !"

આવા જ ઉલમા-એ-દુનિયા પરસ્ત અને ફુકહા-એ-સૂ ની શરારતો અને કાન ભંભેરણીઓથી ગુજરાતના સુલ્તાને મહેદવીયોને નાહક શહીદ કરાવી દીધા,

અને જુલ્મો-સિતમ, ઈખરાજની પરંપરા સર્જી. છેવટે હઝરત સિદ્દીકે વિલાયતે પોતાના એક સો (૧૦૦) જાનિસાર સહાબીઓ સાથે મહેદી-એ-મૌઊદની મહેદીય્યતની સચ્ચાઈની સાબિતિમાં શહાદતને હસ્તે મુખે વહોરી લીધી. "ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજેઊન"

હવે, આપનું જીવન વૃત્તાંત ધ્યાનપૂર્વક વાંચીને આપણા ઈમાનને મજબૂત બનાવી-મહેદી અલયહિસ્સલામે બતાવેલા માર્ગ પર સાચા દિલથી અમલ કરીએ, તો જ આ કિતાબ સાર્થક થયેલી ગણાશે. દુઆ છે કે જનાબ નસીરૂદ્દીન સાહેબને એમની મહેનતનો અજરે અઝીમ અતા ફરમાવે...(આમીન)

તાઝા ખ્વાહી દાશ્તન ગર દાગહાએ સીના રા;
ગાહે ગાહે બાઝ ખ્વાં ઈં કિસ્સએ પારીના રા.

અર્થાત : જો તું સોનાના દાગ તાજા રાખવા ઈચ્છતો હોય, તો ફરી-ફરીવાર આ પવિત્ર કિસ્સાઓ ઠેર-ઠેર વાંચતો રહે.

લી. દુઆગો,
ફકીર સૈયદ દાઉદ ઉર્ફે દાદજીમિયાં
ઈબ્ને
હઝરત પીરો મુર્શિદ
સૈયદ આલમમિયાં સાહેબ

પાલનપુર
તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૦૦.

# (૧) પૂર્વ ઈતિહાસ

સૈયદુસ સાદાત, સૈયદુસ શોહદા, અમીરે કબીર, બદરે મુનીર, હામિલે બારે અમાનત, સિદ્દીકે વિલાયત-હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.) સાથેની પાટણમાં પહેલી જ મુલાકાત વખતે હઝરત સૈયદ મોહમ્મદ જૌનપુરી મહેદી-એ-મૌઊદ (અ.સ.)એ ફરમાવ્યું હતું કે : "બંદા વ ઈશાન યક જદદી હુસૈની સૈયદ હસ્તીમ" અર્થાત : "બંદો એટલે કે હ. મહેદી (અ.સ.) અને તેઓ એટલે કે હ. બં. મિ. સૈયદ ખુન્દમીર (રઝી.) એક જ વડવાની ઔલાદમાંથી હુસૈની સૈયદ છીએ." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન ૧૪)

હઝરત મહેદી (અ.સ.)ની ઉપરોક્ત બશારત વાંચ્યા પછી આ બન્ને મહાન પુરૂષોના પેઢીનામાઓનો અભ્યાસ કરતાં નીચેની વિગતેનું એક સંયુકત પેઢીનામું વાંચકો આગળ રજુ કરતાં મને અનહદ ખુશી થઈ રહી છે. આપણી જુદી-જુદી મઝહબી કિતાબોમાંથી તૈયાર કરેલ આ નિચેની વિગતેના પેઢીનામાથી હઝરત મહેદી (અ.સ.) અને હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.) બન્ને એક જ વડવાની ઔલાદમાંથી અને હુસૈની સૈયદ હોવા બાબતેની ઉપરોકત બશારતને પુષ્ટિ મળે છે.

પેઢીનામું :

હઝરત સૈયદના અલી (ક.વ.)

↓

હઝરત ઈમામ હુસૈન (અ.સ.)

↓

હઝરત ઈમામ ઝૈનુલઆબેદીન (રઝી.)

↓

હઝરત ઈમામ મોહમ્મદ બાકર (રઝી.)

↓

હઝરત ઈમામ જાફર સાદિક (રઝી.)

↓

હઝરત ઈમામ મૂસા કાઝિમ (રઝી.)

↓

હઝરત અમીર સૈયદ ઈસ્માઈલ (રઝી.)

↓

હઝરત અમીર સૈયદ નેઅમતુલ્લા (રઝી.)

↓

| | |
|---|---|
| હ. અમીર સૈયદ જલાલુદ્દીન (રઝી.) | હ. અમીર સૈયદ નજમુદ્દીન (રઝી.) |
| ↓ | ↓ |
| હ. સૈયદ યાહ્યા (રઝી.) | હ. સૈયદ હૈદર (રઝી.) |
| ↓ | ↓ |
| હ. સૈયદ યુસુફ (રઝી.) | હ. સૈયદ અહમદ (રઝી.) |
| ↓ | ↓ |
| હ. સૈયદ અબ્દુલ્લાહ (રઝી.) | હ. સૈયદ ઈસા (રઝી.) |
| ↓ | ↓ |
| હ. સૈયદ નજમુદ્દીન (રઝી.) | હ. સૈયદ કાદન (રઝી.) |
| ↓ | ↓ |
| હ. સૈયદ કાસિમ (રઝી.) | હ. સૈયદ અબ્દુલ્લાહ (રઝી.) |
| ↓ | ↓ |
| હ. સૈયદ મૂસા (રઝી.) | હ. સૈયદ ખુન્દ સઈદ (રઝી.) |
| ↓ | ↓ |
| હ. સૈયદ ખિઝર (રઝી.) | હ. સૈયદ જલાલ (રઝી.) |
| ↓ | ↓ |
| હ. સૈયદ ઉસ્માન (રઝી.) | હ. સૈયદ ખુન્દમીર (રઝી.) |

↓ ↓

હ. સૈયદ અબ્દુલ્લાહ (રઝી.) હ. સૈયદ મૂસા ઉર્ફે સૈ. છજ્જુ (રઝી.)

↓ ↓

હ. સૈયદ મોહમ્મદ મહેદી-એ-મૌઊદ (અ.સ.) હ. બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)

(સિયરે મસઉદ : પાના-૬) (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાના-૫)

શહીદે કરબલા હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ના પૌત્ર હઝરત ઈમામ મોહમ્મદ બાકર (રઝી.)ના પૌત્ર હઝરત ઈમામ મૂસા કાઝિમ (રઝી.)ના પૌત્ર હઝરત અમીર સૈયદ નેઅમતુલ્લા (રઝી.) એટલે કે મહેદી (અ.સ.)ના વડવા હઝરત અમીર સૈયદ જલાલુદ્દીન (રઝી.) અને હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ના વડવા હઝરત અમીર સૈયદ નજમુદ્દીન (રઝી.)ના વાલિદ બગદાદ છોડી ખુરાસાનના મરવ નામી જગ્યાએ સ્થાયી થયા અને ત્યાં જ આજે આપની કબર મુબારક છે. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૫) હઝરત અમીર સૈયદ નેઅ્મતુલ્લાહ (રઝી.)ના બન્ને ફરઝંદો મરવથી નીકળી બુખારામાં આવી વસ્યા અને તેમની ઔલાદ પાછળથી હિન્દુસ્તાનમાં આવી આબાદ થઈ. હઝરત મહેદી (અ.સ.)ના વડવાઓ એટલે કે હઝરત અમીર સૈયદ જલાલુદ્દીન (રઝી.)ના ફરઝંદો જૌનપુરમાં આવીને વસ્યા અને હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ના વડવાઓ એટલે કે હઝરત અમીર સૈયદ નજમુદ્દીન (રઝી.)ના ફરઝંદોએ આગ્રા પાસેના બાળી-બયાનાના પ્રદેશમાં પોતાનો વસવાટ શરૂ કર્યો. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૫)

બાળી-બયાનામાં સ્થાયી થયા પછી-હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ના વડવાઓએ બાળીના સરદારો સાથે સગાઈ-સગપણના સંબંધો બાંધ્યા. આ બાળીવાલ સરદારોમાં એક મલેક શૈખ બયાની નામી સરદારની બહેનના નિકાહ

હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ના દાદા સૈયદ ખુન્દમીર ની સાથે થયા હતાં. તેમનાથી હઝરત સૈયદ મૂસા ઉર્ફે સૈયદ છજ્જુ સાહેબ પૈદા થયા અને આજ હઝરત સૈયદ મૂસા ઉર્ફે સૈયદ છજ્જુ સાહેબ આપણા હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ના વાલિદે મોહતરમ છે. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૫)

મલેક શૈખ બયાની-જ્યારે બાળી-બયાના છોડી ગુજરાતમાં આવીને વસ્યા, ત્યારે પોતાની સાથે પોતાના ભાણેજ હઝરત સૈયદ મૂસા ઉર્ફે હઝરત સૈયદ છજ્જુ સાહેબને પણ પાટણમાં લાવ્યા હતાં. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૬) મલેક શૈખ બયાનીને ગુજરાતના સુલ્તાનની તરફથી શુજા-ઉલ-મુલ્કની મોટી પદવી અને બારા હજારીનો માન ભર્યો હોદ્દો આપવામાં આવ્યો, તે સાથે જ હઝરત સૈયદ મૂસા ઉર્ફે છજ્જુ સાહેબને પાંચ સદી મનસબ એટલે કે પાંચ સો (૫૦૦) સવારોની અફસરીનો હોદ્દો આપવામાં આવ્યો હતો.

હઝરત સૈયદ મૂસા ઉર્ફે સૈયદ છજ્જુ સાહેબ-સરકારમાં ઉપર જણાવ્યા મુજબ, માનભર્યો હોદ્દો ધરાવતા હતા. એટલું જ નહીં, સ્વભાવે પણ બહૂ જ શાંત અને હોંશિયાર હોઈ-મલેક મૌદુદ બિન મલેક યાકૂબ બાળીવાલે પોતાની સાહબજાદી બુવા તાજનો નિકાહ તેમની સાથે કરી, બંદગીમિયાંના ખાનદાન અને બાળીવાલ સરદારોમાં વરસોથી સગાઈ સગપણના જે સંબંધો ચાલ્યા આવતા હતા, તેને વધુ ગાઢ બનાવ્યા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૬)

આજ બીબી બુવા તાજની કૂખે, સૈયદ મૂસા ઉર્ફે સૈયદ છજ્જુ સાહેબના ઘરે, ગુજરાતના પ્રતાપી સુલ્તાન મહેમુદ બેગડાના સમયમાં, હિજરી સન-૮૮૬ એટલે કે ઈસ્વી સન-૧૪૮૦ માં પાટણ મુકામે, હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.) પૈદા થયા. આપનો જન્મ થતાં જ આપના પૂરા ખાનદાનમાં અને બાળીવાલ સરદારોમાં ઘણી જ ખુશી અને ધામધૂમ કરવામાં આવી.

વાંચકને અત્રે અમો એ યાદ અપાવવા માંગીએ છીએ કે, હઝરત મહેદી

(અ.સ.)એ હિજરી સન-૮૮૭ એટલે કે ઈ. સન-૧૪૮૧ માં પોતાની તવારીખી તબ્લીગી સફર માટે-પોતાના વતન જૌનપુરની બહાર કદમ મુબારક મુકયા. તેના બરાબર એક વરસ અગાઉ એટલે કે હિજરી સન-૮૮૯ માં હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.) પાટણ મુકામે પૈદા થયા હતા.

આપણી મઝહબી કિતાબોમાં જણાવ્યા પ્રમાણે હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ના નાના હઝરત મલેક મૌદુદ સાહેબ હસની સૈયદ હતાં. આમ, વાલિદ હઝરત સૈયદ મૂસા સાહેબ હુસૈની સૈયદ તથા વાલિદા બીબી બુવા તાજ હસની સૈયદ હતાં.

મલેક થે જો મૌદૂદ શાહ બાળીવાલ હસની થે સૈયદ વો નેકો ખિસાલ
ખિતાબી મલેક થે વોહ સાદાતસે વોહ યાહ્યા મુનેરી કે થે પોતરે

(બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૬)

આમ, હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ના નાના હઝરત બંદગી મલેક મૌદુદ બિન મલેક યાકૂબ બાળીવાલ યાહ્યા મુનેરી (રઝી.)ની ઔલાદમાંથી હસની સૈયદ હોવાનું સાબિત થાય છે. હઝરત મલેક મૌદૂદ સાહેબના ભાઈ હઝરત મલેક અહેમદ સાહેબના ફરઝંદો-હઝરત ખલીફ-એ-ગિરોહ બંદગી મલેક અલાહદાદ (રઝી.) તથા હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ના નામોથી કોમનો ભાગ્યે જ કોઈ માણસ અજાણ હશે. હઝરત મલેક યાકૂબ બાળીવાલ-જેમને હઝરત મહેદી (અ.સ.)એ "અમૃતબેલ" ના શુભ નામથી નવાજયા છે, તેમના ફરઝંદ મલેક એહમદના ફરઝંદો-હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.) અને હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ના નામોની આગળ આપણી કિતાબોમાં-જે મલેક લખવામાં આવેલ છે, તે "મલેક" શબ્દ તેમના હોદ્દાના ખિતાબોના કારણે જ લખવામાં આવેલ છે. બાકી ઉપર વિગતથી જણાવ્યા પ્રમાણે આ સાહેબો અસલ હસની સૈયદો છે.

ઉપર વિગતથી જણાવ્યા મુજબ હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.) વાલિદા તરફથી હસની અને વાલિદ તરફથી હુસૈની સૈયદ છે. આમ, આપની

રગોમાં વાલિદ અને વાલિદા બન્ને તરફથી શેરે ખુદા હઝરત મૌલા અલી (ક.વ.)નું હાશમી ખૂન વહેતું હતું.

## (૨) બાળપણ

હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.) ફક્ત ત્રણ વરસની વયના થયા કે આપના વાલિદે મોહતરમ હઝરત સૈયદ મૂસા ઉર્ફે સૈયદ છજ્જુ સાહેબને પોતાના મામા મલેક શૈખ બયાની શુજા-ઉલ-મુલ્કની સાથે ગુજરાતના સુલ્તાનના હુકમથી કાઠીઆવાડના મોરબી પાસેના ચરારના કિલ્લા તરફ એક રાજપૂત બાગીના બંડને દાબી દેવા માટે જવાનું થયું. ત્યાં આપ લડતાં-લડતાં શહીદ થયા. આમ, ફક્ત ત્રણ વરસની વયે બાપનો સાયો ઊઠી જતાં હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ને એમના નાના હઝરત મલેક મૌદુદ સાહેબના ભાઈ મુબારિઝુલ મુલ્ક મલેક નસીરૂદ્દીનના ઘરે પોતાનું બાળપણ વીતાવવું પડયું. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાના-૬)

ત્રણ વરસની માસૂમ વયે આપની રૂહાનિયતની એ હાલત હતી કે કોઈ પણ આપની આંખથી આંખ મેળવી શકતું નહીં. અને તેથી જ મુબારિઝ-ઉલ-મુલ્કને પોતાના નોકરોને એવો હુકમ કરવો પડયો હતો કે : “તમો જ્યારે પણ ભાઈ ખુન્દમીરને મારી પાસે લાવો, ત્યારે તેમના હાથમાં કોઈને કોઈ રમકડું રમવા માટે આપીને જ લાવો, કે જેથી તેમની નઝર તે રમકડા ઉપર જ રહે અને હું તેમને પેટ ભરીને જોઈ શકું.” (દફ્તરે અવ્વલ)

એ જ ત્રણ વરસની વયનો બીજો એક પ્રસંગ એવો છે કે, એક વખતે આપ આપના ઘરના આંગણામાં રમતા હતા કે આપ એકા-એક બેહોશ થઈ ઢળી પડયા. વાલિદા બીબી બુવા તાજ અને નાનીમા ખુન્દામા સમજ્યા કે કોઈ જિન કે સાયાની અસર છે. પણ હકીકતમાં તો તે ખુદાના દીદારની તજલ્લી હતી, જેના કારણે આપ બેહોશ થઈ ગયા હતાં. (ખુલાસતુત્તવારીખ)

એ જ નાની વયનો એક બીજો પ્રસંગ એવો છે કે આપના નાના મુબારિઝુલ

મુલ્ક મલેક નસીરૂદ્દીને કારીગરોને બોલાવી આપના માટે એક આલીશાન અને શાનદાર ઈમારત બનાવવાનો હુકમ કર્યો. અને જ્યારે કારીગરો હુક્મ પ્રમાણે ભવ્ય ઈમારતનો પાયો ખોદવા માંડ્યા ત્યારે આપે તે જોઈ ફરમાવ્યું કે : "આ દુનિયા છેવટે તો ફના અને બરબાદ થવાની છે. એમાં કાયમના માટે કોઈ જ રહેવાનું નથી, તો પછી આવી મજબૂત અને ભવ્ય ઈમારત બનાવવાની શી જરૂરત છે ?" (દફ્તરે અવ્વલ)

એ જમાનામાં પદવીઓ અને નોકરીઓ વંશ પરંપરાગત મળતી હતી. કોઈ શાહી અમલદાર ગુજરી જતો, તો તેના બિલકુલ નાની વયના સગીર બાળકના નામે મર્હૂમ બાપની પદવી, પગાર અને નોકરી ચાલુ થઈ જતા. અને તેથી આપના કોઈ સગા-સંબંધી આપને આપના મર્હૂમ બાપની પદવી-પગાર માટે સમજાવતા, તો આપ એ જ વખતે વળતો જવાબ આપતા કે : "મેં જે માલીક (ખુદા)ને મારી સગી આંખે નિહાળ્યો છે, તેની જ નોકરી કરું છું. તેના સિવાય બીજા કોઈની નોકરી કરવાનો નથી. અને તેના સિવાય બીજા કોઈની આગળ મારું માથું ઝુકાવવાનો નથી." આવો જડબાતોડ જવાબ સાંભળી આપના સગા-સંબંધીઓ હેરતમાં પડી જતાં અને કહેતા કે : "આટલી નાની વયે પણ ભાઈ સૈયદ ખુન્દમીરને ખુદાપાકે કેવા-કેવા કમાલોથી નવાજયા છે !" (દફ્તરે અવ્વલ)

જેમ-જેમ આપની વય વધતી ગઈ, તેમ-તેમ આપના દિલમાં ખુદાના દીદારની લગન વધારેને વધારે વધતી જ ગઈ. દસ કે અગિયાર વરસની માસૂમ વયે મોટા-મોટા સૂફીઓ, મુર્શિદો અને ઝઈફ ઉમરના આલીમો પાસે જઈ આપ સવાલ કરતા કે : "આ જમાનામાં એવો કોઈ કામિલ મુર્શિદ કે પહોંચેલો પીર છે, કે જે ખુદાના દીદાર કરાવી મારા દિલની મુરાદ બર લાવે ?" તો આ બધા આ સવાલ સાંભળી અચંબામાં પડી જતાં અને કોઈ કરતાં કોઈ જવાબ આપી શકતું નહીં. (દફ્તરે અવ્વલ)

હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.)ના બાળપણના ઉપરોક્ત પ્રસંગોથી વાંચકોને એ વાતની પ્રતિતી થયા વગર નહીં રહે કે નાની માસૂમ વયમાં

પણ આપ અલ્લાહ અને તેના પાક દીનના રંગમાં સંપૂર્ણપણે રંગાયેલા હતા.

## (૩) યુવાની

આમ, દુનિયા અને દુનિયાવાળાઓથી બેઝાર એવા હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર (રઝી.) અલ્લાહની યાદ અને તેના દીદારની તડપમાં તથા કોઈ કામિલ મુર્શિદની તલાશમાં જ બાળપણનો સમય વીતાવી યુવાનીના ઉંબરે પગલાં માંડી ચુકયા હતાં. બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૯૩ ઉપર લખ્યા પ્રમાણે આપ હઝરતના ચહેરા મુબારકનો રંગ હઝરત ખાતમય્ન (અ.સ.)ના રંગ જેવો ઘઉંવર્ણો હતો. આપ હઝરતના ખભા સિરોહી તલવાર જેટલા પહોળા હતા. આપ હઝરતનો શરીરનો બાંધો મજબુત હોઈ, બહુ જ શસક્ત હતા. સદાકતમાં હઝરત અબુબક્કર સિદ્દીક (રઝી.) જેવા, શુજાઅતમાં હઝરત ઉમર (રઝી.) અને હઝરત અલી (રઝી.) જેવા તથા સખાવતમાં હઝરત ઉસ્માન ગની (રઝી.) જેવા આપ હઝરત હતા.

આપની દુનિયા તરફની ધૃણા જોઈ આપના નાના-મુબારિઝુલ મુલ્ક મલેક નસીરૂદ્દીન અને મામાઓ-મલેક બરખુરદાર તથા મલેક ખુદાબક્ષ, જેઓ ગુજરાતના સુલ્તાનના દરબારમાં મોટી-મોટી પદવીઓ અને જાગીરો ધરાવતા હતા અને લાગવગવાળા હતા, તેમણે સર્વેએ ભેગા મળી વિચાર કર્યો કે ઉપર વર્ણવેલી લાયકાતો જોતાં-જો ભાઈ સૈયદ ખુન્દમીર (રઝી.)ને રાજ દરબારમાં કોઈ સારો એવો હોદ્દો અપાવી દેવામાં આવે, તો સરકારી નોકરીમાં તેમનો જીવ લાગી જશે, દુનિયાદારીમાં રસ લેતા થશે અને બધુ થાળે પડી જશે.

આપના નાના મુબારિઝુલ મુલ્ક મલેક નસીરૂદ્દીને તો પાટણ પરગણાની પોતાની શાહી સુબેદારી અને સાત હજારીનો મોટો હોદ્દો આપની તરફેણમાં છોડી દેવાની તૈયારી બતાવી અને તેથી મુબારિઝલ મુલ્કે એક વખત પોતાના સાથીઓ, સગાઓ અને સંબંધીઓ સમક્ષ કહ્યું કે : “મારો ઈરાદો છે કે સૈયદ મૂસા (હઝરત બંદગીમિયાં સા. ના વાલિદ)નો હોદ્દો ભાઈ સૈયદ અતન (બંદગીમિયાં સા. ના

નાના ભાઈ)ને, અને મારો પોતાનો હોદ્દો ભાઈ સૈયદ ખુન્દમીરને અપાવું.” (સિરાજે મુનીર : પાન-૯૬)

મુબારિઝુલ મુલ્કનો આ પ્રસ્તાવ બધાએ પસંદ કરતાં તેમણે પોતાની પાટણ પરગણાની સુબેદારની પદવી અને સાત હજારી મનસબદારીનો મોટો હોદ્દો હઝરત બંદગીમિયાં સાહેબના નામ ઉપર લખાવી-તેના પર મહોર મારી, કાયદેસરની શાહી સનદ મેળવી. (સિરાજે મુનીર : પાન-૯૬)

હઝરત બંદગીમિયાં સાહેબની જગ્યાએ બીજો કોઈ માણસ હોત તો યુવાન વયે સાત હજારી મનસબદારીનો મોટો હોદ્દો અને પાટણના પરગણાઓ સહીતની શાનદાર શાહી સુબેદારી તથા તેની સાથે હવેલી, હાથી, ઘોડા, પાલખી, ડંકા નિશાન વિગેરે પ્રાપ્ત થતાં ખુશીથી ફુલ્યો ન સમાતો. પરંતુ હઝરત બંદગીમિયાં સાહેબ તો આવા ઠાઠ-માઠ અને વૈભવ-વિલાસથી પર હતા. આપે આંખો ખોલી ત્યારથી જ ઘરમાં અમીરાના ઠાઠ-ઠઠેરો અને દબદબો હતો. પરંતુ ઉપર જોયું તેમ આપના દિલમાં દુનિયાની મોહ-માયા અને મોહબ્બત લેશ માત્ર હતી નહીં. અને તેથી આપે પાટણ પરગણાની સુબેદારી અને સાત હજારી મનસબદારીની મોટી અફસરીને જરા પણ વિચાર કર્યા વગર ઠુકરાવી દીધી. (સિરાજે મુનીર : પાન-૯૬)

આમ, બંદગીમિયાં સાહેબ ૧૫/૧૬ વરસની વયના થયા, પરંતુ નોકરી-ચાકરી, કારોબાર-રોજગારમાં આપનું ચિત્ત ચોંટતું નહીં અને અલ્લાહની યાદમાં દિવસો પસાર કરવા લાગ્યા. જો કોઈ આપને નોકરી-ચાકરી કરવા માટે સમજાવતા, તો આપ સખત નારાજ થતાં અને એક ખૂણામાં બેસી જઈ અલ્લાહની યાદમાં લાગી જતા. આ જોઈ મુબારિઝુલ મુલ્કે હઝરત મલેક બખ્ખન ઉર્ફે મલેક બરખુરદાર સાહેબને કહ્યું કે : “ભાઈ સૈયદ ખુન્દમીરને લઈ જઈ કોઈ કામિલ પીરના મુરીદ બનાવો. મુમકીન છે કે મુરીદ થયા પછી પીરના ફરમાનને માથે ચઢાવી તેઓ સરકારી હોદ્દો કબૂલ કરે.” (સિરાજે મુનીર : પાન-૯૪)

મુબારિઝલ મુલ્કના ઈરાદા અનુસાર મલેક બખ્ખન સાહેબ સૌ પ્રથમ હઝરત

બંદગીમિયાં સાહેબને અમદાવાદ પાસેના સરખેજ મુકામે હઝરત શૈખ અહમદ ખટ્ટુ (રહ.)ની મઝાર ઉપર લઈ ગયા. ત્યાંના તે વખતના તરીકા અનુસાર મુતવલ્લીએ હઝરત બંદગીમિયાં સાહેબનો હાથ પકડી હઝરત શૈખ અહમદ ખટ્ટુ (રહ.)ના મઝાર ઉપર રાખી બંદગીમિયાં સાહેબને કહ્યું કે : "તમારા પીર હઝરત શૈખ અહમદ ખટ્ટુ છે." અને પીરી મુરીદીનો સીલસીલો લખવાનું શરૂ કર્યું. આ તરીકો જોઈ આપ તરત જ ત્યાંથી ઉભા થઈ ગયા અને ફરમાવ્યું કે : "કબરના મુરીદ થવાથી શો ફાયદો ? પીર તો હયાત હોવા જોઈએ કે જેથી મુરીદને તાલીમ-તબિયત કરે, તેને સીધા માર્ગ ઉપર લાવે અને તેની દરેક મુશ્કિલને આસાન-સરળ કરે." (સિરાજે મુનીર : પાન-૯૪)

ઉપરોકત બનાવના કેટલાક અરસા પછી મલેક બખ્ખન સાહેબ હઝરત બંદગીમિયાં સાહેબને પાટણ શહેરના એક બુઝુર્ગ ખાનદાનના અને તકવા તથા પરેહઝગારીમાં અજોડ એવા-હઝરત શૈખ મૌદુદ ચિશ્તી સાહેબના મુરીદ કરાવવા માટે લઈ ગયા. હઝરત શૈખ મૌદુદ ચિશ્તી સાહેબે બન્ને મામા-ભાણેજની બહુ જ આગતા સ્વાગતા કરી અને હઝરત બંદગીમિયાં સાહેબને મુરીદ ન કરતાં કહ્યું કે : "આજની રાત રોકાઈ જાવ. કાલે જુમ્આનો દિવસ છે. એટલે કે મુબારિઝલ મુલ્ક શિકારેથી શહેરમાં આવશે તે વખતે તેમને પૂછીને હું ભાઈ સૈયદ ખુન્દમીરને મુરીદ કરીશ, કારણ કે બાળીવાલ ખાનદાનનો પીરી-મુરીદીનો સંબંધ હઝરત શૈખ અહમદ ખટ્ટુ (રહ.)થી છે." (સિરાજે મુનીર : પાન-૯૪)

હઝરત બંદગીમિયાં સાહેબને શૈખ મૌદુદ ચિશ્તી સાહેબની આ વાતથી બહુ જ લાગી આવ્યું. આપ ત્યાંથી તરત જ ઉભા થઈ ગયા અને ઘરની સીધી વાટ પકડી. માર્ગમાં આપના મામા હઝરત બંદગી મલેક બખ્ખન સાહેબને આપે ફરમાવ્યું કે : "જે માણસ નાના જાનની રજા લઈ આ દુનિયામાં મુરીદ કરવાનું કહે છે, તે શું કયામતના દિવસે પણ નાના જાનને પૂછીને મારી શિફાઅત કરાવશે ? મામુજાન...! પીર તો એવા હોવા જોઈએ કે જો તેમના મુરીદને ફરિશ્તાઓ દોઝખ તરફ લઈ જતા હોય તો

ફરિશ્તાઓના કબજામાંથી પણ પીર પોતાના મુરીદનો હાથ પકડીને છોડાવી લે. મામુજાન...! આપ મને આવા દુનિયાદાર પીર પાસે શા માટે લાવ્યા ?" (સિરાજે મુનીર : પાન-૯૪)

આમ કહી, મુરીદ થવા માટે આપ આપની સાથે જે કાંઈ-મીઠાઈ, મેવા, ફૂલ, પાન તથા રોકડ રકમ વિગેરે લાવ્યા હતા, તે તમામ રસ્તામાં ગરીબ-ગુરબાઓને આપી દીધું. (સિરાજે મુનીર : પાન-૯૫)

ફરી પાછા, કેટલાક દિવસોના ગાળા પછી બંદગી મલેક બખ્ખન સાહેબ આપને હઝરત શૈખ માહ શૈખુલ ઈસ્લામ-કે જેઓ ગુજરાતના સુલ્તાન અને અમીર ઉમરાવોના પીર હતા, તેમની પાસે મુરીદ કરાવવા માટે લઈ ગયાં. હઝરત શૈખુલ ઈસ્લામે આપને જોતાં વેંત જ કહ્યું કે : "સૈયદ ખુન્દમીર-બહુ જ સુડોળ અને સશકત શરીર ધરાવતા એક સુંદર જવાન છે તથા સદગુણોથી ભરપૂર છે. હું સુલ્તાનને ભલામણ કરી તેમના લાયક સારી એવી પદવી અને હોદ્દો અપાવીશ." (સિરાજે મુનીર : પાન-૯૫)

શૈખુલ ઈસ્લામની ઉપરોકત વાત સાંભળી આપ બહુ જ નારાજ થયા અને શૈખુલ ઈસ્લામના ત્યાંથી સીધા પોતાના ઘર તરફ સિધાવ્યા. માર્ગમાં બંદગી મલેક બખ્ખન સાહેબને આપે ફરમાવ્યું કે : "હું તો અલ્લાહના અને ફક્ત અલ્લાહના દીદારની તમન્ના લઈ શૈખની પાસે ગયો હતો. જ્યારે આ ભલા માણસે તો આવી કોઈ જ વાત ન કરતાં ફક્ત દુનિયાની જ વાત છેડી અને મને દુન્યવી દૌલત તથા માન-મરતબા અને મનસબની લાલચ આપી, મને દુનિયાના દલદલમાં ફસાવવાનો પ્રયાસ કર્યો. આવા દુનિયાદાર પીરના હાથમાં મારો હાથ આપવાથી શો ફાયદો ?" (સિરાજે મુનીર : પાન-૯૫)

આમ, બંદગીમિયાં સાહેબને નોકરીમાં રાખવાના, મુરીદ બનાવવાના તથા દુનિયામાં રસ લેતા કરવાના તમામ પ્રયાસો નાના મુબારિઝુલ મુલ્ક તથા મામા મલેક બખ્ખન સાહેબે અજમાવી જોયા, પણ ઉપર વિગતથી જણાવ્યા પ્રમાણે બંદગીમિયાં

સાહેબે ન તો કોઈની નોકરી સ્વીકારી કે ન તો કોઈના મુરીદ થયા અને પોતાની આગવી સૂઝ-બૂઝ મુજબ અલ્લાહની યાદ અને બંદગીમાં રચ્યા-પચ્યા રહેવા લાગ્યા. છેવટે નાના મુબારિઝુલ મુલ્ક તથા મામા મલેક બખ્ખન સાહેબ અને બીજા સગા સંબંધીઓએ પણ આપને આપના હાલ ઉપર છોડી દીધા.

## (૪) પાટણમાં હઝરત મહેદી (અ.સ.) થી મુલાકાત

આગળ આપણે જોઈ ગયા, તે પ્રમાણે-હઝરત બંદગીમિયાં સાહેબ કોઈ કામિલ પીરની તલાશમાં નાકામ રહ્યા, છતાં પણ આપ એ જ ધુનમાં હતા. દિવસો પર દિવસો, મહીનાઓ પર મહિનાઓ અને વરસો પર વરસો વીતવા માંડયા. આખરે એ શુભ અને મુબારક ઘડી આવી પહોંચી કે હઝરત સૈયદ મોહમ્મદ મહેદી-એ-મૌઊદ (અ.સ.) અલ્લાહના દીનની દા'વતના કાજે પોતાનું વતન જૌનપુર છોડી ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, દક્ષિણ ભારત અને ત્યાંથી સમંદરી સફર દ્વારા મક્કા શરીફની હજ કરી, ભારતના દીવ બંદરે ઉતર્યા અને ત્યાંથી ખંભાત, અમદાવાદ અને સાંતેજ થઈ, હિજરી સન-૯૦૩ એટલે કે ઈસ્વી સન-૧૪૯૭ માં એક જુમ્આના દિવસે પાટણ પધાર્યા. અને ત્યાં ખાન સરોવર તળાવ ઉપર આવેલ કાઝી કાદન સાહેબની ખાનકાહમાં અને પોતાનો પડાવ નાખ્યો.

એ જ દિવસે જુમ્આની નમાઝ અદા કર્યા પછી મલેક બખ્ખન સાહેબને પોતાના રોજના કાર્યક્રમ મુજબ પોતાની બીબીની કબર ઉપર ફાતેહા માટે કાઝી કાદનના કબ્રસ્તાનમાં જવાનું થયું. ત્યાં તેમણે જોયું કે અલ્લાહવાળાઓના એક કાફલાએ ત્યાં પડાવ નાંખેલ છે. આ અલ્લાહવાળાઓના કાફલાનો તૌર તરીકો તથા રહેણી-કરણી જોઈ, મલેક બખ્ખન સાહેબ બહુ જ પ્રભાવિત થયા. વધુમાં પાટણના તે વખતના મશહુર વલી-હઝરત શાહ રૂકનુદ્દીન મજઝુબ (રઝી.)ના ખાદિમોને જોયા, કે જેઓ હઝરત શાહ સાહેબ તરફથી હઝરત મહેદી (અ.સ.) અને તેમના સાથીઓને દા'વત ખવડાવીને આવી રહ્યા હતા. મલેક બખ્ખન સાહેબ આ જોઈ મનોમન વિચારવા લાગ્યા કે પાટણ પધારેલા આ બુઝુર્ગ જરૂર કોઈ મહાન દરવેશ

છે, કે જેમનાથી આકર્ષાઈને શાહ સાહેબ જેવા અલ્લાહના મહાન વલીએ તેમની દા'વત કરી છે. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૨)

હઝરત બંદગી મલેક બખ્ખન સાહેબ પોતે એક પીરે કામિલની તલાશમાં હતા અને તેથી અલ્લાહવાળાઓના આ કાફલાના અમીર હઝરત મીરાં સૈયદ મોહમ્મદ જૌનપુરી મહેદી-એ-મૌઊદ (અ.સ.)ની કદમબોશી માટે ખુદ બ-ખુદ આપ હઝરતના રહેઠાણ તરફ ખેંચાયા.

હઝરત મહેદી (અ.સ.)એ મલેક બખ્ખન સાહેબને જોતાં વેંત જ ફરમાવ્યું કે : "પધારોજી, ભાઈ મલેક બરખુરદાર...!" (સિરાજે મુનીર : પાન-૧૪)

ઉપર જણાવ્યા પ્રમાણે મલેક બખ્ખન સાહેબ હઝરત મહેદી (અ.સ.) તરફ પ્રથમથી જ આકર્ષાયેલા તો હતા જ-અને તેમાં વળી તેમને તેમના ઘરવાળાઓ સિવાય બીજા અજાણ હતા, તેવા "મલેક બરખુરદાર" ના નામથી હઝરતે બોલાવતાં આપને હવે પૂરી ખાત્રી થઈ કે આ હઝરત અલ્લાહના કામિલ વલી છે. અને તેથી દિલી અકીદત સાથે મલેક બખ્ખન સાહેબે હઝરતની કદમબોશી કરી અને હઝરતની બે-ચાર વાતો સાંભળીને ત્યાંને ત્યાં જ હઝરતથી બૈઅત કરી હઝરતના મુરીદ થઈ ગયા. આમ,પાટણમાં હઝરત મહેદી (અ.સ.)ના પ્રથમ મુરીદ બનવાનું માન મલેક બખ્ખન સાહેબના ફાળે જાય છે. (સિરાજે મુનીર : પાન-૧૫,૧૬)

હઝરત મહેદી (અ.સ.) સાથેની મુલાકાત પછી મલેક બખ્ખન સાહેબે મનોમન વિચાર્યું કે-જે કામિલ પીરની તલાશમાં ભાઈ સૈયદ ખુન્દમીર છે, તેઓ આજ છે. અને હઝરત બંદગીમિયાં સાહેબનું નામ જાહેર કર્યા વગર મલેક બખ્ખન સાહેબે હઝરત મહેદી (અ.સ.) પાસેથી ઉઠતી વખતે મોઘમ શબ્દોમાં અરજ કરી કે : "હું એક એવા ઈસમને આપની ખિદમતમાં લાવવા માટે રજા માંગુ છું કે જે એક લાંબા સમયથી આપ જેવા કામિલ પીરની તલાશમાં છે." (સિરાજે મુનીર : પાન-૧૬)

મલેક બખ્ખન સાહેબની ઉપરોકત વાત સાંભળી હઝરત મહેદી (અ.સ.)એ તરત જ ફરમાવ્યું કે : "આરે, મલેક બરખુરદાર... આરે...! ખુદાએ તઆલા બંદા

રા બરાયે ઈશાન ઈ જા આવુરદાહ અસ્ત” અર્થાત : “લઈ આવો, મલેક બરખુરદાર...લઈ આવો...! ખુદા તઆલા બંદાને આ જગાએ એમના માટે જ લાવ્યો છે.” (સિરાજે મુનીર : પાન-૧૯)

પાલનપુરના મહાન કૌમી શાયર મર્હુમ ભાઈ મોટામિયાં અલ્લીમિયાં સૈયદ “ફરોગ” પાલનપુરી આજ પ્રસંગને પોતાની આગવી શૈલીમાં કાવ્યમાં આ રીતે ઢાળે છે...

“કિસ્મતે ગુજરાત મેં દીદાર મહેદી કા કહાં ?
વોહ તો યું કહીયે, યહાં તક ખીંચ લાએ ખુન્દમીર”

હઝરત બંદગીમિયાં સાહેબને લઈ આવવા બાબતના ફરમાનને સાંભળતાં જ મલેક બખ્ખન સાહેબ ત્યાંથી સીધા જ બંદગીમિયાં સાહેબના ઘરે આવ્યા અને પાટણમાં એક કામિલ પીરની પધરામણીની ખુશ ખબરી બંદગીમિયાં સાહેબને સંભળાવી કહ્યું કે : “ભાઈ ખુન્દમીર...! જેની તમને વરસોથી તલાશ હતી-તેવા કામિલ પીર, સામે ચાલીને અહીં પાટણમાં પધાર્યા છે. આ પીરની પાસે કુંદન અને કથીર-બધું બરાબર છે. આ પીર દુનિયા અને તેની મોહમાયાથી બિલકુલ પરે છે. તેમના સાથીઓ અને સહાબાઓ પણ પૈગંબરી સહાબાઓના નમૂના રૂપ છે. તેઓ રાત-દીન ખુદાની યાદ અને બંદગીમાં રચ્યા-પચ્યા રહે છે. એમની તારીફ માટે મારી પાસે શબ્દો નથી. એમના માટે જેટલું કહીએ તેટલું થોડું છે. જ્યારે એમના સાથીઓ-સહાબાઓની આ હાલત છે, તો પછી તેમના પીર હઝરત સૈયદ મોહમ્મદ જૌનપુરી માટે તો તમે પોતે જ વિચાર કરો કે કેવા હશે? પણ એક જ વાત છે કે તેઓ પરદેશી છે.”

મલેક બખ્ખન સાહેબની ઉપરોકત વાત સાંભળી હઝરત બંદગીમિયાં સાહેબે ફરમાવ્યું કે : “ખુદા અને તેના બંદાઓ માટે દેશ અને પરદેશ બધું એક જ છે.” (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૪)

એમ કહી દેશ કે પરદેશનો જરા પણ વિચાર કર્યા વગર હઝરત બંદગીમિયાં

સાહેબ ખુદ બ-ખુદ પોતાની જગ્યા ઉપરથી ઉભા થઈ ગયા અને એક જ્યોતના ઉપર પતંગીયું ખેંચાઈને જાય, તે પ્રમાણે-જે ગાડીમાં મલેક બખ્ખન સાહેબ આવ્યા હતા, તે જ ગાડીમાં બે અશરફીઓ નજર કરવા માટે સાથે લઈ સવાર થઈ ગયા અને મલેક બખ્ખન સાહેબની સાથે બરાબર અસરની નમાઝના સમયે હઝરત મહેદી (અ.સ.)ના રહેઠાણે પહોંચ્યા. માર્ગમાં બંદગીમિયાં સાહેબે મલેક બખ્ખન સાહેબને કહ્યું કે : "હઝરતના આગળ મારૂ નામ જાહેર ન કરતા. કારણ કે તેઓ ખરેખર કામિલ પીર હશે, તો મારૂ નામ અને હસબ-નસબ આપણા બતાવ્યા વગર કહી દેશે અને મારૂ નામ લઈ, મને બોલાવશે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૪)

અને થયું પણ તેમ જ. બન્ને મામા-ભાણેજ હઝરત મહેદી (અ.સ.)ના રહેઠાણ ઉપર અસરની નમાઝ વખતે પહોંચ્યા. તે વખતે હઝરત મહેદી (અ.સ.) પોતાની રાવટીમાં બિરાજેલા હતા. બંદગીમિયાં સાહેબના ત્યાં પહોંચતા જ અલ્લાહના હુકમથી હઝરત મહેદી (અ.સ.) બંદગીમિયાં સાહેબના સ્વાગત માટે બહાર પધાર્યા અને બંદગીમિયાં સાહેબની ઉપર આપની નઝર પડતાં જ મોહબ્બતથી ભરપૂર મીઠી વાણીમાં આપ એકદમ પોકારી ઉઠયા કે : "બસાઈદ બિરાદરમ સૈયદ ખુન્દમીર" અર્થાત : "પધારોજી, મારા ભાઈ સૈયદ ખુન્દમીર...!" (સિરાજે મુનીર : પાન-૧૭)

આમ, હઝરત બંદગીમિયાં સાહેબના કહેવા પ્રમાણે હઝરત મહેદી (અ.સ.) આપનું નામ બિલકુલ જાણતા ન હતાં. છતાં, હઝરતે આપને આપના નામથી બોલાવ્યા અને તેથી બંદગીમિયાં સાહેબને પૂરી ખાત્રી થઈ ગઈ કે હઝરત, અલ્લાહના એક મહાન વલી અને કામિલ પીર છે, તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

ઉપરોકત વાતચીત પ્રસંગે હાજર રહેલા લોકોમાંથી કોઈકે કહ્યું કે : "મીરાંજી...! એમનું નામ તો મિયાં ખુન્દમીર છે." હઝરત મહેદી (અ.સ.)એ જવાબમાં ફરમાવ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર-અમારા હમજદ (એક જ વંશના) છે અને અમારા સિદ્દીક છે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૩૨)

અત્રે એ હકીકત અમો વાંચકોના ધ્યાન ઉપર લાવવા માંગીએ છીએ કે : હઝરત મહેદી (અ.સ.)એ સામાન્ય રીતે પોતાના સાથીઓ અને સહાબાઓને તેમના નામની આગળ "ભાઈ" શબ્દનો ઉપયોગ કરી ઉદ્દેશ્યા છે. દા.ત. : "ભાઈ નેઅ્મત", "ભાઈ નિઝામ", "ભાઈ દિલાવર", "ભાઈ અબ્દુલ મજીદ", પરંતુ "સૈયદેન" એટલે કે હઝરત બંદગી મીરાં સૈયદ મહેમૂદ (રઝી.) અને હઝરત બંદગીમિયાં (રઝી.) સિવાય આપે કોઈને "મારા ભાઈ" કહી સંબોધ્યા નથી. હઝરત મહેદી (અ.સ.)એ આ બન્ને સૈયદેનને "મારા ભાઈ" કહીને સંબોધ્યા છે. આના ઉપરથી સૈયદેન સાથેનો આપનો આંતરિક અને આધ્યાત્મિક સંબંધ કેટલો ગાઢ હતો, તેની પ્રતિતી થાય છે.

અહીં બીજી એક નોંધપાત્ર વાત એ પણ છે કે ખાતેમુન્ નબી હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.)એ પોતાના ગાઢ સાથી અને સહાબી હઝરત અબુબક્કર સિદ્દીક (રઝી.)ને જે રીતે "અખીય્યુ" એટલે કે "મારા ભાઈ" કહી બોલાવ્યા છે. એ જ રીતે ખાતેમુલ વિલાયત હઝરત સૈયદ મોહમ્મદ મહેદી-એ-મૌઊદ (અ.સ.)એ પણ પોતાના ગાઢ સાથી અને સહાબી હઝરત બંદગીમિયાં ખુન્દમીર (રઝી.)ને "મારા ભાઈ" કહી બોલાવ્યા છે. એટલું જ નહીં આપને "અબુબક્કરે સાની" એટલે કે, બીજા અબુબક્કર તરીકે ઓળખાવ્યા છે. અને ઉપર જણાવ્યા પ્રમાણે આપને "સિદ્દીકે મા" એટલે કે "અમારા સિદ્દીક" તરીકે ઓળખાવ્યા છે. જેના કારણે જે મરતબો નબુવ્વતમાં હઝરત અબુબક્કર સિદ્દીક (રઝી.)નો છે, તે જ દરજજો વિલાયતમાં હઝરત બંદગીમિયાં સાહેબનો છે. અને તેથી જ પૂરી મહેદવીયા કૌમમાં હઝરત બંદગીમિયાં સાહેબને "સિદ્દીકે વિલાયત" ના પ્યારા અને માનભર્યા લકબથી ઓળખવામાં આવે છે.

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ હઝરત મહેદી (અ.સ.)ના દિદાર કરતાં જ અને હઝરત મહેદી (અ.સ.)ની આપના ઉપર નઝર મુબારક પડતાં જ હકની તજલ્લીથી આપ બેહોશ થઈ પડી ગયા. હઝરત મહેદી (અ.સ.) તરત જ હઝરત

સિદ્દીકે વિલાયત પાસે દોડી આવ્યા અને તેમની પીઠ ઉપર હાથ ફેરવી આપે ફરમાવ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર...! હોશિયાર બાશીદ, શુમા સિદ્દીક હસ્તીદ, ઈ રવીશે બેહોશી અઝ ખાનદાને મા નીસ્ત" અર્થાત : "ભાઈ સૈયદ ખુન્દમીર...! હોશમાં આવો, તમો સિદ્દીક છો. બેહોશીની આ રીત આપણા ખાનદાનની નથી." (સિરાજે મુનીર : પાન-૨૧)

આમ, ફરમાવી હઝરત મહેદી (અ.સ.)એ હઝરત સિદ્દીકે વિલાયતનું માથું પોતાના ખોળામાં લઈ પોતાનો પસખુરદો આપના મોઢામાં નાખ્યો અને આપની બેહોશી દૂર કરી તથા હાથ પકડી નમાઝીઓની સફમાં આપને ઉભા કરી દીધા. હઝરત મહેદી (અ.સ.)ના પસખુરદાએ આપનામાં એક ખાસ કૈફિયત પૈદા કરી અને એ જ હાલતમાં આપે પૂરા હોશ વ હવાશમાં અસર, મગરીબ અને ઈશાની નમાઝો અદા કરી.

ઉપરોકત બનાવ પછી હઝરત મહેદી (અ.સ.)એ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને ફરમાવ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર...! તમોએ જે કાંઈ જોયું હોય, તે ઝાહેર કરો." હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ અરજ કરી કે : "બંદાની પહેલી જ નજર જ્યારે હઝરત મહેદી (અ.સ.) ઉપર પડી, ત્યારે હઝરતને ન જોતાં-સીધા જ ખુદાના દીદાર કર્યા." જવાબમાં હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "જે ખુદા હોય તે જ ખુદાને જુએ." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૩૨) વધુમાં હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "તા આઁકે ગોશ્ત વ પોસ્ત વ ઉસ્ત ખવાન, વ મૌય-મૌય ખુદા ન શવદ ખુદારા ન બીનદ" અર્થાત : "જયાં સુધી માંસ, ચામડી, હાડકાં અને વાળ-વાળ ખુદા ન બની જાય, ત્યાં સુધી ખુદાને જોઈ ન શકાય." (દફ્તરે અવ્વલ)

હઝરત મહેદી (અ.સ.)નો તરીકો હતો કે અસર અને મગરિબની વચ્ચે આપ દરરોજ કલામે પાકનું બયાન ફરમાવતા. પાટણ શહેરના અને આજુબાજુના ગામોના હજારો લોકો દરરોજ આપનું બયાન સાંભળવા માટે આવતા હતા. આ

બધાને ઈશાની નમાઝના સલામ પછી રવાના કરી દેવામાં આવતા. રોજના કાર્યક્રમ મુજબ જ્યારે લોકોની મેદની સલામ માટે ઉભી થઈ, ત્યારે હઝરત મહેદી (અ.સ.)એ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પાસે બોલાવી ફરમાવ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર...! આંચે શુમારા મુઆમલા શુદાહ અસ્ત બગોઈદ" અર્થાત : "ભાઈ સૈયદ ખુન્દમીર...! તમોએ જે કાંઈ જોયું હોય, તે ઝાહેર કરો."

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ કહ્યું કે : "મીરાંજી...! આપને બધું જ ઝાહેર છે. બંદો શું કહે ?"

હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "તે ખરૂં, પણ તમો તમારી ઝબાનથી ઝાહેર કરો, કે જેથી બધા ભાઈઓ સાંભળે."

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ હઝરત મહેદી (અ.સ.)ના હુકમને માથે ચઢાવી કહ્યું કે : "અસરની નમાઝ માટે બંદો ઉભો થયો, તે વખતે અલ્લાહ તરફથી ફરમાન થયું... "હે સૈયદ ખુન્દમીર...! અમારો તમારા ઉપર અગણિત અહેસાન છે. આ એહસાનના બદલામાં તમો અમારા માટે શો તોહફો લાવ્યા છો ?"

બંદાએ જવાબમાં બહુ જ નરમાશ અને આજીજીથી અરજ કરી કે : "ખુદાવંદા...! બંદાને ન તો કોઈ આલ છે કે ન ઔલાદ, બંદો તારી હુઝુરમાં શું નઝર કરી શકે ? પરંતુ કહેવત મશહુર છે કે માથાથી વધીને દુનિયામાં કોઈ વસ્તુ નથી, તો બંદાનું માથું તારી દરગાહમાં નઝર કરવા માટે હાજર છે."

અલ્લાહ તઆલાનું ફરમાન થયું કે, "હે સૈયદ ખુન્દમીર...! અમારે હદિયામાં તમારું માથું જ જોઈએ છે."

બંદાએ અરજ કરી કે, "મારું એક માથું તો શું, પણ સો માથા હોય તો તે સર્વેને તારા નામ ઉપર, તારા દીનના માર્ગમાં કુરબાન કરી દઉં." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૯)

"બંદા અને ખુદા તઆલાની વચ્ચેની આ વાતચીત પૂરી થતાં જ જોઉં છું કે ચાલુ નમાઝની હાલતમાં કુદરતી રીતે મારું માથું એકા-એક ધડથી જુદું થઈ ગયું અને

બંદાએ એ જ હાલતમાં અસર, મગરિબ અને ઈશાની નમાઝ અદા કરી અને તે પછી એકા-એક બંદાનું માથું ફરીથી ધડ ઉપર જેમ હતું તેમ આવી ગયું."

તે પછી બંદાએ અરજ કરી કે "ખુદાયા...! શું મારો આ નાચીઝ તોહફો તારી દરગાહમાં કબુલ ન થયો ?" (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૬)

ખુદાના તરફથી જવાબમાં ફરમાન થયું કે, "હે સૈયદ ખુન્દમીર...! આ માથું અમારા તરફથી તમોને એક અમાનત તરીકે પાછું મળ્યું છે. અમો જ્યારે પણ તલબ કરીએ ત્યારે આ માથું અમારી હુઝુરમાં નઝર કરવાનું છે."

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ઝબાન મુબારકથી આ તમામ બયાન સાંભળી હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર...! તમો પુરી તૈયારી સાથે અમારી સમક્ષ આવ્યા હતા. દીપક, દીવેટ અને તેલ-બધું જ સાથે લઈને આવ્યા હતા. ફક્ત રોશન (પ્રકાશિત) કરવાનું બાકી હતું અને તે અમોએ વિલાયતે મોહમ્મદીના દીપકથી રોશન કરેલ છે." (સિરાજે મુનીર : પાન-૨૫)

આમ, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) હઝરત મહેદી (અ.સ.)ના બાતિની ફૈઝથી રૂહાનિયતના રંગમાં પૂરેપૂરા રંગાઈ ગયા. અને તેમાં તેઓ સંપૂર્ણપણે ઓતપ્રોત થઈ ગયા. આ રીતે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) હઝરત મહેદી (અ.સ.) દ્વારા રૂહાનિયતના સમંદરમાં એક તરફ ગરકાવ થઈ જતા હતા, તો બીજી તરફ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના નાના મુબારિઝુલ મુલ્કને આપની સતત ચિંતા રહ્યા કરતી હતી. અને તેમને સતત ડર રહ્યા કરતો હતો કે જ્યારે પણ હઝરત મહેદી (અ.સ.) પાટણથી આગળ જવા કૂચ કરશે, ત્યારે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) તેમની સાથે ચાલી નિકળશે અને પોતાના લાડકા નવાસાને ખોવા પડશે, જેના કારણે મુબારિઝુલ મુલ્ક આપને પોતાની હવેલીના મેડા ઉપર નઝરબંધ કરી દીધા.

## (૫) વડલી મુકામે આખરી દા'વા વખતે
## હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની હાજરી

પુરા દોઢ વરસ સુધી પાટણમાં રહ્યા પછી અલ્લાહના હુકમથી હઝરત મહેદી (અ.સ.)એ પાટણથી કૂચ કરી અને પાટણની પાસેના વડલી ગામે મુકામ કર્યો. હિજરી સન-૯૦૫ એટલે કે ઈસ્વી સન-૧૪૯૯ માં વડલી પહોંચ્યા પછી પંદરમાં દિવસે-જ્યારે અલ્લાહના હુકમને માથે ચઢાવી હઝરત મહેદી (અ.સ.) મહેદી-એ-મૌઊદ હોવાનો આખરી દાવો કરવાની તૈયારી કરી રહ્યા હતા, બરાબર તે જ સમયે મુબારિઝુલ મુલ્ક ની નઝરબંધીમાં પડેલા-હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) મુબારિઝુલ મુલ્કની મેડી ઉપરથી રસ્સી દ્વારા ઉતરી, બંદીની હાલતમાંથી મુકિત મેળવી, દોડતા-દોડતા દા’વાના સ્થળે આવી પહોંચ્યા. મહેદવિય્યતના આખરી દા’વાના સમયે હાજર રહેલા-હઝરત મહેદી (અ.સ.)ના ખાસ-ખાસ સાથીઓ અને હજારો સભાજનો, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને દૂરથી આવતા જોઈ, એકદમ પોકારી ઉઠયા કે : “લો, આ શુભ ઘડી ઉપર બરાબર યોગ્ય સમયે ભાઈ સૈયદ ખુન્દમીર પણ સામેથી આવી રહ્યા છે.”

આ શુભ સમાચાર સાંભળતાં જ હઝરત મહેદી (અ.સ.) સામે ચાલીને સ્વાગત માટે આગળ પધાર્યા અને મોહબ્બતથી ભરપૂર શબ્દોમાં આપે ફરમાવ્યું કે : “પધારોજી, ભાઈ સૈયદ ખુન્દમીર...! આપ ભલે પધાર્યા. સારૂ થયું કે આ શુભ ઘડીએ આપ આવી પહોંચ્યા.” અને તે જ વખતે હઝરત મહેદી (અ.સ.)એ આપને બાથમાં ભીડી, આપને “સુલ્તાનુન્ નસીરા” ની બશારતથી નવાજયા. (સિરાજે મુનીર : પાન-૩૦,૩૧)

ટૂંકમાં, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં પહોંચ્યા કે તરત જ હઝરત મહેદી (અ.સ.)એ મજલિસમાં ઉભા થઈ, અલ્લાહના હુકમથી સચોટ અને સ્પષ્ટ શબ્દોમાં ઝાહેર કર્યું કે : “આપ બધા જોઈ રહ્યા છો કે અમો સંપૂર્ણ સ્વસ્થ છીએ, તંદુરસ્ત છીએ, બીમાર નથી. હોશિયાર અને ભાનમાં છીએ, નિંદ્રામાં કે નશામાં નથી. આકિલ છીએ, મજનુન નથી. ગની છીએ, મુફલિસ નથી. સ્વાથ્ય અને સ્વભાવની હાલતમાં ભલા-બુરાની જાણકારી સાથે

અલ્લાહના હુકમથી અમો ઝાહેર કરીએ છીએ કે આ બંદો મહેદી-એ-મૌઊદ છે. ખુદાનો ખલીફા છે અને હઝરત રસૂલે મકબૂલ (સ.અ.વ.)નો અનુયાયી છે, તેમના પગલે-પગલે ચાલનારો છે. બંદો પોતાની આ વાતના સમર્થનમાં બે ગવાહો રજૂ કરે છે-એક તો અલ્લાહની કિતાબ અને બીજી રસૂલે મકબુલ (સ.અ.વ.)ની અનુસરણી. અલ્લાહના હુકમથી બંદો ઝાહેર કરે છે કે આ બંદાની આ દા'વતની તસ્દીક ફરઝ છે. આ બંદાનો ઈન્કાર કુફ્ર છે. જેણે બંદાની મહેદવિય્યતને કબૂલ કરી, તે મોમિન છે. અને જેણે ઈન્કાર કર્યો, તે કાફર છે."

હઝરત મહેદી (અ.સ.)ની ઝબાન મુબારકથી ઉપરોકત દા'વાને સાંભળતાં જ સૌ પ્રથમ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) અને તેમની સાથે જ અગાઉથી ત્યાં હાજર રહેલા ત્રણસો સાઠ (૩૬૦) મુહાજરો તથા હજારો સભાજનો "આમન્ના વ સદકના" પોકારી ઉઠયા અને આપની મહેદવિય્યતની તસ્દીક કરી. (સિરાજે મુનીર : પાન-૩૨)

આ બાજુ, મુબારિઝુલ મુલ્કને પોતાના લાડકા નવાસા હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની જુદાઈનો ડર સતાવતો રહેતો હતો. હઝરત મહેદી (અ.સ.) તરફની હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની અકીદત અને મોહબ્બત જોઈ મુબારિઝુલ મુલ્કને એ ડર રહેતો હતો કે વડલીથી જ્યારે પણ હઝરત મહેદી (અ.સ.) આગળ જવા રવાના થશે, ત્યારે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) તેમની સાથે થઈ જશે. અને તેથી હઝરત મહેદી (અ.સ.)થી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને દૂર રાખવાના આશયથી મુબારિઝુલ મુલ્ક એક લડાઈમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પણ પોતાની સાથે લઈ ગયા. આમ, વડલીથી હઝરત મહેદી (અ.સ.)ની રવાનગી વખતે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) આપનાથી દૂર હતા. પરંતુ જ્યોતથી પરવાનો દૂર રહે, તે કદાપી પણ બની શકે નહીં. અને તેથી લડાઈની જગાએથી ઘોડાની નાળ બનાવવાના કામનું કારણ બતાવી-હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) મુબારિઝુલ મુલ્કની પાસેથી સરકી ગયા અને ત્યાંથી સીધા નીકળીને હઝરત

મહેદી (અ.સ.)નો મુકામ હતો, તે જગાએ જાલોર પહોંચી ગયા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૮,૧૯)

જાલોરથી નાગોર અને નાગોરથી સિંધના રસ્તે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) હઝરત મહેદી (અ.સ.)થી વિખૂટા પડી ગયા. આગળ વધવાનો કોઈ જ માર્ગ દેખાતો ન હતો. ત્રણ-ત્રણ દિવસની ભૂખ અને તરસ વેઠ્યા પછી એક વલીની મારફતે આપને ગૈબી રીતે ખોરાક અને પાણી પહોંચાડવામાં આવ્યું. તે પછી આપ આગળ વધ્યા, તો જે માર્ગ ઉપરથી આપ પસાર થતા હતા તે માર્ગ ઉપરથી "હાઝા મહેદી"ની અવાજ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને સંભળાવા માંડી. આ અવાજને સહારે-સહારે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) આગળ વધ્યા, તો જે ઠેકાણે હઝરત મહેદી (અ.સ.)ના કાફલાએ મુકામ કર્યો હતો, તે જગાએ આપ આરામથી પહોંચી ગયા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૦)

## (૬) "કાતલૂ વ કુતિલૂ"ની બશારત

મહેદવીયા કોમની મશહૂર કિતાબ "શવાહિદુલ વિલાયત"માં લખ્યા પ્રમાણે નાગોર મુકામે અને બીજી એક કિતાબ "મતલઉલ વિલાયત"માં જણાવ્યા મુજબ સિંધના ઠઠ્ઠા શહેરમાં હઝરત મહેદી (અ.સ.)એ કુરાને પાકની સુર-એ-આલે ઈમરાનની એક આયત, "ફલ્ લઝીના હા-જરૂ, વ ઉખ્રિજૂ મિન દિ-યારિહિમ્ વ ઊઝૂ ફી સબી-લી, વ કાતલૂ વ કુતિલૂ" અર્થાત : "જે લોકોએ હીજરત કરી, અને જેઓને તેમના ઘરોમાંથી બહાર કરવામાં આવ્યા અને જેમને મારા માર્ગમાં તકલીફો આપવામાં આવી, અને જેઓએ કતલ કર્યા અને જેઓ શહીદ થયા નું બયાન ફરમાવ્યું." અને તેને વિગતથી સમજાવતાં આપે કહ્યું કે, "આ ચાર વાતોમાંથી પહેલી ત્રણનો બંદાની મારફતે અમલ થઈ ચુકયો છે. છેલ્લી અને ચોથી સિફત 'કાતલૂ વ કુતિલૂ' એટલે કે 'કતલ કર્યા અને શહીદ થયા' નો અમલ બાકી રહી ગયો છે. તે ઈન્શા અલ્લાહ, હવે અમલમાં આવશે."

ફરાહ મુકામે હઝરત મહેદી (અ.સ.)ના છેવટના દિવસોમાં અલ્લાહ પાક

તરફથી આપને ફરમાન થયું કે : "અય સૈયદ મોહમ્મદ...! તમો વિલાયતના ખાતિમ છો. તમારા ઉપર કોઈ ગાલિબ થઈ શકે નહીં. 'કાતલૂ વ કુતિલૂ'ની સિફત એક લાયક સૈયદની મારફતે અમલમાં આવશે." (દફ્તરે અવ્વલ)

ઉપરોક્ત વાત ઝાહેર થયા પછી-એક વખત હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને ખ્યાલ આવ્યો કે હઝરત મહેદી (અ.સ.)થી એ વાતની ખાત્રી કરી લેવી જોઈએ કે એ કઈ શખ્શિયત છે, કે જેની મારફતે "કાતલૂ વ કુતિલૂ" ની આ ચોથી સિફત અમલમાં આવશે! જો એ શખ્શિયતનું નામ ઝાહેર થઈ જાય તો હઝરત મહેદી (અ.સ.) જેવી જ તેમની પણ તાઅઝીમ કરવામાં આવે. અને તેથી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ "કાતલૂ વ કુતિલૂ" ની બશારતવાળી શખ્શિયતનું નામ જાણવાની ખાતર, હઝરત બંદગીમિયાં યુસુફ મુહાજીર (રઝી.)ને હઝરત મહેદી (અ.સ.)ની પાસે મોકલ્યા.

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ સોંપેલ કાર્ય માટે-જેવા હઝરત બંદગીમિયાં યુસુફ મુહાજીર (રઝી.) હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં પહોંચ્યા કે તરત જ હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "ભાઈ મિયાં યુસુફ...! શું, કંઈ પૂછવા માંગો છો ?"

કહ્યું : "હા, માલિક...! એ કઈ શખ્શિયત છે કે જેની મારફત "કાતલૂ વ કુતિલૂ" ની સિફત અમલમાં આવશે ?"

ફરમાવ્યું : "પહેલાં એ કહો કે કોણ પૂછે છે?"

કહ્યું : "મીરાંજી...! હું નથી પૂછતો, મિયાં સૈયદ ખુન્દમીર જાણવા માંગે છે."

ફરમાવ્યું : "ભાઈ સૈયદ ખુન્દમીર કયાં છે ?"

કહ્યું : "અહીં જ ઉભા છે."

આ સાંભળી હઝરત મહેદી (અ.સ.) આગળ પધાર્યા. અને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પોતાની પાસે બોલાવી તેમના ખભા ઉપર હાથ મૂકી ને આપે

ફરમાવ્યું : "ભાઈ સૈયદ ખુન્દમીર...! ધીરજ ધરો. 'કાતલૂ વ કુતિલૂ' તમારા દ્વારા જ અમલમાં આવશે અને તમો હામિલે બારે અમાનત છો." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૧)

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ કહ્યું કે : "આ એક ખૂબ જ મોટો બોજ છે અને તે માટે આપનો આ ખાદિમ બહુ જ કમજોર છે. ખાદિમ આવો મહાન બોજ કેવી રીતે ઉઠાવી શકશે ?"

હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર...! 'કાતલૂ વ કુતિલૂ' ની આ સિફત માટે અમોને બહુ જ ચિંતા હતી. ખુદા તઆલાનો અહેસાન માનો કે તેના હુકમથી આ સિફત તમારા દ્વારા પુરી થવાની છે. અમો કમજોરી વિગેરે કશું જ જાણતા નથી. આ કામમાં અલ્લાહ તઆલાનો હુક્મ છે અને તે પુરો થવાનો છે, એટલું જ અમો જાણીએ છીએ." વધુમાં આપે ફરમાવ્યું કે : "ભાઈ, સૈયદ ખુન્દમીર...! એ પણ જાણી લો કે ખુદા તઆલા આવુ મહાન અને જવાબદારીવાળું કાર્ય કોઈ કમજોર વ્યકિતને સોંપે જ નહીં. ખુદાએ આ મહાન જવાબદારી ઉઠાવવા માટે તમને અને ફક્ત તમને જ પસંદ કર્યા છે."

પોતાની ઉપરોકત વાતના સમર્થનમાં હઝરત મહેદી (અ.સ.)એ દાખલો આપતાં ફરમાવ્યું કે : "દુનિયાના બાદશાહો કોઈ મહત્વનું અને જવાબદારીવાળું કાર્ય કોઈ લાયક વ્યકિતને જ સોંપે છે. એ જ રીતે બાદશાહોનો બાદશાહ-હક તઆલા, જે જાણવાવાળો અને જોવાવાળો છે, તેણે આ મહાન જવાબદારીવાળા કાર્ય માટે તમને જ લાયક અને યોગ્ય ગણીને આ કામ તમને સોંપ્યું છે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૩૧)

વધુમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને ઉદ્દેશી હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "ભાઈ, સૈયદ ખુન્દમીર...! ખુદાનો શુક્ર અદા કરો અને ખુશી મનાવો કે જે મહાન અને જવાબદારીવાળા કાર્ય માટે નબીઓ અને વલીઓએ આરઝૂ કરી તે 'કાતલૂ વ કુતિલૂ'નો વિલાયતનો બોજ-અલ્લાહ તઆલાએ તમને અર્પણ (અતા)

કરેલ છે.” (શવાહિદુલ વિલાયત : પ્રકરણ-૨૭)

આમ ફરમાવી, હઝરત મહેદી (અ.સ.) પોતાની રાવટીમાં પધાર્યા અને સુલ્તાન મહેમૂદ બેગડાની બહેનો-રાજે સોન અને રાજે મુરાદીએ આપને મોકલેલી બન્ને તલવારો બહાર લાવી, પોતાના મુબારક હાથોથી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની કમર ઉપર બાંધી અને ફરમાવ્યું કે : “ભાઈ, સૈયદ ખુન્દમીર...! વિલાયતનો આ બોજ એક બહુ જ ભારે અને મોટો બોજ છે. મર્દ બનો અને હિમ્મત રાખો. જો પોલાદની પાંસળીઓ હોય તો ભાંગી પડે અને હાથીના હાડ હોય તો હારી જાય-એવો સમય તમારા ઉપર આવશે, માટે હિમ્મત રાખો અને હોશિયાર રહો. તમારું માથું, તમારું ધડ અને તમારી ચામડી એક બીજાથી જુદા થશે અને બધા તમારા દુશ્મન થઈ જશે.” (શવાહિદુલ વિલાયત : પ્રકરણ-૭ / તઝકિરાતુસ્સાલેહિન : પ્રકરણ-૧)

પોતાના ઉપરોકત કથનને આગળ વધારતાં-હઝરત મહેદી (અ.સ.)એ સાફ અને સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું કે : “ભાઈ, સૈયદ ખુન્દમીર...! અગર, અમો સાચા મહેદી-એ-મૌઊદ છીએ, તો આ ‘કાતલૂ વ કુતિલૂ’ની સિફત તમારા દ્વારા ઉપરની રીતે પૂરી થશે. આ મહાન કાર્ય જે વખતે અમલમાં આવશે, તે વખતે દુનિયાભરનું લશ્કર પણ જો તમારા મુકાબલામાં આવશે, તો અને તમો એકલા હશો તો પણ તેમાં પહેલા દિવસે તમારી જીત થશે અને લડાઈના બીજા દિવસે તમો શહીદ થશો. જો અમો કહીએ છીએ-તે પ્રમાણે બને, તો યકીન માનવું કે અમો મહેદી-એ-મૌઊદ છીએ અને જો તે પ્રમાણે ન થાય, તો અમો મહેદી-એ-મૌઊદ નથી.” (શવાહિદુલ વિલાયત : પ્રકરણ-૨૭)

આમ, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) દ્વારા “કાતલૂ વ કુતિલૂ”ની સિફત પુરી થશે, તેની આગાહી અલ્લાહના હુકમથી શહાદતના બરાબર વીસ વરસ પહેલાં હઝરત મહેદી (અ.સ.)એ હિજરી સન-૯૧૦ ના અરસામાં ફરાહ મુબારક ખાતે કરી હતી. અને આગળ આપણે જોઈશું કે ખાતિમુલ્ ઔલિયા હઝરત મહેદી (અ.સ.)એ

કરેલી ઉપરોક્ત આગાહી અક્ષરશ સાચી ઠરી.

## (૭) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની હઝરત મહેદી (અ.સ.)ના ફરમાન અનુસાર ગુજરાત તરફ રવાનગી

હઝરત મહેદી (અ.સ.)નો કાફલો જેવો નસરપુર (કાહા) પહોંચ્યો, ત્યાં હઝરત બંદગીમિયાં શાહ નેઅ્મત (રઝી.) અને હઝરત શાહ અબ્દુલ મજીદ નૂરનોશ (રઝી.) વિગેરેને તેમના કુટુંબીજનો અને બીબી બચ્ચાં તરફથી એવા મતલબના સંદેશા મળ્યા કે, 'અમો પણ હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં આવવા માટે તૈયાર છીએ. અમોને આવીને લઈ જાવ.' હઝરત મહેદી (અ.સ.)ને આ વાતની ખબર પડતાં જ આપે આ સાહેબોને ગુજરાત જઈ પોતાના બીબી-બચ્ચાંને લઈ આવવા માટે રવાના કર્યા. તે વખતે હઝરત મહેદી (અ.સ.)એ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પણ ગુજરાત જવા માટે તાકીદ કરતાં-હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ અરજ કરી કે : "બંદાને ગુજરાત જવાથી કોઈ નિસ્બત નથી, કારણ કે ત્યાં મારે માં-બાપ, બીબી-બચ્ચાં કોઈ નથી." કોઈકે વળી કહ્યું કે : "મીરાંજી...! સૈયદ ખુન્દમીરને ગુજરાત ન મોકલો. ત્યાં ગુજરાતમાં સૈયદ ખુન્દમીરના સગા વહાલાઓ મોટા-મોટા અમીરો છે, તેઓ એમને ત્યાં રોકી લેશે." જવાબમાં હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "બંદો, ભાઈ સૈયદ ખુન્દમીરને ખુદાના હુકમથી મોકલી રહ્યો છે. તેમને ત્યાં ગુજરાત મોકલવામાં અલ્લાહનો એક મક્સદ છે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૨)

હઝરત મહેદી (અ.સ.)ના ફરમાનને માથે ચઢાવી-હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) નસરપુર (કાહા)થી હિજરી સન-૯૦૮ના છેવટના દિવસોમાં, હઝરત બંદગીમિયાં શાહ નેઅ્મત (રઝી.) અને હઝરત બંદગીમિયાં શાહ અબ્દુલ મજીદ નૂરનોશ (રઝી.), હઝરત બંદગીમિયાં યૂસુફ (રઝી.), હઝરત બંદગીમિયાં શૈખ મોહમ્મદ કબીર (રઝી.) અને હઝરત બંદગીમિયાં શાહ નિઝામ ગાલિબ (રઝી.)ના

કાફલા સાથે ગુજરાત તરફ આવવા માટે રવાના થયા. આપણી કૌમી કિતાબોમાં આ કાફલાને "રહમતુલ્લાહી કાફલા" તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતમાં આવ્યા પછી આ મહાન કાફલો ત્રણ ભાગોમાં વહેંચાઈ ગયો. કોઈ ચાંપાનેર ગયા, કોઈ અમદાવાદ ગયા, તો કોઈ પાટણ ગયા. હઝરત બંદગીમિયાં સિદ્દીકે વિલાયત (રઝી.) પાટણ ગયા અને ત્યાં બાળીવાલોના બાગમાં પોતાનો મુકામ રાખ્યો. હઝરત ખૂબમિયાં સાહબ પાલનપુરી (રહ.) પોતાની મશહુર કિતાબ "સિરાજે મુનીર" માં ફરમાવે છે કે, આ બાગ હાલમાં-જયાં સિદ્દીકે વિલાયત (રઝી.)નો પવિત્ર રોઝો છે, ત્યાં આવેલ હતો. અને સન-૧૯૨૬ ઈસ્વીમાં આ જગાએ જમીન ખોદતાં ત્યાંથી પાકી ઈમારતોનો પાયો નીકળ્યો હતો. જે પાયો હઝરત ખૂબમિયાં સાહબ પાલનપુરીએ જાતે જોયો પણ હતો. અને રોઝા મુબારકમાંની હાલની કુઈ ખોદતા-ત્યાંથી ૧૦ ફુટની ઉંડાઈએથી પાકી ઈમારતોના નિશાન દેખાયા હતા. આવી ઐતિહાસીક જગાએ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ પોતાનો મુકામ રાખ્યો હતો.

ગુજરાતમાં આવ્યા પછી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ સૌ પ્રથમ હઝરત મહેદી (અ.સ.)ના મોટા ફરઝંદ-હઝરત બંદગી મીરાં સૈયદ મહેમૂદ (રઝી.)-જેઓ ચાંપાનેરમાં સુલ્તાન મહેમૂદ બેગડાના દરબારમાં મોટા મનસબદાર હતા, તેમને પોતાની સાથે હઝરત મહેદી (અ.સ.)ના પાસે લઈ જવાના પ્રયત્નો કર્યા. હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) પણ આ દુનિયાદારીના દલદલમાંથી છુટકારો મેળવી હઝરત મહેદી (અ.સ.)ની તહેનાતમાં પહોંચી જવા માટે બેચૈન હતા. પણ સુલ્તાન આપનાથી એટલો બધો પ્રભાવિત થયો હતો કે તે કોઈ પણ સંજોગોમાં હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ને જુદા કરવા માંગતો ન હતો. હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને આ વાતની જાણ થતાં-આપે પાટણથી હઝરત બ. મી. સૈ. મહેમૂદ (રઝી.)ને ચાંપાનેર મુકામે સંદેશો મોકલ્યો કે : "આ બંદાને હઝરત મહેદી (અ.સ.)એ આપને તેમની પાસે લઈ જવા માટે મોકલ્યો છે. જો

સુલ્તાન આપને છુટા ન કરતા હોય તો આપ ફરમાવો, તો આપનો આ બંદો પોતે ત્યાં આવે અને શકય તમામ કોશીશો કરીને અહીંથી રવાના થવા માટેની તૈયારી કરે.”

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)નો આ સંદેશો સાંભળી હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) બહુ જ રાજી થયા અને જવાબમાં કહેવડાવ્યું કે છે કે : “ભાઈ, સૈયદ ખુન્દમીર...! થોડી ધીરજ ધરો. અલ્લાહ બધું ઠીક કરશે.”

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) ગુજરાતમાં આવ્યા પછી તરત જ હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં પહોંચી જવા માંગતા હતા. પણ હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી)ને સાથે લઈ આવવા માટેનું જે કાર્ય હઝરત મહેદી (અ.સ.)એ આપને સોંપ્યું હતું, તેને પુરૂ કર્યા વગર પોતે કેવી રીતે પાછા વળી શકે? અહીં હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) પણ નોકરીમાંથી છુટા ન થવાના કારણે મજબૂરીની હાલતમાં બેચૈનીમાં દિવસો પસાર કરી રહ્યા હતા. આમ, પાટણમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ની રાહ જોવામાં લગભગ દોઢ વરસ સુધી રોકાઈ રહ્યા. અંતે એ શુભ ઘડી આવી પહોંચી કે હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) પણ સુલ્તાન મહેમૂદ બેગડાની નોકરી છોડી. દુનિયા તર્ક કરી, ચાંપાનેરથી રવાના થયા.

## (૮) ગુજરાતથી
## હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ને સાથે લઈને
## હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં જવા માટે રવાનગી

હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) ચાંપાનેરથી રવાના થઈ ચુકયા છે. તેની ખબર મળતાં જ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) પાટણથી અને હઝરત બંદગીમિયાં શાહ નેઅ્મત (રઝી.) તથા હઝરત અબ્દુલ મજીદ નૂરમોશ (રઝી.) વિગેરે અમદાવાદથી રવાના થયા. આ લોકો પાટણથી અને અમદાવાદથી નીકળી રાધનપુર પાસેના ભીલોટ મુકામે પહોંચ્યા. હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) ત્યાં આવી ગયા હતા. પરંતુ આગળ વધવા માટે આપની પાસે સફરની ખરચી ન હોઈ આપ

ભીલોટમાં રોકાઈ ગયા હતા.

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને સુલ્તાન મહેમૂદ બેગડાની બહેન-સુલ્તાના રાજે મુરાદીએ, હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં અલ્લાહ દીયા અર્પણ કરવા માટે કિમતી સાધન-સરંજામ-સંપત્તિ આપેલ હતી. તે ઉપરાંતમાં પાટણના મહેદવીયો અને ખાસ કરીને બાળીવાલ સરદારો-કે જેઓ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના બહુ જ અકીદતમંદ હતા, તેઓએ કિમતી ઊંટો, ઘોડાઓ, બળદો, સગરામો વિગેરે-વિગેરે ખાસ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને અલ્લાહ દીયા આપેલ.

વાટ ખરચી ખતમ થઈ જવાના કારણે આગળ સફર માટે વધવાની કોઈ જ સૂરત નજર ન આવતાં-હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) ભીલોટમાં પોતાની રાવટી બંધ કરી, ગમગીન થઈ પડયા રહેતા. ભીલોટમાં આવતાં જ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ની આ હાલતની ખબર પડતાં-આપ હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ની રાવટી પાસે, પોતાની સાથેના તમામ સાધન-સરંજામ સાથે આવી પહોંચ્યા અને રાવટીની અંદર પોતાના સલામ કહેવડાવ્યા. હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના આવવાની ખબર થતાં-આપ રાવટીમાંથી બહાર પધાર્યા. હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) આપનાથી મળ્યા અને અરજ કરી કે : “આ ઘોડાઓ, ઊંટો, બળદો વિગેરે જે કાંઈ સુલ્તાના રાજે મુરાદી અને બીજા અમીર ઉમરાવોએ હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં બંદાની સાથે રવાના કરેલ છે, તે તમામ આપનો જ માલ છે. ખુદાનો લાખ-લાખ એહસાન છે કે આ તમામ મિલકતના માલિક-બંદાને અહીં જ મળી ગયા છે. બંદાની એક બહુ જ મોટી જવાબદારી ઓછી થઈ ગઈ. અને વધુમાં બાળીવાલ સરદારોએ તથા પાટણના મારા સંબંધીઓએ મને અલ્લાહ દિયા આપેલ છે, તે પણ બંદાની તરફથી આપની ખિદમતમાં અલ્લાહ દિયા છે.”

હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના

પોતાની સાથેના આ વર્તાવથી બહુ જ ખુશ થયા અને આગળના સફર માટે તૈયાર થઈ ગયા. હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) માટે સવારીનો ખાસ બંદોબસ્ત કર્યો તથા આપની બીબી કદબાનુ (રઝી.) તે વખતે હામેલા હોઈ-આપના માટે પાલખી તૈયાર કરાવી.

અલ્લાહનું નામ લઈ આ "રહમતુલ્લાહી કાફલો" સફર માટે આગળ રવાના થયો. હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) જોતા કે મંઝીલ હવે નજીક છે, તો આપ એક તેજીલા ઘોડા પર બીજા કેટલાક ભાઈઓ સાથે આગળના રહેઠાણે બંદોબસ્ત માટે અગાઉથી પહોંચી જતા. અને જે જગાએ પડાવ કરવાનો હોય, ત્યાં ઘટાદાર ઝાડી, શીતળ છાંયડો અને પાણીનો બંદોબસ્ત જોઈ મેદાન સાફ કરાવતા, રાવટી નંખાવતા, નહાવા માટે ગરમ પાણી અને પીવા માટે કોરા માટલાઓ પાણીથી ભરાવી તૈયાર રાખતા. અને હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ના પધારવાના પહેલાં ખાવાનું પણ તૈયાર કરાવી રાખતા અને હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ના પધારવાની રાહ જોતા ઉભા રહેતા. જેવા હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) પધારતા કે તરત જ આપની આગળ ઠંડુ કરેલું પાણી પીવા માટે રજુ કરવામાં આવતું. તે બાદ આપના માટે તૈયાર રાખેલ પલંગ ઉપર આપ જરા આરામ કરી લેતા અને તે પછી ગરમ પાણીથી નહાઈ આપ મુસાફરીનો થાક દુર કરતા અને તે બાદ આપની આગળ ખાવા માટે દસ્તરખાન તૈયાર કરવામાં આવતું. આમ, સફરની દરેક મંજીલ ઉપર, એટલે કે રહેઠાણની દરેક જગાએ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ના સંપૂર્ણ આરામનો ખ્યાલ રાખતા હતા.

ટૂંકમાં, હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ને પૂરી મુસાફરીમાં શક્ય તેટલો આરામ અને સગવડ પહોંચાડવામાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) એ કોઈ જ કમી બાકી ન રાખી. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૭)

ભીલોટથી રવાના થયા પછી ગામે ગામ પડાવ કરતો-આ "રહમતુલ્લાહી

કાફલો" નગર ઠઠ્ઠા પહોંચ્યો, તો ત્યાં જાણવા મળ્યું કે હઝરત મહેદી (અ.સ.)-કેટલાક દિવસો અગાઉ, ફરાહ તરફ જવા માટે રવાના થઈ ગયા છે. ફરી હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ના રંજનો કોઈ જ પાર ન રહ્યો. હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ની આ પરેશાની જોઈ, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ ફરમાવ્યું કે : "મીરાંજી...! જરા પણ ચિંતા કરવાની જરૂર નથી. અમારા સફરને અલ્લાહ તઆલા જરૂર આસાન કરશે અને હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં આપ ઈન્શા અલ્લાહ જરૂર પહોંચશો. જો વાટ ખરચી ખતમ થઈ જશે-તો આપનો આ સેવક હાજર છે. તેને ભર બજારમાં ઊભો રાખી વેચી મારજો, અને તેમાંથી જે કાંઈ નાણાં મળે, તેમાંથી સફર માટેનો ખરચો કરી આપ હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં પહોંચી જજો." (પંજ ફઝાઈલ : પાન-૧૭)

આખરે, અલ્લાહવાળાઓનો આ કાફલો ફરાહની પાસે પહોંચ્યો. ફરાહ પહોચ્યા પછી-હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)એ હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં અરજ કરી કે : "મીરાંજી...! ભાઈ, સૈયદ ખુન્દમીર (રઝી.)ના કારણે બંદો આપની ખિદમતમાં પહોંચી શકયો છે. તેમણે સફરમાં મને જે રાહત અને આરામ આપેલ છે, તેનું વર્ણન કરવા માટે મારી પાસે શબ્દો નથી." જવાબમાં હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "ભાઈ, સૈયદ મહેમૂદ...! આમાં જરા પણ નવાઈ પામવા જેવું નથી. ભાઈ, સૈયદ ખુન્દમીર-તમારા સગા ભાઈ જેવા જ છે. તેઓ તમારી સાથે નેક વર્તાવ કરે તેમાં કશું પણ નવું નથી." (પંજ ફઝાઈલ : પાન-૧૯) અને એ જ ઘડીએ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પોતાના "પિસરે હકીકી" એટલે કે "સગા ફરઝંદ"ની બશારતથી નવાજ્યા.

## (૯) વિસાલના પહેલાં હઝરત મહેદી (અ.સ.)એ સૈયદેન (રઝી.)ને કામિલ મુસલમાન બનાવી દીધા

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) સાથે ફરાહમાં આગમન પછી હઝરત મહેદી (અ.સ.)ના દરરોજ થતાં વાયઝ અને

બયાનમાં લોકોને એક નવી જ તાજગી જોવા મળી. કુરાને શરીફની તાલીમ નવા જ ઢંગથી અને નવા જ શબ્દોમાં થવા લાગી. કદીએ ન જાણવામાં આવી હોય તેવી રાઝવાળી વાતો જાણવામાં આવી. કદીએ ન સાંભળવામાં આવી હોય તેવી વાતો સાંભળવામાં આવી. વાઅ્ઝો-બયાનમાં આટલો મોટો ફેરફાર કેમ? જે ગૂઢ વાતો અગાઉ કદી ખાનગી બેઠકોમાં પણ સાંભળવામાં આવતી ન હતી, તે વાતો આટલી છૂટથી અને વિગતથી જાહેર બેઠકોમાં બયાન થઈ રહી છે, તેનું શું કારણ ? આ વાત ફરાહમાં એક ચર્ચાનો વિષય થઈ પડી હતી. આ ચર્ચા હઝરત મહેદી (અ.સ.)ની જાણમાં આવતાં આપે ફરમાવ્યું કે : "અમારી ગૂઢ અને ઊંડી વાતોને સમજી શકે એવા-ભાઈ સૈયદ મહેમૂદ અને ભાઈ સૈયદ ખુન્દમીર, પોતાના સાથીઓ સાથે અહીં આવી પહોંચ્યા છે. અહીં આવનાર આ લોકોની સમજ શક્તિ અને ઈમાન બેદાર છે, અને એટલા માટે જ અમોએ અમારા બયાનોની રીત બદલી છે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૩૫)

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)-હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ને લઈને ફરાહમાં આવ્યા, તેના કારણે હઝરત મહેદી (અ.સ.) બહુ જ ખુશ થયા હતા. આપ તે પછી ફક્ત છ માસ જ આ દુનિયામાં સદેહે રહ્યા છે. ઝીંદગીના આ ટુંકા ગાળામાંનો ઘણોખરો સમય આપે હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) અને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની તાલીમ પાછળ ખરચ્યો છે. દિવસો-હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) માટે અને રાતો-હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) માટે, આપે વકફ કરી રાખ્યા હતા. આ જોઈ ઉમ્મુલ મોમિનીન બીબી બૂવનજી (રઝી.)એ એક દિવસે હઝરત મહેદી (અ.સ.)ની ખિદમતમાં અરજ કરી કે : "દિવસો-હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) અને રાતો-હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની તાલીમાત પાછળ આપ વકફ કરી ચુકયા છો અને આપની આ બાંદી તો આપના દીદારના ઈંતેજારમાં જ રહે છે."

ફરમાવ્યું : "ખુદાના હુકમથી, અમો સૈયદેન (હઝરત બં. મિ. સૈ. મહેમૂદ

(રઝી.) તથા હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.))ને તાલીમ આપી રહ્યા છીએ, અને અલ્લાહના આ હુકમની અમો તામીલ કરી રહ્યા છીએ. જેના કારણે અમો તેમાં જ એટલે કે તેમને (સૈયદન)ને તાલીમ આપવામાં મશ્ગુલ છીએ."

બીજી એક જગ્યાએ હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવ્યું કે : "જો કયામતના દિવસે અલ્લાહ તરફથી બંદાને કહેવામાં આવે કે, અય સૈયદ મોહમ્મદ! અમોએ તમોને મહેદી-એ-મૌઊદ તથા વિલાયત મોહમ્મદીના ખાતિમ બનાવ્યા, તેના બદલામાં અમારી હુઝૂરમાં શો તોહફો લઈને આવ્યા છો ? તો બંદો એ વખતે અરજ કરશે કે, અય અલ્લાહ! તારી હુઝૂરમાં તારા લાયક કોઈ તોહફો રજૂ કરવાને હું શકિતમાન નથી, પરંતુ બંદો પોતાની સાથે બે જવાન સૈયદોને કામિલ મુલસમાન બનાવીને લાવેલ છે, તે બન્નેને તારી ખિદમતમાં પેશ કરી રહ્યો છું. અને બે જવાનો- ભાઈ સૈયદ મહેમૂદ અને ભાઈ સૈયદ ખુન્દમીર છે. બંદાના આ નાચીઝ તોહફાને ખુદાવંદા કબૂલ ફરમાવી લે."

આમ, ફરાહ મુબારકમાં હિજરી સન-૯૧૦ ના જીલકાદની ૧૯મી તારીખે કે આ દુનિયામાંથી વિદાય લેતાં પહેલાં હ. મહેદી (અ.સ.)એ હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ની સાથે જ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પણ પુરા છ માસની રાત-દિવસની લગાતાર કોશિશ અને મહેનત પછી કામિલ મુસલમાન બનાવી દીધા હતા.

હઝરત મહેદી (અ.સ.)ને દફન કરી-પરવાર્યા પછી જોયું, તો હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)નો મુબારક ચહેરો પુરેપુરો હઝરત મહેદી (અ.સ.) જેવો થઈ ગયો હતો. તે જોતાં જ હઝરત સિદ્દીક વિલાયત (રઝી.)એ હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ને "સાની-એ-મહેદી" તરીકે પોકાર્યા અને તેથી, તે બાદ હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.) પુરી કૌમમાં "સાની-એ-મહેદી (રઝી.)" તરીકે ઓળખાયા. જેથી હવે પછી આ કિતાબમાં હઝરત બં. મિ. સૈ. મહેમૂદ (રઝી.)ને "સાની-એ-મહેદી (રઝી.)" તરીકે ઉદ્દેશવામાં આવેલ છે.

# (૧૦) હઝરત મહેદી (અ.સ.)ના વિસાલ પછી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ફરાહ મુબારકથી ગુજરાત તરફ રવાનગી

હઝરત મહેદી (અ.સ.)ના ફરાહ મુબારકમાં વિસાલના પછી તરત જ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને હ. મહેદી (અ.સ.)ની પાક રૂહે મુબારકે ફરમાન કર્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર...! આપ બનતી તાકીદે ગુજરાત સિધાવો." હ. મહેદી (અ.સ.) તરફથી હ. સિદ્દીકે વિલાયત (રઝી.)ને આ ફરમાન મળતાં જ આપે અરજ કરી કે : "બંદાનું ગુજરાતમાં શું કામ છે ? બંદાને ગુજરાત સાથે કોઈ જ નિસ્બત નથી. બંદો આપના કદમ મુબારક છોડીને ગુજરાત જવા માંગતો નથી." તો હઝરત મહેદી (અ.સ.)ની રૂહ મુબારકથી ફરમાન થયું કે : "આપ ગુજરાત તરફ તાકીદે રવાના થાવ, કારણ કે મહેદીના આખરી દાવાની જગ્યા ગુજરાત જ છે અને "ફલ્ લઝીના હા-જરૂ" વિગેરેની ત્રણ સિફતો ગુજરાતના લોકો તરફથી જ થયેલ છે અને ચોથી સિફત 'કાતલૂ વ કુતિલૂ' આપની મારફતે ગુજરાતમાં જ થશે." હ. મહેદી (અ.સ.)એ વધુમાં ફરમાવ્યું કે : "ભાઈ ખુન્દમીર...! આપની મારફતે ત્યાં ગુજરાતમાં દીનનો પ્રચાર થશે અને આપના ફૈઝનો ફેલાવો થશે, માટે તાકીદે ગુજરાત પહોંચો." (ખાતિમે સુલેમાની, ગુલશન-૬, ચમન-૧)

હ. મહેદી (અ.સ.)ની પાક રૂહ મુબારકે આજ મતલબની જાણ હઝરત સાની-એ-મહેદી (રઝી.)ને પણ કરી અને તેથી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ હ. મહેદી (અ.સ.)ના ઉપરોક્ત ફરમાનની જાણ હઝરત સાની-એ-મહેદી (રઝી.)ને કરી, તો હઝરત સાની-એ-મહેદી (રઝી.)એ પણ આ વાતનું સમર્થન કર્યું અને હઝરત સાની-એ-મહેદી (રઝી.)એ પણ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને ગુજરાત તરફ કૂચ કરવાની તાકીદ કરી.

હઝરત મહેદી (અ.સ.) અને હઝરત સાની-એ-મહેદી (રઝી.)ના ફરમાન ને માથે ચઢાવી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ ગુજરાત તરફ રવાનગીની

તૈયારી કરવા માંડી. પરંતુ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) હઝરત સાની-એ-મહેદી (રઝી.)થી છુટા પાડવા માંગતા ના હતા. તેથી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ હઝરત સાની-એ-મહેદી (રઝી.)ને પોતાની સાથે ગુજરાત પધારવા માટે વિનંતી કરતાં આપે ફરમાવ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર...! અમો તો અહીં જ રહેવા માંગીએ છીએ. અહીં હઝરત મહેદી (અ.સ.) ની મઝાર મુબારક છે, તેને છોડીને જવાનો હાલમાં અમારો કોઈ ઈરાદો નથી. આગળ જેવી અલ્લાહની મરજી. હાલમાં તો હ. મહેદી (અ.સ.)ના તાકિદી ફરમાનને માથે ચઢાવી આપ જ ગુજરાત સિધાવો." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૬૧)

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ ગુજરાત તરફની રવાનગીના પહેલાં-પોતાના માથાના વાળ સાફ કરાવી, હઝરત મહેદી (અ.સ.)ના મઝાર મુબારકની પંગાતે દફ્ન કર્યા અને હઝરત સાની-એ-મહેદી (રઝી.)ની રજા લઈ પોતાના કેટલાંક સાથીઓ સાથે-આપ જે રસ્તાથી ગુજરાતથી ફરાહ મુબારક પધાર્યા હતા, તે જ રસ્તાથી ફરાહથી ગુજરાત તરફ જવા રવાના થયા.

ફરાહથી ગુજરાતના સફરમાં રસ્તામાં એક બહુ જ મહત્વનો અને ઈબરતનાક બનાવ બને છે. ગાઝીખાન અને શકરખાતુન હઝરત મહેદી (અ.સ.) સાથેની હિજરતમાં મુસીબતો અને ફાકાઓ સહન ન થઈ શકતાં-હઝરત મહેદી (અ.સ.)ની રજા લીધા વગર, આપની પાક સોહબત છોડી, પોતાના વતન તરફ જવા માટે નીકળી પડેલ હોઈ, હ. મહેદી (અ.સ.)એ તેઓ બન્નેને "મુનાફિક" કહ્યા હતા.

અમુક સમય પછી આ બન્નેને તેમની ભૂલ સમઝાતાં-તેઓ હઝરત મહેદી (અ.સ.) તરફ આવી રહ્યા હતા. આ બન્ને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને રસ્તામાં સામે મળ્યા. તેઓ બન્નેએ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) સમક્ષ પોતાની શરમિન્દગી ઝાહેર કરી અને કહ્યું કે : "અમો હઝરતની માફી માંગવા જઈ રહ્યા છીએ અને તેમની ખિદમતમાં રહેવા માંગીએ છીએ." હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ

આ બન્નેને હઝરતના વિસાલની ખબર આપતાં-તેઓ બન્ને બહુ જ રોવા માંડયા અને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની સોહબતમાં રહેવા માટેની ઈંતેઝારી બતાવતાં આપે ફરમાવ્યું કે : "તમો બન્નેને હઝરતે મુનાફિક કહ્યા છે. તો હઝરતના સમયમાં હઝરતની માફી માંગી-હઝરતની પાક સોહબતમાં રહ્યા હોત, તો એમાં તમારી બન્નેની ભલાઈ હતી. છતાં, તમો ખરા દિલથી રજુઆત કરી રહ્યા છો, એ જોઈ મને લાગે છે કે મગફિરતની ઉમ્મીદ છે." આ પછી, આ બન્ને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની સમક્ષ ખરા દિલથી રજુઆત કરી-હઝરતની સોહબતમાં રહી, જીવ્યા ત્યાં સુધી પોતાની ભયંકર ભૂલ પર રોતા જ રહ્યા. કહે છે કે ગાઝીખાનની મૈયતને જ્યારે કબ્રમાં ઉતારવામાં આવી, ત્યારે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની પાક સોહબતના પરિણામે તેમના ચેહરા ઉપર નૂર જ નૂર હતુ. આ જોઈ કોઈકે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પૂછ્યું કે : "હઝરત...! ગાઝીખાનની મગફિરત થઈ કે કેમ ?" જવાબમાં હઝરતે ફરમાવ્યું કે : "હઝરત મહેદી (અ.સ.)એ પોતે જ્યારે એમને મુનાફિક કહી દીધા છે, તે સંજોગોમાં બંદો આ બાબતે કશું પણ કહી શકે નહીં, પરંતુ એમણે કરેલ રંજ અને રૂજૂઅ જોતાં બંદો એટલું તો જરૂર કહી શકે છે કે મગફિરતની ઉમ્મીદ તો છે." જ્યારે બીજી બાજુ શકરખાતુન પણ રોતે-ધોતે પોતાની ઝિંદગી પૂરી કરી અને હઝરત સિદ્દીકે વિલાયતની શહાદતના પછી ગુજર્યા. (મોઅર્રક-એ-બદરે વિલાયત : પાન-૧૪૫)

## (૧૧) કામિલપુરમાં દાયરો

હ. મહેદી (અ.સ.)ના ફરમાનને માથે ચઢાવી ફરાહ મુબારકથી રવાના થઈ મુસાફરીની મુસીબતોમાં ભરપુર એક પછી એક મંઝિલો પૂરી કરી-હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ હિજરી સન-૯૧૧ માં ગુજરાતના રાધનપુર પાસેના ગામ કામિલપુરમાં પોતાનો દાયરો કર્યો. અને અહીં આવતાં જ દીનની તબ્લીગના કામમાં લાગી ગયા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૬૧)

## (૧૨) પાટણમાં દાયરો

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના ગુજરાતમાં આગમનના શુભ સમાચારથી આપના કુટુંબ-કામિલાને અનહદ ખુશી થઈ. પરંતુ સાથે જ પાટણના બદલે કામિલપુરમાં આપના મુકામનું સાંભળી બધા બહુ જ રજીંદા થયા અને આપને પાટણ પધારવા અને પાટણમાં મુકામ કરવા માટે સમજાવવાના શકય તમામ પ્રયત્નો કરી જોયા, પરંતુ તેમાં નાસીપાસ થતાં છેવટે મુબારિઝુલ મુલ્કે આ કામ માટે હઝરત બંદગી મલેક બખ્ખન સાહબને તૈયાર કર્યા. હઝરત બંદગી મલેક બખ્ખન સાહેબે કામિલપુરે આવી યેનકેન પ્રકારે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પાટણ પધારવા માટે સમઝાવી લીધા. હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના પાટણ પધારવા માટેની રઝામંદીના સમાચાર સાંભળી-બાળીવાલ સરદારોએ અને પૂરા પાટણે, આપને શોભે એવા-શાનદાર સ્વાગત માટેની તૈયારીઓ કરવા માંડી.

પાટણમાં આપની પોતાની-પોતીકી હવેલી તથા બાળીવાલ સરદારોના આલીશાન આવાસો, હવેલીઓ હોવા છતાં, હઝરતે પાટણના પાદરે ફાટીયાલ દરવાજા બહાર-જયાં હાલમાં આપની મઝાર મુબારક છે અને જયાં એ સમયમાં હઝરત બંદગી મલેક યાકૂબ સાહેબનો શાનદાર બાગ હતો, તે જગ્યા પસંદ ફરમાવી, ત્યાં આપનો મુકામ રાખ્યો. આપે અહીં મુકામ કરતાં જ દીનની તબ્લીગનું કામ જોશભેર શરૂ કરી દીધું. આમ, સમુદાયની સાથે મોટા-મોટા અમીર ઉમરાવો, સરદારો, મનસબદારો અને જાગીરદારો આપના કુરાનના બયાનો સાંભળી સેંકડો, હજારોની સંખ્યામાં હઝરત મહેદી (અ.સ.)ની તસ્દીક કરવા માંડયા.

આપ હઝરત કોઈ-કોઈ વખતે જુમ્આના દિવસે શહેરની જુમ્આ મસ્જીદમાં પધારતા અને કુરઆનનું બયાન ફરમાવતા તથા મુલ્લાઓની સાથે સુબૂતે મહેદી પર ચર્ચાઓ પણ કરતા. દિવસે-દિવસે આપ હઝરતની કોશીશોથી અને અલ્લાહની મહેરબાનીથી મહેદવીયોની સંખ્યામાં દિન બ-દિન વધારો થતો ગયો. ત્યાં સુધી કે મુસદકોની સંખ્યા પૂરા ગુજરાતમાં હજારો પરથી લાખો પર પહોંચવા લાગી. નાચીઝના સિલસિલાના પીરો મુર્શિદ હઝરત ખૂબમિયાં સાહેબ મુહાજિર પાલનપુરી

(રહ.)એ પોતાની મશહૂર કિતાબ "સિરાજે મુનીર"માં લખ્યા પ્રમાણે એ સમયમાં આપ હઝરતની તબ્લીગના કારણે ગુજરાતમાં સાત લાખ મહેદવીયો વસતા હતા. જેમાંથી ત્રણ લાખ મુરીદો તો આપ હઝરતના એકલાનાં જ હતા.

## (૧૩) આપ હઝરતની પહેલી શાદી

પાટણમાં આપ હઝરતના મુકામના સમયે આપ હઝરતની વય લગભગ ૨૪/૨૫ વર્ષની હતી. આપ હઝરત યુવાનીના ઉંબરે કદમ મુબારક મૂકી ચુક્યા હતા. સુડોળ અને સશકત હતા. આપ હઝરતને જોઈ લોકો ખુદ બ-ખુદ પોકારી ઊઠતા કે, "સાની-એ-અલી આવી રહ્યા છે." આ યુવાન વયમાં આપને દીનની તબ્લીગના સિવાય બીજી કોઈ ધૂન ન હતી. આપ હઝરત રાત-દિવસ તબ્લીગના નેક કામમાં જ રચ્યા-પચ્યા રહેતા. ત્યાં સુધી કે ૨૪/૨૫ વરસના થયા, છતાં, આપ હઝરતે શાદી માટેનો વિચાર જેવો પણ કર્યો ન હતો.

આપ હઝરતના સગા-વહાલાઓ, કુટુંબ-કબીલા વાળાઓ આપ હઝરતની શાદીના માટે ફિકર કરવા માંડયા. પણ આપ હઝરતને તે માટે કહેવાની કોઈ કરતાં કોઈ હિમ્મત કરી શકયું નહીં. અને આ નેક કામના માટે હઝરત બંદગી મલેક બખ્ખન સાહેબને જ યાદ કરવામાં આવ્યા. અને આપ હઝરતને શાદીના માટે તૈયાર કરવાનું કામ હઝરત બંદગી મલેક બખ્ખન સાહેબને સોંપવામાં આવ્યું. હઝરત બંદગી મલેક બખ્ખન સાહેબની શાદીની સુન્નતની અદાયગી માટેની અસરકારક રજુઆત કામ કરી ગઈ અને આપ હઝરતે શાદીના માટે રઝામંદી ઝાહેર કરી, પણ સાથે જ ફરમાવ્યું કે : "મામુજાન...! કયાં અને કોની સાથે આપ મારી શાદી કરવા માંગો છો?" હઝરત બંદગી મલેક બખ્ખન સાહેબે જવાબમાં કહ્યું કે : "આપની ખાલા માં ની સાહબઝાદી-બીબી આયશા માટેનો અમારો સૌનો વિચાર છે." હઝરત બંદગી મલેક બખ્ખન સાહેબની આ વાત સાંભળી, આપ હઝરતે તે માટેની પોતાની ખુશનૂદી તરત જ ઝાહેર કરી.

આપ હઝરતે શાદી માટેની પોતાની ખુશનૂદી ઝાહેર કરતાં જ આપના સગા-

વહાલાઓ, કુટુંબ-કબીલાવાળાઓ અને બાળીવાલ સરદારોએ શાદીના માટેની તૈયારીઓ કરવા માંડી અને હઝરત બીબી આયશાના વાલિદ સાહેબ તથા વાલિદા સાહેબા પાસે પૈગામ લઈને પહોંચ્યા. બીબીના વાલિદ સાહેબ તથા વાલિદા સાહેબાની ખુશીનો કોઈ પાર જ ન હતો. તેઓ બન્નેએ તરત જ આ નેક પૈગામને કબૂલ ફરમાવી લીધેલ, કારણ કે 'ખુદા બીન વ ખુદાનુમા' એટલે કે, ખુદાને જોનાર અને બતાવનાર તથા મહેદીના વઝીર અને વિલાયતના સિદ્દીક જેવા જમાઈ-તેમને મળવાના હતા.

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની આ શાદી બહુ જ શાનદાર રીતે અને ધૂમધામથી કરવાની બાળીવાલ સરદારોની અને અમીર ઉમરાવોની ખુશી અને તૈયારીઓ હતી. પરંતુ આપ હઝરતના ફરમાનને માથે ચઢાવી શરીઅતે મોહમ્મદી મુજબ આ શાદી બહુ જ સાદી રીતે પાટણ મુકામે હિજરી સન-૯૧૨ માં કરવામાં આવી.

## (૧૪) તબ્લીગે દીન, મુલ્લાઓની મુખાલિફત અને હિજરતો

આપ હઝરતની શાદીના બાદ પણ આપ હઝરતે તબ્લીગનું પોતાનું કામ ચાલુ જ રાખ્યું. એટલું જ નહીં, શાદીના બાદ તો આપ હઝરત તબ્લીગનું કામ બહુ જ અસરકારક અને ઝડપી રીતે કરવા માંડયા. આપ હઝરતના કુરઆનના બયાનથી અને સબૂતે મહેદી અંગેની આપની જોરદાર દલીલોથી પ્રભાવિત થઈને બૈઅત કરનારાઓની, મહેદીની તસ્દીક કરનારાઓની અને તર્કે દુનિયા કરવાવાળાઓની દિવસે-દિવસે કતારો જામવા માંડી. દુનિયાદાર પીરો અને મતલબી મૌલ્વીઓએ પોતાની માયા જાળમાં સપડાવેલા ભોલા-ભાળા મુસ્લિમોની આંખો ઉઘડી ગઈ. લોકોને લાગ્યું કે અત્યાર સુધી અમારી આંખો પર પટ્ટીઓ બાંધી-અમોને અંધારામાં જ રાખવામાં આવ્યા છે. લોકોને ખરા-ખોટાની, સાચા-જુઠ્ઠાની પરખ થઈ ગઈ. દુનિયાદાર પીરો અને મતલબી મૌલ્વીઓની અત્યાર સુધી ધમધોકાર ચાલતી દુકાનો ટપોટપ બંધ થઈ ગઈ. એટલે હસદ અને જલનની આગમાં તેઓ સેકાવા લાગ્યા.

તેથી અમદાવાદ, પાટણ અને આજુબાજુના પીરો અને મુલ્લાઓએ ભેગા થઈ-ચાંપાનેર જઈ, સુલ્તાન સમક્ષ આપ હઝરતના ખિલાફ ખોટી-ખોટી ફરીયાદો રજૂ કરી અરજ કરી કે : "સૈયદ ખુન્દમીર-જેઓ સૈયદ મોહમ્મદના ખલીફા છે, તેમણે પાટણમાં પડાવ નાંખી મહેદવિય્યતનો પ્રચાર શરૂ કરેલ છે. સૈયદ મોહમ્મદના સમયમાં આમેય ગુજરાતમાં અસંખ્ય મહેદવીયો તો હતા જ, તેમાં સૈયદ ખુન્દમીરના ગુજરાતમાં આગમનના પછી મહેદવિય્યતની તહરીકને બહુ જ વેગ મળ્યો છે. સૈયદ ખુન્દમીરના કુરઆનના બયાનને સાંભળીને-જનતાના તમામ વર્ગના લોકો, હઝારોની સંખ્યામાં તેમની તરફ ખેંચાતા જાય છે. તેમને જો ઢીલો દૌર આપવામાં આવશે, તો સુલ્તાનને સલ્તનતથી હાથ ધોવા પડશે, માટે તેમને ગુજરાતમાંથી તાત્કાલિક દેશવટો આપવો જોઈએ." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૬૨)

ગૈર મહેદવી ઈતીહાસકારોના કહેવા મુજબ સુલ્તાન મહેમૂદ બેગડો- હઝરત મહેદી (અ.સ.)નો મોઅ્તેકદ માનવાવાળો હોવા છતાં, મતલબી મુલ્લાઓની આ ઉશ્કેરણીજનક વાતોમાં કોઈ જાતની તહકીક કે તપાસ કર્યા કરાવ્યા વગર આવી ગયો. ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે જ્યારે પણ મુલ્લાઓ-મૌલ્વીઓ હક ગો હસ્તીઓથી પરાસ્ત થાય છે અને જ્યારે પણ તેમની દુકાનો બંધ થાય છે ત્યારે તેઓ સુલ્તાનો અને બાદશાહોને વચમાં લાવી પોતાની મન માની કરે-કરાવે છે. મૌલ્વી અબુલ કલામ આઝાદ પોતાના "તઝકિરા" નામના પુસ્તકના પાન-૪૨ પર લખે છે કે, "અફસોસ, દરેક સમયમાં જે કંઈ બરબાદીઓ થઈ છે, તે મક્કાર દુનિયાદાર મૌલ્વીઓના હાથે જ થઈ છે." એ જ પુસ્તક "તઝકિરા" ના પાન-૮૨ પર મૌલ્વી અબુલ કલામ આઝાદ લખે છે કે : "હકવાળાઓ સાથે હંમેશા એ પ્રમાણે જ થતું આવ્યું છે અને હકના દુશ્મનો તરફથી હકવાળાઓને કદી શાંતી મળતી જ નથી." એ જ રીતે મક્કાર મૌલ્વીઓ સુલ્તાન પાસેથી આપ હઝરતની પાટણમાંથી ઈખરાજ-દેશવટાનો હુકમ લેવામાં કામિયાબ થયા.

## (૧૫) સુલ્તાનપુરમાં દાયરો

ગુજરાતના સુલ્તાનના ઈખરાજ-દેશવટાના હુકમના કારણે આપ હઝરતે પાટણથી હિજરત કરી સુલ્તાનપુર મુકામે દાયરો કર્યો. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૬૨) સુલ્તાનપુરમાં આપ હઝરતના દાયરાના સમયમાં બનેલા રાણા કાન્તાના એક મહત્વના પ્રસંગને વાંચકોની જાણકારી માટે રજુ કરૂં, તો તે અસ્થાને નહીં જ ગણાય. આ પ્રસંગનો કોમની મશહુર કિતાબો-જેવી કે, "બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૨૮" તથા "મોઅર્રક-એ-બદરે વિલાયત : પાન-૧૫૪" ઉપર બહુ જ અસરકારક શબ્દોમાં વર્ણન કરવામાં આવેલ છે.

સુલ્તાનપુર ગામમાં રાણા કાન્તા નામનો એક બ્રાહ્મણ સાધુ રહેતો હતો, તેને નાનપણથી જ અલ્લાહના દીદારની તડપ-લગન હતી. રાણા કાન્તા વરસોના વરસ સુધી એક પીરે કામિલની સોહબતમાં રહ્યા હતા. આ પીરે કામિલને હર હંમેશ રાણા કાન્તા મુસલમાન બનાવવા માટે અને અલ્લાહનો દીદાર કરાવી આપવા માટેની વિનંતીઓ કરતા રહેતા હતા. પણ આ પીરે કામિલ રાણા કાન્તાની આ માંગણી ટાલતા રહેતા હતા. પરંતુ પોતાના આખરી દિવસોમાં આ પીરે કામિલે રાણા કાન્તાને કહ્યું કે : "ભાઈ...! તારી તડપ-તલપ બહુ જ ઊંચી છે. હું તને સંતોષ આપી શકું તેમ નથી. તારી પ્યાસ તો એક કામિલ મુર્શિદ જ બુઝાવી શકશે." આ કામિલ મુર્શિદને ઓળખવા માટે રાણા કાન્તાના એ પીરે કેટલીક નિશાનીઓ બતાવી. એ જ દિવસથી રાણા કાન્તા પોતાના પીરે બતાવેલા આ કામિલ મુર્શિદની તલાશમાં માર્યા-માર્યા ફરતા જ રહ્યા. સુલ્તાનપુરમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ મુકામ કરતાં જ રાણા કાન્તા-આપ હઝરતની તરફ ખુદ બ-ખુદ ખેંચાયા અને પોતાના પીરે બતાવેલા સવાલો આપ હઝરતને પૂછતાં, આપ હઝરતે તેમને સંતોષકારક જવાબો આપી શાંત કર્યા. આપ હઝરતની રૂહાનીયતથી રંગાઈને રાણા કાન્તા-આપ હઝરતના દસ્તે મુબારક ઉપર મુસલમાન-મુસદ્દીક થયા. આપ હઝરતના પાક પસખુરદાની તાસીરથી મદહોશ-મસ્ત થઈ ગયા. અલ્લાહના દીદારની જે આરઝુ-તડપ રાણા કાન્તાને વરસોથી હતી, તે આપ હઝરતના તુફેલથી પૂરી થઈ. ત્રણ દિવસ

જઝ્બાની હાલતમાં રહી રાણા કાન્તાએ દુનિયાથી પડદો કર્યો. આપ હઝરતે રાણા કાન્તાને પોતાના હાથે નવડાવી દફન કર્યા. આપ હઝરતે રાણા કાન્તાના હકમાં "ઈમાન" ની બશારત આપી.

આપ હઝરતનો દાયરો સુલ્તાનપુરમાં હતો, તે દરમિયાનમાં આપ હઝરતને ભીલોટ મુકામે હઝરત સાની-એ-મહેદી (રઝી.)ની પધરામણીની ખબર મળતાં જ આપ હઝરત પોતાના દાયરાવાળાઓ-તમામને સાથે લઈ, હઝરત સાની-એ-મહેદી (રઝી.)ની સાથે રહેવાના આશયથી ભીલોટ પધાર્યા. ભીલોટ પહોંચ્યા પછી બન્ને "હકીકી ભાઈઓ" બહુ જ મોહબ્બતથી એક બીજા સાથે મળ્યા. આપ હઝરતે હઝરત સાની-એ-મહેદી (રઝી.)ની સોહબતમાં રહેવા માટે ભીલોટમાં જગ્યાની માંગણી કરતાં, હઝરત સાની-એ-મહેદી (રઝી.)એ ફરમાવ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર...! મીરાંજીએ આપને એક બહુ જ મોટું કામ સોંપેલ છે, જે કામ આપ જો બંદાની સાથે રહેશો તો પાર પડવું મુશ્કેલ છે." આમ, ફરમાવી હઝરત સાની-એ-મહેદી (રઝી.)એ આપ હઝરતને જુદા રહેવા સમજાવ્યા.

## (૧૬) હઝરત સાની-એ-મહેદી (રઝી.)થી કૈદખાનામાં મુલાકાત

બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૯૨ ઉપર લખ્યા પ્રમાણે હઝરત સાની-એ-મહેદી (રઝી.) પાસેથી આવ્યા પછી આપ હઝરતે હઝરત સાની-એ-મહેદી (રઝી.)ના ફરમાન મુજબ નજદીકના ભાદીપુર ગામે પોતાનો દાયરો કર્યો, જેથી બન્ને હકીકી ભાઈઓને એકબીજાની સહુલતથી ખબર મળતી રહે. આ ભાદીપુર ગામે જ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને હઝરત સાની-એ-મહેદીના કૈદ થવાના સમાચાર મળતાં જ આપ હઝરત બહુ જ બેચૈન-બેકરાર રહેવા લાગ્યા અને સીધા જ અમદાવાદ જઈ કૈદખાનામાં હઝરત સાની-એ-મહેદી (રઝી.)થી મુલાકાત કરી અને આપને કૈદખાનામાંથી લઈ જવા માટેની બહુ જ કોશીશ કરી. પરંતુ હઝરત સાની-એ-મહેદી (રઝી.) કૈદખાનામાંથી એ રીતે બળજબરીથી નીકળવા માટે તૈયાર ન થયા. અને ઘણી જ સમજાવટ પછી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને એમ કહી

પાછા વળાવ્યા કે આપ બહાર રહીને મારા છુટકારા માટેની કોશીશ કરો. છેવટે આપ હઝરતે સુલ્તાન મહેમૂદ બેગડાની બન્ને બહેનોની મારફતે હઝરત સાની-એ-મહેદી (રઝી.)ને કૈદખાનામાંથી છોડાવ્યા. હઝરત સાની-એ-મહેદી (રઝી.)ની મુક્તિના શુભ સમાચાર સુલ્તાન મહેમૂદ બેગડાની બન્ને બહેનોએ આપ હઝરતને કાગળ દ્વારા પાઠવતાં જ આપ હઝરત અમદાવાદ જઈ હઝરત સાની-એ-મહેદી (રઝી.)ને કૈદખાનામાંથી લઈ આવ્યાં. પરંતુ તેના અઢી માસની અંદર જ કૈદખાનામાંની તકલીફોના કારણે હઝરત સાની-એ-મહેદી (રઝી.) હિજરી સન-૯૨૦ ની ચોથી રમઝાનના દિવસે શહાદતનો જામ પી અલ્લાહને વાસીલ થઈ ગયા. (મોઅર્રિક-એ-બદરે વિલાયત : પાન ૧૯૫ થી ૧૯૯ તથા પંજ ફઝાઈલ : પાન-૪૦ થી ૪૧)

હઝરત સાની-એ-મહેદી (રઝી.)ની શહાદતના બાદ આપ હઝરતે તબ્લીગનું કામ ફરીથી શરૂ કરતાં મૌલ્વી-મુલ્લાઓએ અહીંથી પણ આપ હઝરતના ઈખરાજના હુકમ મેળવતાં, આપ હઝરત જીવલ બંદર તરફ સિધાવ્યા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૬૨)

## (૧૭) જીવલ બંદરમાં દાયરો

જીવલ બંદરમાં આપ હઝરતના દાયરામાં ત્રણ બહુ જ મહત્વના બનાવો બને છે. જેનો ટૂંકમાં અહીં ઉલ્લેખ બહુ જ જરૂરી હોઈ, તે ત્રણે બનાવો અત્રે રજુ કરવાની રજા લઉં છું. તે ત્રણ બનાવો નીચેની વિગતેના છે...

(૧) દાયરામાં ફાકાઓની ફાકા મસ્તી,

(૨) એક બીબીના સાત-સાત દીકરાઓ ફાકામાં શહીદ થવા છતાં, અલ્લાહની મરજી ઉપર ખુશનુદી ઝાહેર કરી સબ્ર કરવું, અને

(૩) હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)નું પોતાની બીબી સાહેબા સાથે જીવલ બંદરના દાયરામાં પધારવું.

## (૧૮) જીવલ બંદરના દાયરામાં ફકીરો (રઝી.)ના ફાકાઓ

હઝરત શાહે બુરહાન (રહ.)ના મશહૂર પુસ્તક "દફ્તરે બુરહાન" ના

ભાગ-૪ ના પ્રકરણ-૩ માં લખ્યા પ્રમાણે અલ્લાહ પાકે પોતાના પ્યારા નબી હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ને ફરમાવ્યા પ્રમાણે "કુલ કાયનાતમાં ફાકાની આગથી વધુ કસોટીવાળી કોઈ ચીજ પૈદા કરવામાં આવી નથી," હઝરત રસૂલે મકબુલ (સ.અ.વ.)એ બીબી આયશા (રઝી.)ને એક વખત ફરમાવ્યું કે : "હું મારી વિલાયત અને નબુવત પર નહીં, પરંતુ ફાકાઓ પર ફખ્ર (ગર્વ) કરૂં છું." હઝરત બંદગીમિયાં વલીજી યૂસુફ (રઝી.)એ "હાશિયા ઈન્સાનામા"માં લખ્યું છે કે : "હઝરત મહેદી-એ-મૌઊદ (અ.સ.)ના જીદ્દાહ બંદરના મુકામ વખતે બેહદ ફાકાઓનો સામનો કરવો પડેલ." આવા જ ફાકાઓ હઝરત મહેદી (અ.સ.)ના સિદ્દીક હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) અને તેમના દાયરાવાળાઓ પર જીવલ બંદરમાં ઉપર આવી પડ્યા. એક પૈસામાં બે શેર અનાજ મળતું હતું, એ સમયમાં હઝરતના દાયરામાં ચાર સો (૪૦૦)થી વધુ ફકીરો ફાકાઓના કારણે શહીદ થઈ ગયા. એકને હઝરત કફન-દફન કરીને આવતા હતા અને બીજી મૈયત તૈયાર જ પડેલી રહેતી હતી. આપ હઝરતે આ તમામને જોડેના ખેતરમાં દફન કર્યા. ખેતરના માલિકે આ બાબતે હઝરતની સમક્ષ શિકાયત કરતાં, હઝરતે ફરમાવ્યું કે : "જો મૈયતો તારા ખેતરમાં હોય, તો ખોદીને બહાર ફેંકી દે." જમીનદારે જઈ, ખોદતાં જોયું કે એક પણ મૈયત ત્યાં ન હતી. હઝરતે ફરમાવ્યું કે : "ફાકાઓથી મૈયત થનારાઓને કબરોમાં પડ્યા રહેવા માટે બંદો દફન કરતો નથી. શરીઅતે મોહમ્મદીના અમલ માટે બંદો તેમને દફન કરી રહ્યો છે. બાકી, બંદો આ હાથથી તેમને દફન કરે છે અને અલ્લાહ તે હાથથી આ મૈયતોને ઉઠાવી લે છે." જમીનદાર આ હકીકત સાંભળી ખાત્રી કરતાં બહુ જ પ્રભાવિત થયો અને તરત જ આપ હઝરતના મુબારક હાથોને ચુમી, કલ્મો પઢી, મુસલમાન થઈ ગયો. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૩૮)

## (૧૯) એક બીબીના સાત દીકરાઓ ફાકાઓમાં શહીદ થયા

બંદર જીવલના આ ફાકાઓમાં એક બીબીના સાત-સાત દિકરાઓ એક પછી

એક, ફાકાઓના કારણે શહીદ થાય છે. આ સાતે દિકરાઓની ફાકાઓના કારણે શહીદી એ રીતે થાય છે કે હઝરત એકને દફન કરીને આવે છે, ત્યાં બીજાની મૈયત તૈયાર જ પડેલી હોય છે. વિધવા માના આ દિકરાઓની ફાકાઓને લઈને થયેલ મોતો ઉપર આ વિધવા મા સબ્ર અને શુક્ર કરે છે. આપ હઝરત એ વિધવા મા પાસે દિલાસા માટે પધાર્યા અને ફરમાવ્યું કે : "બહેન...! તમે જે સબ્ર કરેલ છે-તે અણમોલ છે. તમારા ઉપર મુસીબતોનો આ જે પહાડ તૂટી પડેલ છે અને તમે જે રીતે તેનો સામનો કરેલ છે-તેની જોડ-મિસાલ મળવી મુશ્કેલ છે." જવાબમાં બીબીએ હઝરતને કહ્યું કે : "બાંદી-આપ હઝરતની એક અદના ગુલામ છે અને મુસીબતોથી ડરી જાઉં, તેવી હું નથી. અલ્લાહે જ આ બાંદીને આ દિકરાઓ આપ્યા હતા અને એ જ અલ્લાહે તેમને લઈ લીધા છે. તેમાં રંજ-ગમ કઈ વાતનો? હું ખુશ છું કે અલ્લાહે મારા સાતે દિકરાઓને કબૂલ કરી લીધા અને આપ હઝરતના મુબારક હાથોએ એમને મૂઠ્ઠી માટી આપી, તેનાથી વધારે મારા અને મારા આ સાતે દિકરાઓ માટે વધુ ખુશીની કઈ વાત હોઈ શકે છે?"

આપ હઝરત બીબીના આ જવાબથી બહુ જ ખુશ થયા અને બીબીના હકમાં દુઆ ફરમાવી. તારીખે સુલેમાનીના પાન-૭૮ ઉપર લખવામાં આવેલ છે કે આ નેક અને મહાન બીબીનું નામ ખુન્ઝાબુબુ (રઝી.) હતુ. તેઓ આપ હઝરતની બહેનની દિકરી એટલે ભાણેજ હતા.

## (૨૦) હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)નું જીવલ બંદરના દાયરામાં પધારવું

હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) હઝરત બંદગી મલેક અલાહદાદ (રઝી.)ના ભાઈ હતા. તેઓ ગુજરાતના સુલ્તાનના એક મોટા જાગીરદાર અને મનસબદાર હતા. તેઓ સુલ્તાનના દરબારમાં મોટા હોદ્દાઓ ઉપર હોવા છતાં અલ્લાહવાળા હતા. અમીરીમાં પણ ફકીરીની શાન હતી. આપે પાટણમાં હઝરત મહેદી (અ.સ.)ની બૈઅત કરી હતી. હઝરત મહેદી (અ.સ.)એ હઝરત બંદગી

મલેક હમ્માદ (રઝી.)ની કદર કરી. રહમતુલ્લાહી કાફલો ગુજરાત આવ્યો, ત્યારે હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) સાથે ચાદર મોકલાવી હતી. મોટી જાગીર અને મોટા મનસુબો હોવા છતાં દીનના અમલમાં બહુ જ પાબંદ અને ચુસ્ત હતા. આપની એક પણ નમાઝ કઝા થતી નહીં અને તહજ્જુદ પણ બહુ જ પાબંદી સાથે અદા કરતા હતા. આપને હરદમ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની યાદ આવતી હતી. આવતા જતા માણસોથી આપ હઝરતના રોજ-રોજ સમાચારો લેતા હતા. આપને એકા-એક દુનિયાથી નફરત થઈ ગઈ અને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ખિદમતમાં પહોંચી જવા માટે તડપી રહ્યા હતા. આપને આપના ઘરવાળાઓએ હવેલીના મેડા ઉપર નઝરબંદની હાલતમાં મૂકી દીધા હતા. પરંતુ આપ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની હુઝૂરમાં જવા માટે બેચૈન રહેતા હોઈ, આપના એક દોસ્તની મારફતે અડધી રાતે પોતાની હવેલી પાસે ગાડી મંગાવી. ઘરવાળા બધા નિંદ્રામાં ગાફેલ હતા, તે વખતે મેડા ઉપરથી પોતાની બીબી બુવા મરિયમ (રઝી.)-જેઓ પહેલાથી જ હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) સાથે આવવા માટે તૈયાર ઉભા હતા, તેમને લઈને રસ્સી મારફતે નીચે ઉતરી આવ્યા અને બન્ને જણા ગાડીમાં સવાર થઈ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ખિદમતમાં પહોંચવા માટે રવાના થઈ ગયા.

આ તરફ ઘરવાળાઓને સવારની નમાઝના વખતે હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ની પોતાની બીબીની સાથે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ખિદમતમાં રવાના થવાની ખબર પડતાં જ હઝરત બંદગી મલેક શરફુદ્દીન સાહેબ-જેઓ હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ના મામા થતા હતા, તેઓ કેટલાક સવારોને લઈને હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ને લઈ આવવા માટે નીકળી પડયા. પોતાના મામાને જોઈ હઝરત બંદગી મલેક હમ્માદ સાહેબ એક બાજુ સંતાઈ ગયા. પરંતુ આપની બીબીએ હઝરત બંદગી મલેક શરફુદ્દીન સાહેબને સમઝાવી-મનાવી લઈ પાછા રવાના કરી દીધા. મુસાફરીની તકલીફો બરદાસ્ત કરી, બન્ને

મિયાં-બીબી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ખિદમતમાં જીવલ બંદર ઉપર પહોંચતા જ, આપ હઝરત પોતાના આ પ્યારા આશિકોને લેવા માટે સામે ગયા અને પોતાના દાયરામાં એમના માટે જગ્યા કરી આપી.

હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) જીવલ બંદરે આવ્યા, તે વખતે આગળ જણાવ્યા મુજબ દાયરાવાળાઓ ઉપર સખત ફાકાઓ હતા. અમીરી ઠાઠ-માઠમાં રહેનારા આ બન્ને મિયાં-બીબીએ હસતા મોઢે ફાકાઓ પર ફાકાઓ ખુશી-ખુશી સ્વીકારી લીધા. આ બન્નેની ફાકાઓની હાલત સાંભળી પાટણથી તેમના ઘરવાળાઓએ ઘરની સેવિકા સાથે ઝર-ઝવેરાત અને કિમતી સર સામાન-હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) તરફ રવાના કરેલ. આ ઝર-ઝેવર અને કિમતી સર-સામાન લઈને સેવિકા જીવલ બંદર આવતાં-સીધી જ હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)નો દાયરામાં જયાં મુકામ હતો, ત્યાં જ પહોંચી. હઝરત ઘરે ન હતા. બીબી મૌજુદ હતા. પરંતુ બીબીની સખત ફાકાઓના કારણે એવી હાલત થઈ ગઈ હતી કે રાત-દિવસ તેમની સેવામાં રહેતી સેવિકા-તેમને ઓળખી શકી નહી અને હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ના મકાનના માટે પૂછપરછ કરતાં, બીબીએ પોતાની સેવિકાને ઓળખી લઈ કહ્યું કે : “આજ મકાન છે.” બીબીના સોનેરી દાંત જોઈ સેવિકા ઓળખી ગઈ, અને બીબીની આ હાલત જોઈ બહુ જ રડવા લાગી અને પાટણથી લાવેલ ઝર-ઝવેરાત અને સર સામાન બીબીના કદમોમાં મુકતાં, તે લેવા બીબીએ ઈન્કાર કરી. હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) બહારથી પધારે તે પછી તેમને આપવા માટે કહ્યું. એટલું જ નહી, સાથમાં લાવેલ તૈયાર ખાણામાંથી કેટલુંક ખાઈ લેવા માટે બીબીને બહુ જ સમઝાવવા છતાં બીબીએ તેમાંથી કાંઈપણ લીધુ નહી. અને હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ની રાહ જોવા લાગ્યા. કેટલાએ દિવસોના ફાકા હોવા છતાં, પોતાના જ ઘરથી અલ્લાહ દિયા આવેલા ખાણામાંથી બીબીએ હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) અને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ઈજાઝત વગર કાંઈપણ લીધું નહી. બીબીની ફાકાઓથી થયેલ હાલત

જોઈ સેવિકા-જેણે બીબીનું બાળપણ, જવાની અને હુસ્ન જોયું હતું, તેણે રોવાનું અને કલકલાટ કરવાનું શરૂ કર્યું. આ જોઈ બીબીએ કહ્યું કે : "બાઈ શાંત થા, હમણાં મલેક પધારશે તો અમસ્તા નારાઝ થશે." એટલામાં હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) પધાર્યા, તો સેવિકાએ હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ની તા'ઝીમ-તકરીમ કર્યા બાદ પાટણથી પોતે જે કાંઈ ઝર-ઝવેરાત, દર-દાગીના લાવી હતી, તે બધુ હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ની ખિદમતમાં "અલ્લાહ દીયા" કહીને મુકી દીધું. હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) આ બધું ઝર-ઝવેરાત, દર-દાગીના હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ખિદમતે આલીમાં લઈ ગયા અને "અલ્લાહ દીયા" કહી પેશ કરી દીધું. હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ આવેલા અલ્લાહ દિયા માલમાંથી અડધો-અડધ દાયરાના ફકીરોમાં-એ જ વખતે સવિય્યત કરી દીધું અને અડધો માલ આપ હઝરતે પોતાની હજના ખર્ચ માટે અમાનત રૂપે રાખી લીધું. આપ હઝરતે જે માલની ફકીરોમાં સવિય્યત કરી હતી, તેમાંથી ફકીરોએ અનાજ વિગેરેની ખરીદી કરી, પોતાના કેટલા દિવસોના ફાકાઓમાંથી મુક્તિ મેળવી. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૩૯)

## (૨૧) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની હજ માટે રવાનગી

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને અગાઉ અલ્લાહ તરફથી તથા ખાતમય્ન (અ.સ.) તરફથી તાકીદ કરવામાં આવી હતી કે : "અય સૈયદ ખુન્દમીર...! તમારે વિલાયતનો બાર (ભાર) ઊઠાવવાનો હોઈ તમારા માથા ઉપર હજની અદાઈગી ફરજ છે. જાઓ અને હજ કરી આવો." આપ હઝરત રોજ-રોજના દેશવટાઓ (ઈખરાજો), હિજરતો, ફાકાઓ અને દીનની તબ્લીગો તથા નાણાંની તંગીના કારણે અત્યાર સુધી હજની ફરજ અદા કરી શકયા ન હતા. એવામાં હઝરત મહેદી (અ.સ.)ની રૂહ મુબારકથી હજના માટે ફરીથી તાકીદ થતાં આપ હઝરતે પાટણથી આવેલ-જે અડધો માલ અમાનત રૂપે આપની પાસે રાખી મુકેલ હતો, તે લઈ જીવલ બંદરનો દાયરો-હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ને સુપરત કરી, જીવલ બંદરથી

કોઈને પણ સાથે લીધા વગર, એકલા હજના માટે રવાના થયા. જ્યારે એક ગામડામાં પહોંચ્યા તો આપે સીધા હાથ તરફ જમણી બાજુએ નજર કરતાં જોયું કે એક બકરીઓ ચરાવનાર પોતાની બકરીઓ ચરાવી રહ્યો હતો. જ્યારે એની નજર આપ હઝરત ઉપર પડી, તો આપ હઝરત તરફ દોડતો આવ્યો અને કહ્યું કે : "આપ હઝરત ઈશ્વર છો, કાં તો ઈશ્વરના અવતાર છો ?" આપે એને જોતાં જ કહ્યું કે : "આવ મિયાં હાજી...! આવ." આ સાંભળતાં જ એણે મહેદી (અ.સ.)ની તસ્દીક કરી અને કહ્યું કે : "હવે મને છોડી ન દેતા." આપ હઝરતે ફરમાવ્યું કે : "જાઓ મિયાં હાજી, જેની-જેની બકરીઓ છે, તેમને સોંપીને આવો, હું તમારી રાહ જોતો અહીં જ ઊભો રહીશ." બકરીઓ ચરાવનાર જ્યારે તમામ બકરીઓ તેના માલિકોને સોંપીને આવ્યો, તો શું જુએ છે કે આપ હઝરત તેની રાહ જોઈને જ ઊભેલા છે! આપ હઝરતે આ બકરીઓ ચરાવનારને પોતાની સાથે લીધો અને ત્યાંથી બીજા ચાલીસ માણસોને લઈને આપ હઝરત હજના માટે રવાના થયા. (મોઅર્રક-એ-બદરે વિલાયત : પાન-૧૮૧)

આ મિયાં હાજી (રઝી.)ને આપ હઝરતે ખાંભેલથી સબૂતે મહેદીના વિષય ઉપર દલીલોથી ભરપુર એક મઝમૂન (મક્તુબ) લખીને બીજા સાથીઓ સાથે મુલ્તાન તરફ રવાના કર્યા. આપનો આ મઝમૂન (મક્તુબ) કૌમમાં "મકતૂબે મુલ્તાની" ના નામથી મશહુર છે. મિયાં હાજી (રઝી.)એ મુલ્તાનમાં આ મક્તુબની મારફતે દીનની તબ્લીગ કરી, અસંખ્ય લોકોને સાચા દીનમાં શરીક કર્યા. (પંજ ફઝાઈલ : પાન ૫૮-૫૯, બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન ૧૪૨) ઉપર લખેલ છે કે : મિયાં હાજી (રઝી.)ની તબ્લીગથી કેટલા લોકો મહેદવી થયા તેની તો કોઈ ગણતરી જ નથી. પરંતુ ત્યાં મુલ્તાનના ચાલીસ જેટલા ઉલેમાઓએ મહેદી (અ.સ.)ની તસ્દીક કરી. આમ,આપ હઝરતે એક મામુલી બકરીઓ ચરવાનાર મારફતે એક મોટું કામ કરાવી, આપ હઝરતની મહાન ખુબીનો દાખલો બેસાડ્યો.

## (૨૨) આપ હઝરતના દાયરાના એક ફકીરની કરામત

બંદર જીવલમાં આપ હઝરતનો દાયરો હતો. તે વખતે એક ઝઈફ બાઈ આપ હઝરત પાસે આવી અરજ કરવા લાગી કે : "મારો દિકરો કેટલાએ વરસોથી ગુમ થઈ ગયેલ છે. આપ હઝરત દુઆ ફરમાવો કે જેથી ખોવાયેલો મારો આ દિકરો મને મળી જાય." આપ હઝરતે હસતાં-હસતાં દાયરાના ફકીર હઝરત ઈબ્રાહીમ શેખા (રહ.) તરફ ઈશારો કરી એ ઝઈફ બીબીને ફરમાવ્યું કે : "એમની પાસે જાઓ, એમની દુઆથી તમોને તમારો ખોવાયેલો દિકરો મળી જશે." હઝરત ઈબ્રાહીમ શેખા (રહ.) ઈજમાના એક કામમાં રોકાયેલા હતા. તેમને આ ઝઈફ બીબીએ આપ હઝરતનું નામ લઈ પોતાની હકીકત ઝાહેર કરતાં હઝરત ઈબ્રાહીમ શેખા (રહ.) બોલી ઉઠયા કે : "ખઝાનાનો માલિક જ્યારે હુકમ કરે છે તો કુંજી રાખનાર કંજુસાઈ શા માટે કરે ?" હઝરત ઈબ્રાહીમ શેખા (રહ.)એ ફરમાવ્યું કે : "જા બાઈ જા, તારા ઘરે જા, તારો ખોવાયેલો દિકરો તારા ઘરે આવી ગયો છે." એ બીબીએ ઘરે જઈને જોતાં હકીકતમાં તેનો દિકરો ઘરે બેઠેલો હતો. ઝઈફ બાઈએ પોતાના દિકરાને ઘરે બેઠેલો જોઈ પૂછયું કે : "બેટા! આટલા સમયથી તું કયાં હતો ? અને કઈ રીતે તું અહીં પહોંચી ગયો ?" દિકરાએ જવાબ આપ્યો કે : "માં...! હું સાત સમંદર પાર અહીંથી બહુ જ દૂર હતો અને અહીં આવી પહોંચવું કોઈ આસાન કામ ન હતું. હું બઝારમાં હતો, એકા-એક બહુ જ જોરનું વાવાઝોડું આવ્યું. મારી આંખો એકદમ બંધ થઈ ગઈ અને જ્યારે આંખો ખોલી, ત્યારે હું અહીં આપણા ઘરમાં હતો." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૩૦)

આપ હઝરતની બંદર જીવલમાં અલ્લાહના દીનની તબ્લીગના કારણે અસંખ્ય લોકોએ આપ હઝરતના હાથ ઉપર બૈઅત કરી. આપ હઝરતની લોકપ્રિયતા-મકબૂલિયત જોઈ-હસદની આગમાં શેકાતા દુનિયાદાર પીરો અને મતલબી મૌલ્વીઓએ હુકુમતનો સહારો લઈ, બંદર જીવલથી આપ હઝરતની હિજરત કરાવી. આપ હઝરતે જીવલ બંદરથી હિજરત કરી થોડો-થોડો સમય કસ્બે મંડલ તથા ભોલાવાડામાં રોકાઈ, ત્યાં પોતાના બયાને કુરઆનથી સેંકડો-હજારો

લોકોને મુરીદ બનાવ્યાં. અહીં પણ આપ હઝરતની મકબૂલિયત જોઈ-મુલ્લાઓએ આપ હઝરતને હિજરતો કરાવી, એટલે આપ હઝરતે જાલોરમાં દાયરો કર્યો. જ્યાં આપ હઝરતે લાંબા સમય સુધી મુકામ રાખ્યો.

## (૨૩) જાલોરમાં દાયરો

જાલોર-કે જ્યાં હઝરત ઈમામુના (અ.સ.)ના દસ્તે મુબારક ઉપર બૈઅત કરનાર ઝબ્દતુલ મુલ્ક દીવાન ઉસ્માનખાનના વંશજોની-તે સમયમાં હુકુમત હતી, તે જાલોરમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ દાયરો કર્યો. અહીં આપ હઝરત લાંબા સમય સુધી રહ્યા. તવારીખે મહેદવીયાના બે મહત્વના બનાવો આ જાલોરના દાયરા દરમ્યાન બન્યા. જે બન્ને બનાવો વાંચકોની જાણ ખાતર મૂકવાની રજા લઉં છું.

## (૨૪) હઝરત મહેદી (અ.સ.)ના સાહબઝાદી ખાતૂને વિલાયત હઝરત બીબી ફાતેમા (રઝી.) સાથે સિદ્દીકે વિલાયત (રઝી.)ના નિકાહ

હઝરત બીબી ફાતેમા (રઝી.)ના પ્રથમ નિકાહ હઝરત મહેદી (અ.સ.)એ પોતાના બાર (૧૨) મુબશ્શિરોમાંના એક અને પાંચ ખલીફાઓ પછી પ્રથમ ક્રમ ધરાવનાર-હઝરત બંદગી મલેક બુરહાનુદ્દીન (રઝી.) સાથે, હિજરી સન-૯૦૪ માં અમદાવાદ મુકામે કરાવ્યા હતા. જેમનાથી હઝરત ખલીલ મોહમ્મદ નામી એક સાહબઝાદા પૈદા થયા હતા. હિજરી સન-૯૧૫ માં હઝરત બંદગી મલેક બુરહાનુદ્દીન (રઝી.) અલ્લાહને વાસીલ થતાં હઝરત બીબી ફાતેમા (રઝી.) પોતાના ભાઈ-હઝરત સાની-એ-મહેદી (રઝી.) પાસે ભીલોટમાં આવીને રહ્યા.

હિજરી સન-૯૨૦ માં હઝરત સાની-એ-મહેદી (રઝી.)ની શહાદતના પછી હિજરી સન-૯૨૨ માં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)નો જાલોરમાં દાયરો હતો, તે વખતે હઝરત મહેદી (અ.સ.)ની રૂહ મુબારકના તાકીદી હુકુમને માથે ચઢાવી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ હઝરત બીબી ફાતેમા (રઝી.)ને પોતાની સાથે

નિકાહ માટેનો પૈગામ મોકલેલ, બીબી (રઝી.)એ આ પૈગામ કબૂલ કરેલ નહીં. જેથી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ બીજી વખત પૈગામ મોકલી કહેવડાવ્યું કે : "આપ આપના પિદરે મહોતરમ-હઝરત મહેદી (અ.સ.) તરફ તવજ્જોહ કરો અને ત્યાંથી જે હુકમ થાય તે પ્રમાણે અમલ કરો. બંદો પોતાના તરફથી આ પૈગામ મોકલતો નથી." બીબી (રઝી.)એ હઝરત મહેદી (અ.સ.) તરફ તવજ્જોહ કરતાં ત્યાંથી ખુશનુદી-રઝામંદીનો ઈશારો થતાં જ બીબી (રઝી.)એ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)નો નિકાહનો પૈગામ કબૂલ ફરમાવી, સાત વરસો સુધી વિધવા તરીકે રહ્યા પછી, હિજરી સન-૯૨૨ માં જાલોર મુકામે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) સાથે નિકાહે સાની કર્યા. પરિણામે પોતાના ઝમાનામાં મહેદી (અ.સ.)ના ઝમાનાને કાયમ કરનાર હુસૈને વિલાયત દરીબા-એ-દીન હઝરત સૈયદ મહેમૂદ સૈદનજી ખાતમુલ મુર્શિદ (રઝી.) જેવી મહાન શખ્શિયત હિજરી સન-૯૨૪ માં જાલોર મુકામે પૈદા થઈ. હઝરત ખાતમુલ મુર્શિદ (રઝી.)ના પછી હઝરત બીબી ફાતેમા (રઝી.)થી બીજા એક ફરઝંદ હઝરત સૈયદ અશરફ હિજરી સન-૯૨૮ માં ખાંભેલ મુકામે પૈદા થયા. પરંતુ આ સાહેબઝાદા અને બીબી ફાતેમા (રઝી.) બન્ને એ જ વખતે અલ્લાહને પ્યારા થઈ ગયા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૫૩)

## (૨૫) ગુજરાતના મોટા-મોટા મુલ્લાઓની હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) સાથે મહેદવિય્યત ઉપર દલીલો-બહસના માટે આવવાનો ઈરાદો અને તેમાં પીછેહઠ

જાલોર મુકામે એક વખત હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) ઝોહરની નમાઝ પછી તમામ મુહાજીરોની સાથે દાયરામાં બેઠા હતા. તે વખતે હઝરત બંદગીમિયાં શાહ નિઝામ (રઝી.)ના એક મુરીદ નામે ફતેહખાન બળુ-જેઓ ગુજરાતના સુલ્તાનના વજીરોમાંના એક હતા અને વિરમગામમાં રહેતા હતા, તેમણે ત્યાંથી પોતાના કેટલાક માણસોને જાલોર મોકલી, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને કહેવડાવ્યું કે : "પાટણ, સાંચોર અને રાધનપુરના મોટા-મોટા આલીમો અહીં

વિરમગામમાં ભેગા થયા છે અને આપ હઝરતની સાથે મહેદવિય્યત ઉપર દલીલો કરવા માટે, ત્યાં જાલોર આવવાનો ઈરાદો રાખે છે."

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને ફતેહખાન બળુ તરફથી ઉપરોકત સંદેશો મળતાં જ આપ હઝરતે તમામ મુહાજીરો સાથે આ બાબતે મશવરો કર્યો. તમામ મુહાજીરોએ એકીમતે ઝાહેર કર્યું કે : "અમારી તમામની ખુશી છે કે ભાઈ સૈયદ ખુન્દમીર જ આવનારા આલિમોની દલીલોનો જવાબ આપવાને લાયક છે." તો હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ ફરમાવ્યું કે : "આપણા ખુંદકાર હઝરત મહેદી (અ.સ.)ના સદકાથી કુરઆનના એક-એક હરફથી-અલિફથી સીન સુધી, હઝરત મહેદી (અ.સ.)ની મુબારક ઝાત હક ઉપર છે, તે ઈન્શા અલ્લાહ, સાબીત કરી બતાવીશ." હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)નો આ જવાબ સાંભળી તમામ મુહાજીરોએ આપનાથી બૈઅત કરી અને કહ્યું કે : "ભાઈ સૈયદ ખુન્દમીર આપણામાં સૌથી બુઝુર્ગ છે."

અહીં જાલોરમાં બહારથી આવનારા આલિમો સાથે બહસ-દલીલો માટેની ચર્ચા-વિચારણાઓ-તૈયારીઓ થઈ રહી હતી. અને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) દલીલોના જવાબો આપનારા છે, તેવી વિરમગામમાં ભેગા થયેલા આલિમોને જાણ થતાં જ તેમની દલીલોના સજ્જડ જડબાતોડ જવાબ આપવાની હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ખુદાદાદ કુવ્વત અને લિયાકતથી અગાઉથી વાકેફ એવા આલિમોએ જાલોર આવવાનું માંડી વાળ્યું અને પીછેહઠ કરી. કારણ કે, તેઓ સારી પેઠે જાણતા હતા કે બહસ-દલીલોમાં તેઓ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) સામે કોઈ પણ હિસાબે ફાવી શકશે નહીં અને તેમને મહેદવિય્યતની તસ્દીક કર્યા વિના છુટકો થશે નહીં. તેથી બહસ-દલીલો કરવા માટે તેમણે અગાઉથી કહેવડાવેલ હોવા છતાં, તેઓએ પીછેહઠ કરી અને જાલોર આવ્યા જ નહીં. (પંજ ફઝાઈલ : પાન-૬૬,૬૭) આપણે ઉપર જોયું, તે પ્રમાણે લગભગ તમામ મુહાજીરોએ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ફઝીલતને એકી મતે માન્ય કરી

હતી અને હઝરત બંદગીમિયાં શાહ દિલાવર (રઝી.) તો ત્યાં સુધી પોકારી ઉઠયા કે : "હઝરત ખાતેમુન્ નબી (અ.સ.)ને કુરઆન શરીફથી, અને હઝરત ખાતિમે વિલાયત (અ.સ.)ને કુરઆન શરીફના બયાનથી ફઝલ છે અને આપણામાંથી ભાઈ સૈયદ ખુન્દમીરને આવા કામોમાં જે રીતે નવાજ્યા છે, તે જોતાં તેઓ આપણા સૌ માં અફઝલ, બુઝુર્ગ અને અકરમ છે." અને તમામ મુહાજીરોએ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ફઝીલતની બૈઅત કરી.(ખાતિમે સુલેમાની, ગુલશન-૬, ચમન-૧)

## (૨૬) જાલોરમાં દાયરા દરમ્યાનના કેટલાક પ્રસંગો

જાલોરમાં આપ હઝરતના મુકામ દરમ્યાન બનેલા કેટલાક બનાવો-પ્રસંગો જે બોધદાયક અને પ્રેરણારૂપ છે તેનો અતરે ઉલ્લેખ કરવામાં આવે તો તે અસ્થાને નહીં જ ગણાય.

જાલોરથી આપ હઝરત એક વખત દીનની દા'વત (તબ્લીગ) માટે ખંભાત શહેર તરફ ગયા. ત્યાંના એક મુસદ્દિકે આપને "અલ્લાહ દિયા" કહી પૈસા આપતાં, આપ હઝરતે તેમ કહી લેવાનો ઈન્કાર કર્યો કે : "બંદો અહીં દીનની દા'વત માટે આવ્યો છે, પૈસા લેવા માટે નહીં." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૧૩)

જાલોરમાં એક દિવસ અસરની નમાઝ પછી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) કુરઆનનું બયાન ફરમાવતા હતા. તે વખતે હૈદર-ઉલ-મુલ્ક નામી એક અમીર-જેઓ પોતે મહેદવી-મુસદ્દિક હતા, તેઓના નોકર-ચાકરો બયાનમાં હાજર હતા. તેમના નોકરોએ આ અમીરની કુરઆનના બયાન વખતે હાજરી જોઈ, પણ તેમના નોકરોમાંથી એક પણ નોકરે અમીરને માન આપવા માટે ઉભા થવાનું મુનાસિબ ન માન્યું. આ જોઈ તે અમીર બહુ જ ગુસ્સે થયા અને કહ્યું કે : "તમે લોકો મારા નોકરો છો, મારો પગાર ખાઓ છો. છતાં મને માન કેમ ન આપ્યું ? જવાબમાં નોકરોએ કહ્યું કે : "મિયાંની હાજરીમાં અમારા માટે મિયાંથી મોટા કોઈ નથી." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૧૫)

જાલોરનો જ એક બીજો પ્રસંગ એવો છે કે એક મુસદ્દિકના બોલાવ્યાથી હઝરત બંદગીમિયાં શાહ નેઅ્મત (રઝી.) તેના ઘરે ગયા. આ વાતની ખબર હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પડતાં જ આપ જાલોર ગયા. તે વખતે હઝરત શાહ નેઅ્મત (રઝી.)ના ત્યાં ગયા નહીં. તેથી હઝરત બં. મિ. શાહ નેઅ્મત (રઝી.) પોતે હઝરત સિદ્દીકે વિલાયત પાસે પહોચ્યા. અને કહ્યું કે : "તે મુસદ્દિક હિજરત કરવા માંગતો હતો અને તેના સગા-સંબંધીઓ તેને મારી પાસે આવતાં રોકતા હતા, તેથી હું તેના ત્યાં ગયો હતો." હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ ફરમાવ્યું કે : "આપના માટે આ વાત શોભારૂપ નથી. પાછળના લોકો ઉપર આની ખરાબ અસર પડશે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૨૦)

જાલોરમાં લાંબા સમય સુધી દાયરો કર્યા પછી આપ હઝરતે પાટણ તરફ હિજરત ફરમાવી.

## (૨૭) પાટણમાં દાયરો

જાલોરથી હિજરત ફરમાવી આપ હઝરત પાટણ પધાર્યા. પાટણ પધાર્યા પછી આપ હઝરતે દીનની તબ્લીગનું કામ જોર-શોરથી ઉપાડી લીધું. પાટણમાં આપ હઝરતના મુકામ દરમ્યાન મહેદવિય્યતના મુખાલિફ મૌલ્વી-મુલ્લાઓને આપ હઝરતે પોતાની ખુદાદાદ દલીલોથી મહાત કર્યા. એટલું જ નહીં, આમ, લોકોને મહેદવિય્યતનો પૈગામ પહોંચાડવા માટે આપ હઝરત જુમ્અ્આ અને ઈદોના પ્રસંગો પર અચૂક હાજરી આપતા અને મહેદવિય્યતને પેશ કરતા અને ફરમાવતા કે : "અલ્લાહ અને અલ્લાહના રસૂલ (સ.અ.વ.)એ જે મહેદી-એ-મૌઊદનો વાયદો ફરમાવ્યો હતો, તે મહદી-એ-મૌઊદ હઝરત સૈયદ મોહમ્મદ જૌનપુરી-આવ્યા અને ગયા અને હવે કોઈ મહેદી આવવાના નથી."

આપ હઝરતની તનતોડ મહેનત અને તબ્લીગના કારણે લોકોને ખરા-ખોટાની તમીઝ આવતાં, કેટલાયે સમજુ અને સમજદાર આલિમો અને હજારોની સંખ્યામાં આમ લોકો દાયરાએ મહેદવિયામાં દાખલ થવા માંડયાં. ગૈર મહેદવિયોની

કિતાબોમાં લખ્યા પ્રમાણે-એ ઝમાનામાં ગુજરાતમાં સાત લાખ મહેદવિયો હતો. એકલા હઝરત સિદ્દીકે વિલાયતના ત્રણ લાખ મુરીદો હતા. એ હિસાબે જોઈએ તો હઝરત મહેદી (અ.સ.)ના બીજા ત્રણ ખલીફાઓ-(૧) હઝરત બંદગીમિયાં શાહ નેઅ્મત (રઝી.) (૨) હઝરત બંદગીમિયાં શાહ નિઝામ (રઝી.) અને (૩) હઝરત બંદગીમિયાં શાહ દિલાવર (રઝી.) તથા બીજા સહાબીઓના મુરીદોની સંખ્યા ગણતાં, એ ઝમાનામાં ગુજરાતમાં સાત લાખ મહેદવિયોની સંખ્યા હોવાની હકીકત નિશંકપણે સાબિત થાય છે.

મહેદવિયોની સંખ્યામાં રોજ બ-રોજ થતો વધારો તથા હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની મકબૂલિયત મતલબી મૌલ્વીઓ અને દુનિયાદાર પીરોથી જોઈ શકાઈ નહીં. તેઓએ ફરીથી હુકૂમતનો સહારો લઈ, આપ હઝરતની પાટણથી હિજરત કરાવતાં-આપ હઝરત પાટણથી વાઘેલા, સુલખ્ખનપુર, બારગર, ભદ્રેવાલી, સીતા, કાકર, થરા, ખંભાત બંદર, ઝીંઝુવાડા વિગેરે મુકામો પર હિજરત કરી ગયા.

## (૨૮) ઝીંઝુવાડામાં દાયરો

આગળ જણાવ્યા પ્રમાણે આપ હઝરતે થોડા-થોડા સમયે જુદા-જુદા ગામોમાં દાયરાઓ કરી, છેવટે આપ હઝરતે ઝીંઝુવાડા ગામે આવી એવી જગ્યાએ દાયરો કર્યો, જે બિલકુલ વેરાન અને પડતર હતી. જ્યાં કોઈ જાતની ખેતી થઈ શકતી ન હતી અને કોઈના કશા પણ ઉપયોગમાં આવે તેવી ન હતી. આવી બેકાર-બંજર જમીનમાંના આપના મુકામને પણ મતલબી મૌલ્વીઓ અને દુનિયાદાર પીરો જોઈ શકયા નહીં, તેમણે સ્થાનિક હાકેમોને હાથ ઉપર લઈ, અહીં ઝીંઝુવાડાથી પણ આપ હઝરતની હિજરતના માટે ઝબરદસ્તી કરવા માંડી. પણ જેમની રગોમાં હૈદરી ખૂન વહેતું હતું-એવા શેરે ખુદા, સિદ્દીકે વિલાયત (રઝી.)એ સાફ-સાફ શબ્દોમાં સ્થાનિક હાકેમોને સંભળાવી દીધું કે : “જે જમીનના ઉપર અમોએ દાયરો કર્યો છે, તે કોઈ કામની નથી. વેરાન અને પડતર છે. સુલ્તાનના કોઈ ખપની કે ઉપયોગની નથી.

અમો અહીંથી ખસવાના નથી અને અમો અહીં જ અમારો દાયરો ચાલુ રાખીશું."

આપ હઝરતના ઉપરોકત સીધા-સાદા શબ્દોમાં મનઘડત વધારો કરી, મતલબી મૌલ્વીઓએ બાદશાહ સમક્ષ રજૂઆત કરી કે : "સૈયદ ખુન્દમીર, હવે અહીં ખુદની પોતાની આગવી હુકૂમત જમાવવા માંગે છે." તેઓએ આપ હઝરતના ઉપર નાહકના ખોટા તોહમતો લગાવ્યા અને સુલ્તાનને હુકૂમત હાથથી જતી રહેવાનો ડર બતાવી, બહુ જ ભડકાવી ઉશ્કેર્યો. જેથી સુલ્તાને એ લોકોની વાતોમાં આવી જઈ સ્થાનિક હાકેમોને ફરમાન જારી કરી જણાવ્યું કે : "સૈયદ ખુન્દમીરને અને તેમના સાથીઓને ઝીંઝુવાડામાંથી બળજબરીથી તાત્કાલિક હઠાવી દેવામાં આવે અને જો સમઝાવટથી ન ઉઠે તો લશ્કર વડે તેમના ઉપર હુમલો કરી એમને એ કતલ કરી દેવામાં આવે."

ઉપરોકત સુલ્તાની ફરમાન ઉપર અમલ કરવામાં આવે તે પહેલાં મલેક પ્યારા-જેઓ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના બનેવી હતા અને ખાંભેલના ખુદ મુખત્યાર જાગીરદાર હતા, તેમને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના ફરઝંદો-જેઓ પોતાના ફોઈ સાહબાને મળવા સારૂ ખાંભેલ આવ્યા હતા, તેમની મારફતે આ વાતની ખબર મળતાં જ મલેક પ્યારા બહુ જ બેચૈન રહેવા લાગ્યા. તેમણે બહુ જ બેકરારી અને પરેશાનીમાં રાત પસાર કરી પોતાના સિપાહીઓ લઈને સવાર થતાં, સીધા ઝીંઝુવાડા પહોંચ્યાં અને બહુ જ આજીજી તથા આગ્રહ કરી, આપ હઝરતને દાયરાના તમામ ફકીરોની સાથે હિજરી સન-૯૨૫ માં ખાંભેલ લઈ આવ્યા. (દફ્તરે બુરહાન : ભાગ-૧, રૂકન-૫, બાબ-૬)

## (૨૯) ખાંભેલમાં આખરી દાયરો

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને પોતાની અંગત જાગીર-ખાંભેલ લાવ્યા પછી, મલેક પ્યારાએ આપ હઝરતને દાયરા માટે ખાંભેલમાં પોતાની આગવી માલિકીનો એક આલીશાન બાગ અલ્લાહ દિયા કાઢી આપ્યો. ઉપર જણાવ્યા પ્રમાણે ખાંભેલ-મલેક પ્યારાની સ્વતંત્ર અને અંગત જાગીરનું ગામ હતું, અને મલેક પ્યારાને

ગુજરાતના સુલ્તાને સંપૂર્ણ સ્વતંત્ર આપેલ હતી. વળી, મલેક પ્યારાની બહાદુરી-જવામર્દીના કારણે સુલ્તાન મલેક પ્યારાથી બહુ જ પ્રભાવિત રહેતો હતો, એટલે આપ હઝરતને અહીંથી કોઈ બળજબરીથી હિજરત કરી કરાવી શકે તેમ હતું જ નહી. આમ, આપ હઝરતે હિજરી સન-૯૨૫ થી ૯૩૦ ના પુરા પાંચ વરસ સુધી (મલેક પ્યારાને હિજરી સન-૯૩૦ માં અમદાવાદ મુકામે શહીદ કરી દેવામાં આવ્યા, ત્યાં સુધીના પૂરા પાંચ વરસ) સંપૂર્ણ સુકૂન અને શાંતિથી ખાંભેલમાં પસાર કર્યા.

આપ હઝરતે હિજરી સન-૯૨૫ થી ૯૩૦ ના પૂરા પાંચ વરસ ખાંભેલમાં રહી તબ્લીગ-પ્રચારના કામને કોઈ જાતની રોક-ટોક વગર આગળ ધપાવ્યે રાખ્યું. આપ હઝરતે ખાંભેલથી જુમ્આ તથા ઈદોના પ્રસંગોએ પાટણ તથા અમદાવાદ જઈ સુબૂતે મહેદી ઉપર તકરીરો-બયાનો નો સિલસિલો શરૂ કરી દીધો. જેના કારણે હજારોની સંખ્યામાં લોકો તસ્દીક કરવા માંડયા. એક વખત અમદાવાદ મુકામે સાબરમતી નદીના કિનારે બાર હજાર (૧૨,૦૦૦)ની સંખ્યામાં ફૌજી અફઘાનોએ મહેદવિય્યતની તસ્દીક કરી, જેમની ઔલાદ આજે પણ રાજસ્થાનના જયપુર અને આજુબાજુના ગામોમાં બારા બસ્તીના નામે ઓળખાય છે. તથા આંધ્રના હૈદરાબાદમાં અને કર્ણાટકના ચન્નાપટના, કિરગાવલ વિગેરે મુકામો ઉપર જોવા મળે છે.

સાબરમતીના કિનારે બાર હજાર (૧૨,૦૦૦) અફ્ઘાન ફૌજીઓની એક સાથે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના મુબારક હાથ ઉપર તસ્દીક કરવાના બનાવે મૌલ્વીઓના પેટમાં તેલ રેડાયું. પરંતુ મલેક પ્યારાની દહેશત અને સુલ્તાન મુઝફ્ફર ઉપરના તેમના પ્રભાવના કારણે મૌલ્વીઓ-જેઓ શાંત બેઠા હતા, તેમણે એક બનાવ બનતાં ફરીથી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની વિરૂધ્ધ પોતાની કોશીશો શરૂ કરી દીધી. બન્યું એવું કે મલેક પ્યારાએ દુનિયા તર્ક કરતાં-તેઓ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની રઝા મેળવી, પોતાની જાગીર-મનસબ પોતાના દિકરા મલેક રાજાના નામ ઉપર કરાવવા માટે સુલ્તાનના દરબારમાં ગયા. સુલ્તાને ખુશીની સાથે

મલેક પ્યારાની જાગીર-મનસબ મલેક રાજાના નામ ઉપર કરી આપી. મલેક પ્યારા આ કામ પતાવી ખાંભેલ પરત આવી ચડ્યા હતાં. તે વખતે સુલ્તાનનો એક ગુલામ- જે મલેક પ્યારાનો કટ્ટર વિરોધી હતો, તેણે મલેક પ્યારાને ગાફેલ જોઈ, પાછળથી ઘા કરી, મલેક પ્યારાને શહીદ કરી દીધા. આમ, મલેક પ્યારા-જેમના સાથ-સહકારથી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) તબ્લીગનું કામ બહુ જ શાંતીથી કરી રહ્યા હતા, તેમની રહેલત થતાં જ મૌલ્વી-મુલ્લાઓએ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) સામેની પોતાની કોશીશો ફરીથી શરૂ કરી દીધી.

આ મૌલ્વી-મુલ્લાઓએ ફરીથી સુલ્તાનના દરબારમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની વિરૂધ્ધ પોતાની કોશીશો શરૂ કરી દીધી અને ખાંભેલથી તેમની હિજરતના માટે સુલ્તાનને મજબૂર કર્યો.

## (૩૦) સમસ્ત ગુજરાતના આમ મહેદવીયો ઉપર ઝુલ્મો-સિતમ

ઉપર જણાવ્યા પ્રમાણે મલેક પ્યારાના દુનિયામાંથી ઉઠવાની સાથે જ થોડાક સમય માટે શાંત બેઠેલા મૌલ્વી-મુલ્લાઓને મલેક પ્યારાની જે દહેશત હતી-તે દૂર થતાં જ, તેઓએ અમદાવાદ શહેર અને આજુબાજુ સમસ્ત ગુજરાતમાં આમ મહેદવીયો ઉપર ઝુલ્મો-સિતમ અને સતામણીઓના કોરડા વીંઝવા માંડયા. મોઅર્રક-એ-બદરે વિલાયત (ઉર્દુ) પાન-૨૦૭ ઉપર જણાવ્યા પ્રમાણે મહેદવીયોની રોજ બ-રોજની તરક્કી જોઈ-હસદની આગમાં બળતા મૌલ્વી-મુલ્લાઓએ, એક ફતવો બહાર પાડયો કે : "મહેદીનો દીન શરીઅતની મુવાફિક નથી. મહેદવી એક નવો મઝહબ છે. મહેદવીયો બિદઅતી છે. મહેદીને ન માનનારને મહેદવીયો કાફર કહે છે. એક મહેદવીને મારનારને અનેક લુટારાઓને કતલ કરવાનો તથા હજ કરવાનો સવાબ મળશે." આવો ખોટો-મનઘડત ફતવો બહાર પાડી-એક તરફ ભોળા મુસ્લિમોને ભડકાવ્યા, એટલું જ નહી, બીજી તરફ ગુજરાતના સુલ્તાનને એમ કહી ઉશ્કેર્યો કે : "મહેદવીયોની કતલ માટેનો ફરમાન બહાર પાડવાથી આપે ઈસ્લામની બહુ જ મોટી ખિદમત કરી છે, તેમ કહેવાશે. અને જો મહેદવીયોને

ગુજરાતમાંથી ખતમ કરવામાં નહી આવે તો તમારી ગુજરાતની હુકૂમત ખતમ થઈ જશે." સુલ્તાન મૌલ્વી-મુલ્લાઓના કહેવામાં આવી જતાં-આ મૌલ્વી-મુલ્લાઓ જોર પર આવ્યા અને મૌલ્વી-મુલ્લાઓએ ભડકાવેલા-તૈયાર કરેલા, હજારો ગુંડાઓ પૂરા હથિયારો સાથે સજ્જ થઈને શેરીઓ-બજારોમાં નિકળી પડયા અને એકલ-દોકલ મહેદવીને જોઈને તેના ઉપર તૂટી પડતા. તેને મારી-પછાડી તેની પેશાની ઉપર આગમાં તપાવેલા ધગધગતા લોખંડના પંજાઓના નિશાનો કરી દેતા. આમ, સેંકડો મહેદવીયોને સતાવ્યા-પરેશાન કર્યા. પણ એકે મહેદવીને આ સિતમગારો પલ્ટાવી શક્યા નહીં. મહેદવીયોને જેમ-જેમ આ મૌલ્વી-મુલ્લાઓ દબાવતા ગયા, તેમ-તેમ મહેદવીયો ઉભરતા ગયા અને તેમની સંખ્યામાં વધારો થતો જ ગયો. કત્લ તથા ઝુલ્મો સિતમના આ સિલસિલામાં બે જવાન રંગરેઝોની શહાદત બહુ જ દર્દનાક છે. જેની વિગત આપણે આગળ જોઈએ.

## (૩૧) રંગરેઝોની શહાદત

અમદાવાદ મુકામે રંગરેઝોની ગલીમાં બે રંગરેજ ભાઈઓ રહેતા હતા. એકનું નામ મિયાં કબીર (રઝી.) હતું, જ્યારે બીજાનું નામ મિયાં ઈસ્માઈલ (રઝી.) હતું. મોટા ભાઈ-મિયાં કબીરની ઉંમર ૧૮ વરસની, જ્યારે નાના ભાઈ-મિયાં ઈસ્માઈલની ઉંમર ૧૪ વરસની હતી. એકની સાબુની તથા બીજાની રંગની દુકાન હતી. તેઓ પોત પોતાની આ દુકાનો ચલાવી ગુજરાન કરતા હતા. તેઓ સાચા અને પાકા મહેદવીયો હતા. તેમણે પોતાની દુકાનોમાં બેઠે-બેઠે ઢંઢેરો સાંભળ્યો કે : મહેદવીયો કયાં સંતાઈને બેઠા છે ? જે કોઈ મહેદવી હોય તે અમારી રૂબરૂ આવીને મહેદીનો ઈન્કાર કરે, નહીંતર એમને જાનથી ખલાસ કરી દેવામાં આવશે. કોઈ માઈનો લાલ છે કે જે અમારી રૂબરૂ આવી મહેદવીનો ઈકરાર કરે? આ સાંભળતાં જ આ બન્ને ભાઈઓએ પોત પોતાની દુકાનોમાંથી બહાર સડક ઉપર આવી-બુલંદ અવાજથી મહેદીનો ઈકરાર કર્યો. સિપાહીઓએ તેમને મહેદીનો ઈન્કાર કરવા માટે ખૂબ-ખૂબ સમઝાવ્યા. પરંતુ આ બન્ને ભાઈઓ-મહેદીના મતવાલાઓ, એકના બે

ન થયા. મહેદીના ઈકરાર ઉપર સાબિત કદમ રહ્યા અને જોર શોરથી કહેવા માંડયા કે : "મહેદી આવ્યા અને ગયા અને મહેદી બરહક છે. હવે કોઈ મહેદી આવવાના નથી." તેઓને સખત માર મારવામાં આવ્યો. પરંતુ તેઓ પોતાના ઈમાનથી જરા પણ ડગ્યા નહીં. અને સખત મારના કારણે બેહોશીમાં બેખબર થઈ ગયા. આ રંગરેઝ જવાનોની ઝઈફ માં ને તેના બચ્ચા ઉપર થતાં ઝુલ્મો-સિતમની ખબર પડતાં જ-તેઓ બનાવની જગ્યાએ આવ્યા. સિપાહીઓએ ઝઈફ માં ને કહ્યું કે : "તમારા નાદાન બચ્ચાંને સમઝાવો કે તેઓ મહેદીનો ઈન્કાર કરે." ઝઈફ માં એ બચ્ચાઓ પાસે આવીને કહ્યું કે : "બેટાઓ...! આ આખરી મંઝિલ છે. મહેદીના ઈકરાર ઉપર સાબિત કદમ રહેશો." ઝઈફ માં ના ગયા પછી સિપાહીઓએ રંગરેઝ જવાનોને કહ્યું કે હવે મહેદીનો ઈન્કાર કરો તો અમો તમોને જવા દઈશું. જવાનોએ જવાબ આપ્યો કે : "અમારી માં એ મહેદીના નામ પર જાન આપી દેવાની અમોને સલાહ આપી છે. અમારી જાન તમારે લેવી હોય તો લઈ લો, પણ અમો મહેદીનો ઈન્કાર કરીશું નહીં." સિપાહીઓએ તે પછી બન્ને ભાઈઓને ત્યાં જ શહીદ કરી દીધા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૬૭)

## (૩૨) આપ હઝરતે મુલ્લાઓને કતલ કરાવ્યા

રંગરેઝ શહીદોની શાનદાર શહાદતની ખબર-મિયાં મહેમૂદ અમદાવાદીએ પોતે ખાંભેલ જઈ, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને આપી. આપ હઝરત તે વખતે ખાવા માટે બેઠા હતા. મિયાં મહેમૂદ અમદાવાદની મારફતે રંગરેઝ શહીદોની શહાદતની વિગતો સાંભળી-હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ એ જ વખતે ખાવાનું મૂકી દઈ, ઉભા થઈ ગયા અને ફરમાવી ઉઠ્યા કે : "આ બન્ને રંગરેઝ ભાઈઓ બંદાની આવનારી શહાદતના ઈમામ છે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૬૯) આપ હઝરત (રઝી.)એ ફતવો બહાર પાડનાર મૌલ્વી-મુલ્લાઓ પાસેથી ફતવો માંગ્યો કે : "જે મુસ્લિમો શરીઅતના પાબંદ હોય, તેમના કતલનો ફતવો આપનારના માટે શરીઅતમાં શું હુકમ છે ?" મુલ્લાઓએ જવાબ આપ્યો કે :

"એવો ફતવો આપનાર કતલ કરવાને લાયક છે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૭૭)

મુલ્લાઓ તરફથી ઉપર મુજબનો જવાબ મળતાં જ આપ હઝરતે રંગરેઝ જવાનોની શહાદતનો બદલો લેવા માટે તલવાર ઉઠાવી અને ફરમાવ્યું કે : "માસૂમ રંગરેઝ જવાનોની શહાદતનો બદલો-ઈન્શા અલ્લાહ બંદો જરૂર લેશે. હઝરત મહેદી (અ.સ.)ના ફરમાન મુજબ 'કાતલૂ વ કુતિલૂ' નો સમય આવી ગયો છે. મારા સાથીઓમાંથી જે લોકો મરવા-મારવા માટે તૈયાર હોય, તેઓ મારા હાથ ઉપર બૈઅત કરે. જેઓ મારી સાથે સંમત ન હોય તેઓ આજે જ મારાથી જુદા થઈ જાય." આમ, કહી આપે ફરમાવ્યું કે : "જયાં સુધી આ મુલ્લાઓને હું ખતમ નહીં કરૂ-ત્યાં સુધી હું ચૈનથી બેસીશ નહીં." આમ, કહી આપે ફરમાવ્યું કે : "આ મુલ્લાઓને જહન્નમ રસીદ કરવા માટે હું જઈ રહ્યો છું. પરંતુ બંદગી મલેક ગૌહર (રઝી.)ના સમજાવ્યા પછી આ કામ આપ હઝરતે હઝરત બંદગી મલેક ગૌહરને સુપ્રત કર્યું અને તેમની મદદમાં આપ હઝરતે છ બહાદુરોને રવાના કર્યો. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૭૭) તેના પહેલાં હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.)ને ત્રણ મુખ્ય મુલ્લાઓ પૈકીના-મુલ્લા કબીરને નસીહત કરવા માટે મોકલ્યા, પરંતુ મુલ્લા કબીરે બહુ જ આજીજી સાથે કહ્યું કે : "પોતે આ સાઝીશથી બિલકુલ અજાણ છે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૮૩) જેથી હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.)એ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) પાસે આવી હકીકત જાહેર કરતાં આપ હઝરતે ફરમાવ્યું કે : "મુલ્લા કબીરનો બાદમાં ખાતમો કરજો." જેથી હઝરત બંદગી મલેક ગૌહર (રઝી.)એ પોતાના સાથીઓને લઈને બાકીના બે મુલ્લાઓ-મુલ્લા હમીદ તથા મુલ્લા અનારૂદ્દીનને જહન્નમ રસીદ કર્યા. હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને આ ખબર મળતાં જ આપે ફરમાવ્યું કે : "તમોએ બંદાના દિલને ઠંડક પહોંચાડી છે. ખુદા તમને ઠંડક આપશે." (મોઅર્રક-એ-બદરે વિલાયત : પાન-૨૩૪)

## (૩૩) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) ઉપર ચઢાઈ કરવા માટે ઐનુલ મુલ્કે બીડું ઝડપ્યું

મહેદવીયો ઉપર ઝુલ્મો-સિતમ તથા સતામણીઓ અને કતલનો ફતવો બહાર પાડનાર મુલ્લાઓ પૈકીના બે મુલ્લાઓ ઉપરની વિગતે જહન્નમ રસીદ થતાં જ બીજા મુલ્લાઓ અને ફિસાદીઓએ સુલ્તાનના દરબારમાં શિકાયત કરી કે : "સૈયદ ખુન્દમીરના હાથમાંથી બચવું હવે મુશ્કેલ થઈ પડયું છે. એમને હુકૂમતનો પણ કોઈ જ ડર રહ્યો નથી. તેઓએ બગાવત ઉપક કમર કસી છે. સુલ્તાન તેમનું માથું કુચલશે નહીં, તો હુકૂમતથી હાથ ધોવા પડશે. આ ફકીર (સૈયદ ખુન્દમીર)ના સામે મોટા-મોટા અમીરો પણ ઝુકી ગયા છે." મુલ્લાઓ અને ફિસાદીઓની આ જાતની ઉશ્કેરણીઓમાં આવી જઈ સુલ્તાને આપ હઝરતના ઉપર ચઢાઈ કરવાનો અને તેમને કતલ કરવાનો પાકો ઈરાદો કરી લીધો. પરંતુ સુલ્તાનના નામી સરદારો-જેઓ આપ હઝરતથી સારી રીતે વાકેફ હતા, તેઓ આપ હઝરત સાથે લડાઈ લડવા માટે તૈયાર ન થયા. આખરે "ઐનુલ મુલ્ક" નામના એક સરદારે આપ હઝરત સામે લડાઈ કરવા માટેનું બીડું ઝડપ્યું. અને ૧૫ હજાર ઘોડેસવારો તથા ૨૫ હજાર પૈદલ મળી, કુલ ૪૦ હજારના લશ્કર-જેમાં ૧૮ જંગી હાથીઓ, મોટું તોપખાનું હતું, તે બધું લઈ પૂરી તૈયારીઓ સાથે ઐનુલ મુલ્ક ચાંપાનેરથી રવાના થયો. આ સાંભળી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) બહુ જ ખુશ થયા અને ફરમાવ્યું કે : "'કાતલૂ વ કુતિલૂ' ની જે આગાહી ઈમામુનાએ વરસો પહેલાં કરી હતી, તે શુભ ઘડી આવી પહોંચી છે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૮૭)

## (૩૪) ઐનુલ મુલ્કે શાહી વકીલ-શાહ તાજને આપ હઝરતના દાયરામાં જરૂરી માહિતી મેળવવા માટે મોકલ્યા

ઐનુલ મુલ્કે ચાંપાનેરથી આવી-ઘડિયાલમાં મુકામ કર્યો, અને ત્યાંથી શાહી વકીલ-શાહ તાજને આપ હઝરતના દાયરામાં ખાંભેલ મુકામે જરૂરી માહિતી મેળવવા માટે રવાના કર્યો. અને શાહ તાજ સાથે હઝરતને શું કહેવડાવ્યું કે : "ગુજરાત છોડી કહીં બીજે ચાલ્યા જાવ, અથવા સુલ્તાનના લશ્કર સાથે લડાઈ માટે તૈયાર થઈ જાવ." આપ હઝરતે શાહ તાજ સાથે ઐનુલ મુલ્કને જવાબમાં કહેવડાવ્યું

કે : "તમારા ઐનુલ મુલ્કને સાફ-સાફ શબ્દોમાં કહી દો કે ઐનુલ મુલ્ક તો શું પણ ખુદ સુલ્તાન પણ કહે તો બંદો અહીંથી ખસવાનો નથી." મિયાં શાહ તાજે આપ હઝરતને અરજ કરી કે : "આપ પાસેની સંખ્યા શાહી લશ્કરના હિસાબમાં આટામાં નમક બરાબર છે. આપ હઝરતે જવાબમાં ફરમાવ્યું કે : "બંદાના મહેદીના ફરમાન મુજબ, પહેલા દિવસે બધો આટો ઉડી જશે અને નમક રહી જશે." આપ હઝરતે વધુમાં ફરમાવ્યું કે : "મારા મહેદીના ફરમાન મુજબ, મારા મુકાબલામાં એક મુઝફ્ફર તો શું! પણ સાત મુઝફફરો હશે-તો પણ પહેલા દિવસે ઈન્શા અલ્લાહ, બંદાની ફતેહ થશે અને બીજા દિવસે બંદો પોતાના સો સાથીઓ સાથે શહીદ થશે અને અમારા ધડો, માથા અને ચામડી જુદા-જુદા થઈ, ત્રણ જુદી-જુદી જગ્યાઓ ઉપર દફન થશે." (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૮૮)

## (૩૫) શાહ તાજની આપ હઝરત પાસેથી વાપસી

શાહ તાજ-શાહી વકીલે આપ હઝરત પાસેથી આવી, ઐનુલ મુલ્કને આપ હઝરત સાથેની પૂરી વાતચીતથી વાકેફ કર્યો. શાહ તાજે ઐનુલ મુલ્કને કહ્યું કે : "આપ હઝરત પાસે મરવા-મારવા માટે તૈયાર કેટલાએ ફિદાઈઓ છે, જેમાં (૧) સૈયદ ખુન્દમીર પોતે (૨) સૈયદ અતન તેમના ભાઈ, (૩) મલેક ઈલાહદાદ તથા (૪) મલેક હમ્માદ તેમના મામાઓ, (૫) મલેક યાકુબ, (૬) મલેક ઈસ્માઈલ તેમના જમાઈ તથા (૭) સૈયદ ખાનજી તેમના માસીયાઈ ભાઈ જેવા ગુજરાતના સાત બહાદુરો-જેઓ ગુજરાતની સાત તલવારો તરીકે ઓળખાય છે, મુખ્ય છે. શાહ તાજની આ રજુઆત સાંભળી ઐનુલ મુલ્ક બહુ જ પરેશાન થયો. છતાં તે આગળ વધ્યો અને ખાંભેલ પાસે આવી પડાવ નાખ્યો અને પોતાની ફૌજના સાત ભાગ પાડી, દાયરા તરફ કૂચ કરી. ઐનુલ મુલ્કના લશ્કરમાં હથિયારો-તીરો-તલવારો-તોપો તથા જંગી હાથીઓથી સજ્જ એવા ૪૦ હજાર સિપાહીઓ હતા. જ્યારે અહીં દાયરામાં જૂજ ગણ્યા-ગાંઠયા હથિયારો લઈને, મરવા માટે તૈયાર, ગણતરીના ૬૦ થી પણ ઓછા ફકીરો હતા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૧૮૯)

## (૩૬) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની ઐનુલ મુલ્કનો સામનો કરવા રવાનગી

સવારના સમયે દાયરામાં શોર થયો કે : ઐનુલ મુલ્કનું લશ્કર દાયરામાં ઘુસી ગયું છે. આ શોર સાંભળતાં જ આપ હઝરતે સો ફકીરોમાંથી જે એક્તાલીસ (૪૧) પૈદલ હતા, તેમને એક હદ નક્કી કરી. તેમાંથી ન ખસવાની તાકીદ સાથે દાયરાની હિફાઝત માટે મૂકયા અને પોતે ઘોડા ઉપર સવાર થઈ, સાઈઠ (૬૦)થી પણ ઓછા સવારોને સાથે લઈ, ઐનુલ મુલ્કના મુકાબલા માટે આગળ વધ્યા. તે વખતે આપ હઝરતના લખ્તે જીગર-હઝરત સૈદનજી ખાતમુલ મુર્શિદ (રઝી.)-જેમની વય તે વખતે ફક્ત સાત વરસની હતી, તેઓ આપની ગોદમાં ઘોડા ઉપર સવાર થઈ ગયા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૦૧)

## (૩૭) હઝરત સૈદનજી ખાતમુલ મુર્શિદ (રઝી.)ની આ નૂરાની નજરની કરામત

આપ હઝરતે મેદાનમાં આવી-સામે ઉભેલા હજારોના લશ્કરને લલકારવાનું શરૂ કર્યું, પરંતુ આપ હઝરતની ગોદમાં બેઠેલા હઝરત સૈદનજી ખાતમુલ મુર્શિદ (રઝી.)ની નૂરાની નજરના પ્રતાપે સામે દુશ્મનોની હજારોની સંખ્યામાંથી એક પણ આગળ વધ્યું નહીં અને તેમના બધાના પગો જમીન સાથે જાણે જકડાઈ ગયા. આ જોઈ આપ હઝરતે ફરીથી લલકાર કર્યો કે : "દુશ્મનો આગળ કેમ વધતા નથી ?" આપ હઝરતનો આ લલકાર થતાં જ ગૈબી અવાજ આવ્યો કે : "જયાં સુધી આપની ગોદમાં બેઠેલા સૈદનજીની નૂરાની નજર દુશ્મનો ઉપર છે-ત્યાં સુધી, તેમની શી મજાલ છે કે તેઓ એક કદમ પણ આગળ વધે." આ ગૈબી અવાજ સાંભળતાં જ-આપ હઝરત સૈદનજી (રઝી.)ને પોતાની ગોદમાંથી દૂર કરી, દાયરા તરફ રવાના કરી દીધા. તે પછી જ દુશ્મનો આગળ વધી શકયા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૦૨)

## (૩૮) કાતલૂની બશારતનું પુરૂં થવું અને આપ હઝરતની કામિયાબી

હઝરત સૈદનજી (રઝી.)ને દાયરામાં રવાના કર્યા બાદ જ દુશ્મનનું લશ્કર આગળ વધ્યું, તે જોઈ આપ હઝરત મ્યાનમાંથી તલવાર બહાર કાઢવા માંડી. જેવી તલવાર મ્યાનમાંથી ફક્ત ચાર આંગળ જ બહાર નીકળી હતી કે તે જ વખતે ગૈબમાંથી અવાજ આવ્યો કે : "અય સૈયદ ખુન્દમીર...! જરા આસમાન તરફ નજર કર." ઈલાહી ફરમાન મુજબ જેવી આપ હઝરતે આસમાન તરફ નજર કરી તો જોયું કે ફરિશ્તાઓ પોતાની તલવારો મ્યાનોંમાંથી ચાર-ચાર આંગળ કાઢીને ઉભા હતા, તે જ વખતે ઈલાહી ફરમાન થયું કે : "અય સૈયદ ખુન્દમીર...! તું તલવાર ચલાવશે તો દુનિયામાં કયામત આવી જશે. તારી સાથે જ આ ફરિશ્તાઓ પણ તલવારો ચલાવશે અને કોઈ પણ જીવતો બચશે નહીં." આ ઈલાહી ફરમાન સાંભળતાં જ આપ હઝરતે તલવાર મ્યાન કરી દીધી અને બરછાથી કામ લીધું. બરછો તુટી જતાં આપ હઝરતે કોરડો હાથમાં લીધો. કોરડાની કરામત કુદરતના કહેર જેવી હતી. આ કોરડાએ સેંકડો-હજારોને જહન્નમ રસીદ કર્યા. ૧૮ જંગી હાથીઓને પરાસ્ત કર્યા. આ હાથીઓએ અને ઐનુલ મુલ્કની તોપોએ ખુદ પોતાના લશ્કરના સિપાહીઓને નેસ્તો-નાબુદ કરી દીધા. ઐનુલ મુદ્દે પોતાના માણસો સાથે મેદાનથી પીછેહઠ કરી અને ખાંભેલ પાસેના જંગલમાં સાંસ લેવા માટે રોકાયો. જયાં રાતના અંધારામાં આપ હઝરત દાયરામાં પાળેલા રાખેલા મોરોના ઉડવાથી, તેમની પાંખોએ જે અવાજ કર્યો-તે સાંભળી ઐનુલ મુલ્કના લશ્કરમાં દહેશત પૈદા થઈ કે મહેદવીયોએ પાછા આવી હુમલો કર્યો છે. ઐનુલ મુલ્ક પોતાના લશ્કર સાથે એવો ભાગ્યો કે કડી આવી દમ લીધો અને આપ હઝરત કામિયાબ થઈ દાયરા તરફ પધાર્યા. આમ, હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવેલ કાતલૂ ની બશારત પૂરી થઈ. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૦૭)

## (૩૯) દાયરાની હિફાઝત માટે રાખેલા ૪૧ ફકીરોની શહાદત

આપ હઝરત લડાઈના મેદાનમાં મશરૂફ હતા, તે વખતે દાયરાના મુહાફિઝ

તરીકે રોકવામાં આવેલા હથીયારો વગરના એકતાળીસ (૪૧) ફકીરો ઉપર ઐનુલ મુલ્કના સિપાહીઓમાંથી બે હજાર જેટલા હબસીઓએ એકા-એક હુમલો કરી બધાને શહીદ કરી દીધા. આપ હઝરત મૈદાનમાંથી વિજયી થઈ દાયરા તરફ આગળ વધ્યા. રસ્તામાં આપે એક ઝાડ નીચે ઝોહરની નમાઝ અદા કરી, તે વખતે દુશ્મનોમાંથી એક-જે એટલામાં જ કહીં સંતાઈને ઉભો હતો, તેણે આપ હઝરતના ઉપર તીર ફેંકી આપ હઝરતની એક આંખને બહુ જ સખત રીતે ઝખ્મી કરતાં, આપ હઝરતે પોતે તે તીર આંખમાંથી ખેંચી કાઢી, તેના ઉપર પટ્ટી બાંધી, સ્વસ્થ થઈ, ઘોડા ઉપર સવાર થઈ, દાયરા તરફ કૂચ કરી. રસ્તામાં ૪૧ ફકીરોની શહાદતની ખબર પડતાં તેઓ બધાને એક જ કબરમાં ખાંભેલના તળાવના કિનારે દફન કર્યા. જે ૪૧ શહીદોના મુબારક નામો-હઝરત પીરો મુર્શિદ ખૂબમિયાં સાહબ મુહાજીર પાલનપુરીની મશહૂર કિતાબ "સિરાજે મુનીર" ના પાન-૨૭૩ ઉપર જણાવ્યા પ્રમાણે નીચેની વિગતેના છે. આ ૪૧ શહીદોને કૌમમાં ખાંભેલના "ગંજે શોહદા" તરીકે ઓળખવામાં આવે છે.

## (૪૦) ગંજે શોહદા-ખાંભેલના મુબારક નામોની યાદી

(૧) મિયાં સૈયદ યાકૂબ (કાઝીખાનના જમાઈ)

(૨) મિયાં શાહજી (અમદાવાદ પાસેના દાસેજના વતની)

(૩) મિયાં તાજન (ભરૂચ પાસેના અસાવલના વતની)

(૪) મિયાં તાજુદ્દીન જાલોરી

(૫) મિયાં હુસામુદ્દીન પટણી

(૬) મિયાં કુત્બુદ્દીન રફીયુદ્દીન

(૭) મિયાં કાલા બીન યૂસુફ ("ઈન્સાફ નામા"ના લેખક મિયાં વલીજી ગાઝીના ભાઈ)

(૮) મિયાં પીરમોહમ્મદ બિન મિયાં અતા

(૯) મિયાં પીરમોહમ્મદ મુલ્તાની
(૧૦) મિયાં હિસામુદ્દીન માઝન્દરાની
(૧૧) મિયાં અહમદ બિન શમ્મન (શમસુદ્દીન)
(૧૨) મિયાં કાસિમ બિન શમ્મન
(૧૩) મિયાં મહેમૂદ બંગાલી
(૧૪) મિયાં મહેમૂદ મુહરતરાશ
(૧૫) મિયાંખાન કમાનગર
(૧૬) મિયાં સુલેમાન જાલોરી
(૧૭) મિયાં હાજી સુલેમાન સિન્ધી
(૧૮) મિયાં બહાઉદ્દીન હિન્દુસ્તાની
(૧૯) મિયાં હસન બિન મિયાં ભાઈ મુહાજીર (રઝી.)
(૨૦) મિયાં ભાઈ મેંગલોરી (ઈલાકો કાઠીયાવાડ)
(૨૧) મિયાં બળા બિન યૂસુફ (દફ્તરે અવ્વલ)
મિયાં પીરજી બિન યૂસુફ (ખાતિમે સુલેમાની)
(૨૨) મિયાં શાહજી સિયાહ (દફ્તરે અવ્વલ)
મિયાં શૈખજી સિયાહ (ખાતિમે સુલેમાની)
(૨૩) મિયાં સધન હિન્દુસ્તાની (મૂળ નામ સાઅદુદ્દીન પછી સઈદ પછી સધન)
(૨૪) મિયાં ઈબ્રાહીમ હિન્દુસ્તાની
(૨૫) મિયાં યૂસુફ (મિયાં અલીના ભાઈ)
(૨૬) મિયાં બુઢ્ઢુ
(૨૭) મિયાં લાડ-રહેવાસી ડભોઈ
(૨૮) મિયાં સૈયદ હુસ્સાન હજામ જાલોરી
(૨૯) મિયાં આધન હિન્દુસ્તાની (મૂળ નામ સઆદતુલ્લાહ પછી સઆદત

પછી આદત, પછી આદન, પછી આધન)

(૩૦) મિયાં છત્તા બલોચ (મૂળ નામ-શાહતાજ)

(૩૧) મિયાં પીરજી જમશીદ

(૩૨) મિયાં શમશુદ્દીન હિન્દુસ્તાની

(૩૩) મિયાં કમાલુદ્દીન હિન્દુસ્તાની

(૩૪) મિયાં અલાઉદ્દીન દલવાની

(૩૫) મિયાં ઈબ્રાહીમ બિન રાજન (રાજ મોહમ્મદ)

(૩૬) મિયાં હસન બિન ફીરોઝ

(૩૭) મિયાં હસન બિન અલી

(૩૮) મિયાં જમાલુદ્દીન હિન્દુસ્તાની

(૩૯) મિયાં મલેકજી દાસેજી

(૪૦) મિયાં અબ્દુલ્લા મુલતાની

(૪૧) મિયાં ઈબ્રાહીમ મુલતાની (રહમતુલ્લા અલયહિમ્ અજમઈન)

## (૪૧) સુદ્રાસણના જાગીરદાર મલેક શરફુદ્દીન આપ હઝરતની ખિદમતમાં હાજર થયા અને આપ હઝરતને સાથીઓ સાથે સુદ્રાસણ લઈ ગયા

પહેલા દિવસની લડાઈમાં આપ હઝરત સાથીઓ સાથે ઝખ્મોથી ચૂર-ચૂર થઈ ગયા હતા. બે-બે દિવસના ભૂખ્યા-તરસ્યા હતા. આપ હઝરતની આંખમાં તીરના ઝખમથી બેહદ દર્દ થતું હતું. આપ હઝરતની આંખ પર પટ્ટી બાંધેલી હતી. ભૂખ્યા-તરસ્યા અને ઝખ્મી-આપ હઝરતની તથા સાથીઓની આ હાલતના સમાચાર મળતાં જ સુદ્રાસણના જાગીરદાર મલેક શરફુદ્દીન-જેઓ આપ હઝરતના મુરીદોમાંના એક હતા, એકદમ ખાંભેલ દોડી આવ્યા. અને આપ હઝરતની આગળ પોતે જંગમાં શરીક ન થવા માટેની મજબુરી જાહેર કરી. તે સાંભળી આપ હઝરતે

ફરમાવ્યું કે : "ભાઈ સરફુદ્દીન...! આ જંગમાં તમો શરીક ન થઈ શકયા, તેમાં રંજ કરવાની કોઈ જરૂરત નથી. હઝરત મહેદી (અ.સ.)ના ફરમાન મુજબ આ જંગમાં કામિયાબી બંદાના ફકીરોથી જ થવાની હતી. તમો જો જંગમાં શરીક થયા હોત, તો તમારા જેવા બહાદુરના કારણે જ જંગ જીતાયો-તેમ કહેવાતું." તેના પછી સુલ્તાનના લશ્કરે પીછે હઠ કરતી વખતે પૂરા ખાંભેલને તબાહ-તારાજ કરતાં, ત્યાં ભૂખ્યા-તરસ્યા અને ઝખ્મી ગાજીઓ માટે ખાવા-પીવાની તથા ઈલાજ માટેની કોઈ સહુલત ન હોઈ, તેમની જરૂરી ખિદમત કરવા સારૂ, તેમને સુદ્રાસણ લઈ જવા માટેની આપ હઝરત આગળ મલેક શરફુદીને ગુજારીશ કરતાં, આપ હઝરતની તેના માટેની મંજુરી મળતાં, મલેક શરફુદ્દીન બધા ગાજીઓને પોતાની સાથે લઈને સુદ્રાસણ આવ્યા. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૧૧)

## (૪૨) સુદ્રાસણ મુકામે બીજી લડાઈ થઈ અને તેમાં "કુતિલૂ"ની બશારત પૂરી થઈ

સુદ્રાસણમાં આપ હઝરત અને ગાઝીઓની મલેક શરફુદ્દીને જરૂરી ખિદમત કરી. આપ હઝરત અને સાથીઓએ સુદ્રાસણમાં શાંતિથી રાત પસાર કરી. ત્યાં શવ્વાલ મહીનાની ૧૪ મી તારીખે જુમ્આના રોજ-સવારના પહોરે ઐનુલ મુલ્કે, ફરીથી પૂરી તૈયારીઓ સાથે આપ હઝરતના ઉપર ચઢાઈ કરી. આપ હઝરતના મોટા ફરઝંદ હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)એ આવી-આની ખબર આપતાં, આપ હઝરતે તેમને કહ્યું કે : "જાનેમન...! તૈયાર થઈ જાવ, આપણી શહાદતની શુભ ઘડી આવી પહોંચી છે અને હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવેલી 'કુતિલૂ' ની બશારત આજે પૂરી થવાની છે." આ સાંભળતાં જ ઝખ્મોથી ચૂર-ચૂર હઝરત ખલિફ-એ-ગિરોહ જંગમાં ઝુકાવવા માટેની આપ હઝરતની રજા લેવા માટે આગળ આવ્યા. તેમને આપ હઝરતે એમ કહી રોકી દીધા કે : "ભાઈ દાદૂ...! બંદાના નાના બચ્ચાની તાલીમ-તરબિયત માટે અલ્લાહના હુકમથી તમારે હજુ વધુ જીવવાનું છે અને તમારા આ ઝખ્મોના કારણે જ થોડા વરસો પછી તમારી શહાદત થશે અને સો શહીદોની

યાદીમાં તમારી ગણતરી થશે." એમ કહી, આપ હઝરતે હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)ને જંગ શરૂ કરવા માટે ફરમાવ્યું. (બોસ્તાને વિલાયત : ભાગ-૨, પાન-૨૧૨)

## (૪૩) હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)ની અજોડ શહાદત

આપ હઝરત તરફથી જંગ શરૂ કરવા માટેનું ફરમાન થતાં જ હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)એ ઘોડા ઉપર સવાર થઈ દુશ્મનોને સેંકડોની સંખ્યામાં જહન્નમ રસીદ કર્યા. આપ હઝરતના ફરઝંદ સૈયદ જલાલ (રઝી.)થી સીધે સીધો મુકાબલો કરવાનું કઠીન-મુશ્કેલ જણાતાં, દુશ્મનોએ તેમને ચારે તરફથી ઘેરી લઈ, પાછળથી હુમલો કરી તેમને શહીદ કરી દીધા. (ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજેઊન) હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)ની શહાદતના સમાચાર મળતાં જ આપ હઝરતે ખુદાનો શુક્ર અદા કર્યો અને ફરમાવ્યું કે : "ખુદાના દરબારમાં બંદાની નઝર કબૂલ થઈ." વધુમાં આપે ફરમાવ્યું કે : "આ દિવસના માટે જ આ બંદાએ સૈયદ જલાલ (રઝી.)ને પાળી-પોષીને મોટો કર્યો હતો." શહાદતની વખતે હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)-વિલાયતના ચૌદમીના ચાંદની ઉંમર ફક્ત ૧૪ વરસની હતી. ૧૪ વરસની નાની વયે-જે બેજિગરી અને બહાદૂરીથી, હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)એ જંગ કરી સેંકડો દુશ્મનોને જહન્નમ રસીદ કર્યા હતા, તેની વિગતો આપણી કિતાબોમાં જોવા મળે છે.

## (૪૪) હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) તથા હઝરત બંદગી મલેક ગૌહર પોલાદી (રઝી.)ની શહાદતો

હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)ની શહાદતના પછી, ગુજરાતની સાત તલવારોમાંના એક, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના ફિદાઈ, નાસિર, સાથી અને મુસાહિબ-જેઓ આપના હમ શિકલ અને હમનશીન હતા તેવા, હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) આપ હઝરતની ખિદમતમાં આવ્યા અને અરજ કરી કે

: “ભાઈ સૈયદ જલાલ (રઝી.)ની પાછળ-પાછળ બંદો પણ મહેદીના નામ ઉપર માથું આપવાની તમન્ના રાખે છે.” આપ હઝરતે હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ને જંગના મેદાનમાં ઝુકાવવાની ખુશીથી રજા આપી. આપ હઝરત પાસેથી જંગમાં ઝુકાવવાની રજા મળતાં જ હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) ઘોડા ઉપર સવાર થઈ, મેદાનમાં આવ્યા અને સેંકડો દુશ્મનોને જહન્નમ રસીદ કર્યા. દુશ્મનોએ જ્યારે જોયું કે આ જવાંમર્દને જીતવો મુશ્કેલ છે, તો તેમણે બધાએ ભેગા મળી ચારે બાજુથી ઘેરી લઈ આપને ઝખ્ખોથી ચૂર-ચૂર કરી દીધા. આપ ઝખ્મોથી ચૂર-ચૂર થઈ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના કદમોમાં આવી, ઢળી પડયા. આપ હઝરતે ફરમાવ્યું કે : “ભાઈ હમ્માદ, બંદો પણ તમારી પાછળ-પાછળ જ આવે છે.”

હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.)ની શહાદતના પછી, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના ખાસ સાથીઓમાંના એક-જેમણે મુલ્લા હમીદ અને મુલ્લા અનારીયાને કતલ કર્યા હતા અને જેમની બહાદુરીનો ડંકો પુરા ગુજરાતમાં વાગતો હતો, તેવા હઝરત બંદગી મલેક ગૌહર પોલાદી (રઝી.) આપ હઝરતની હુઝુરમાં આવ્યા અને જંગના મેદાનમાં જવાની રજા માગી. આપ હઝરતે હઝરત બંદગી મલેક ગૌહર પોલાદી (રઝી.)ને જંગમાં જવાની રજા આપતાં જ-તેઓ મેદાનમાં આવ્યા, અને દુશ્મનો ઉપર એવો જોરદાર હુમલો કર્યો કે બધાના હોશ ઉડી ગયા. દુશ્મનોના વળતા જવાબમાં આપના બન્ને હાથો કપાઈ જવા છતાં, આપ જંગમાં અડગ રહ્યા અને લડતાં-લડતાં સેંકડોને જહન્નમ રસીદ કરી, છેવટમાં હઝરતના કદમોમાં આવી શહીદ થયા.

## (૪૫) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની બેનઝીર શહાદત

હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) અને હઝરત બંદગી મલેક ગૌહર પોલાદી (રઝી.)ની શહાદતોના પછી-ખુદ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.), શાહી લશ્કરથી મુકાબલો કરવા માટે મેદાનમાં પધાર્યા. આપે ઘોડા ઉપર સવાર થઈ, કોરડાને હાથમાં લઈ દુશ્મનો ઉપર જોરદાર હુમલો કર્યો. આપના ઘોડા અને

કોરડાએ દુશ્મનો ઉપર કુદરતના કહેરની કરામત ઝાહેર કરી કત્લેઆમ ચલાવી. આપ હઝરત મેદાનમાં પુરા ઝોર-શોરથી લડી રહ્યા હતા, તે વખતે આપ હઝરતને હઝરત બંદગી મલેક હમ્માદ (રઝી.) અને બંદગી મલેક ગૌહર પોલાદી (રઝી.)ની શહાદતોની ખબર આપવામાં આવી. આ સમાચાર સાંભળતાં જ આપ હઝરતે પોતાના સાથીઓને ભેગા મળી, દુશ્મનોના ઉપર એકી સાથે હુમલો કરવા માટેની તાકીદ કરી અને આપ હઝરતે ઘોડા ઉપરથી હાથમાંના કોરડાથી એવા હૈદરી જોશ સાથે જોરદાર હુમલો કર્યો કે દુશ્મનોને ફરજીયાત પીછેહઠ કરવી પડી. જવાબમાં ઐનુલ મુલ્કે જોયું કે આપ હઝરતની સામે તેના બહાદુરો ટકી શકતા નથી અને ઝુકી પડયા છે, તો તેણે આપ હઝરતના ઉપર એકી સાથે હુમલો કરવા માટે પોતાના લશ્કરને હુકમ કર્યો. જેના કારણે આપ હઝરતના મુબારક શરીર ઉપર કારી ઝખ્મો આવ્યા. આપ હઝરત ઝખ્મોમાં ચૂર-ચૂર હતા કે મેદાનમાં જ પોતાના લાલ-હઝરત બંદગીમિયાં સૈયદ જલાલ (રઝી.)ને લોહીમાં તરબોલ હાલતમાં શહીદ થયેલા જોયા. પોતાના લાડલા ફરઝંદને આ હાલતમાં નજરો નજર જોતાં જ આપ હઝરત ઘોડા પરથી નીચે ઉતરી પડયા અને ફરઝંદની લાશ મુબારકને છાતી સરસી લગાવી-તેમના માથા ઉપર, ગાલો ઉપર અને ચેહરા ઉપર ચુંબનોનો વરસાદ વરસાવી, ખુદાની યાદમાં ગરકાવ થઈ ગયા. આપ હઝરતને આ હાલતમાં જોઈ, મેદાનમાંથી ભાગી ગયેલાં લશ્કરે પાછા આવી, આપ હઝરતના ઉપર એકી સાથે હુમલો કર્યો. આપ હઝરતે આ મન્ઝર જોઈ મુકાબલો કરવા માટેની તૈયારી કરી. પરંતુ તેમ નહીં કરવા માટે ખુદાઈ ફરમાન થતાં, આપ હઝરત ખુદાની યાદમાં ગરકાવ થઈ ગયા. અને દુશ્મનોએ ભેગા મળી કરેલા હુમલામાં આપ હઝરતનું મુબારક માથું-જે વરસો પહેલાં ધડના ઉપર અમાનત રૂપે હતું, તે ધડથી અલગ થતાં, આપ હઝરત શહીદ થઈ ગયા. આમ, હઝરત મહેદી (અ.સ.)એ ફરમાવેલી "કુતિલૂ" ની બશારત હિજરી સન-૯૩૦ના શવ્વાલની ચૌદમી તારીખે જુમ્આના રોજ પૂરી થઈ.

(મોઅર્રક-એ-બદરે વિલાયત : પાન-૩૩૭)

## (૪૬) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની શહાદત પછી શહીદ થયેલા બુઝુર્ગો

હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની શહાદત પછી આપ હઝરતના જમાઈઓ-હઝરત બંદગી મલેક મલેકજી મહરી (રઝી.), હ. બં. મલેક ઈસ્માઈલ કાકરેજી (રઝી.) તથા તેમના ભાઈ હ. બં. મલેક યાકૂબ કાકરેજી (રઝી.), આપ હઝરતના માસીયાઈ ભાઈ હ. બં. મિ. સૈયદ ખાનજી (રઝી.), આપ હઝરતના ભાઈ હ. બં. મિ. સૈયદ અતન (રઝી.) તથા સુદ્રાસણના હોદ્દેદાર હ. બં. મલેક જૈનુદ્દીન (રઝી.) એક પછી એક જંગમાં શહીદ થયા.

અત્રે ખાસ નોંધવા પાત્ર હકીકત એ છે કે ઉપરના નામવાળા બુઝુર્ગો બધાએ આપ હઝરતના કદમો સાથે પોતાના વાળોને બાંધી દઈ-આપ હઝરતની લાશ મુબારક સાથે લપેટાયેલા રહ્યા અને ખુદાનાં દીદારથી સરફરાઝ થયા.

## (૪૭) સુદ્રાસણના શહીદોની યાદી

પીરો મુર્શિદ હઝરત સૈયદ ખૂબમિયાં સાહબ પાલનપુરી મુહાજીર (રહ.)ની મશહુર કિતાબ "સિરાજે મુનિર"ના પાન-૨૭૫ ઉપર જણાવ્યા પ્રમાણે સુદ્રાસણની જંગમાં શહીદ થયેલા બુઝુર્ગોની યાદી નીચેની વિગતે છે.

(૧) હઝરત બંદગીમિયાં સૈયદ ખુન્દમીર સૈયદુસ શોહદા, સિદ્દીકે વિલાયત, હામિલે બારે અમાનત (રઝી.)

(૨) હ. બં. મિ. સૈયદ જલાલ બિન હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)

(૩) હ. બં. મિ. સૈયદ અતન (અતાઉલ્લા) (રઝી.) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના ભાઈ

(૪) હ. બં. મિ. મલેક હમ્માદ બિન મલેક અહમદ બિન મલેક યાકૂબ બાળીવાલ (રઝી.)

(૫) હ. બં. મિ. સૈયદ ખાનજી (રઝી.) બિરાદરે હકીકી, બિન સૈયદ ઉમર અઝ્ ઔલાદે સૈયદ મોહમ્મદ ગેસૂ દરાઝ બલન્દ પરવાઝ

(૬) હ. બં. મિયાં મલેકજી મહરી (રઝી.) સહાબીએ મહેદી (અ.સ.) હ. સિદ્દીકે વિલાયતના જમાઈ

(૭) હ. બં. મલેક ઈસ્માઈલ કાકરેજી (હ. સિદ્દીકે વિલાયત (રઝી.)ના જમાઈ) બિન મલેક હસન

(૮) હ. બં. મલેક યાકૂબ કાકરેજી (રઝી.) નંબર ૭ ના ભાઈ

(૯) હ. બં. મલેક ગૌહર શાહ પોલાદી (રઝી.)

(૧૦) હ. બં. મલેક શરફુદ્દીન બિન મલેક મોહમ્મદ બિન મલેક યાકૂબ "અમરતબેલ" (રઝી.)

(૧૧) હ. બં. મલેક મિયાંજી બયાનવી (રઝી.) (હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના સસરા)

(૧૨) હ. બં. મિયાં ઈબ્રાહીમખાન (રઝી.) બિન સિકંદરખાન

(૧૩) હ. બં. મલેક મીરાંજી બિન બંદગી મલેક બખ્ખન બાળીવાલ

(૧૪) હ. બં. મિયાં સૈયદ જલાલ રે. દાસેજ

(૧૫) હ. બં. મિયાં ઈસ્માઈલ રે. દાસેજ

(૧૬) બં. મિ. સૈયદ શહાબુદ્દીન બિન કુત્બુદ્દીન

(૧૭) બં. મિ. રહેમતુલ્લાહ બિન મિયાં દૌલત

(૧૮) બં. મિ. બખ્ખન (કસ્બે સારસા, ભરૂચ ઈલાકાના રહેવાસી)

(૧૯) બં. મિ. મહેમૂદશાહ (રહેવાસી-સારસા)

(૨૦) બં. મિ. ચાંદ સાંચોરી (મારવાડ ઈલાકો)

(૨૧) બં. મિ. યૂસુફ બિન મિયાં એહમદ

(૨૨) બં. મિ. યૂસુફ લન્ધા

(૨૩) બં. મિ. સુલ્તાનશાહ જાલોરી

(૨૪) બં. મિ. ફીરોજશાહ બિન હમ્ઝા જાલોરી

(૨૫) બં. મિ. મુઈનુદ્દીન
(૨૬) બં. મિ. નિઝામુદ્દીન
(૨૭) બં. મિ. તાજન (તાજુદ્દીન) ખર્રાજ
(૨૮) બં. મિ. ઉમર
(૨૯) બં. મિ. જલાલ બિન (મુળનામ 'મુજાહિદ')
(૩૦) બં. મિ. શમ્મન (શમશુદ્દીન)
(૩૧) બં. મિ. હાજી બિન મિયાં તાહિર
(૩૨) બં. મિ. અબ્દુલ્લા સિંધી
(૩૩) બું. મિ. મિયાંખાન
(૩૪) બં. મિ. કબીર મોહમ્મદ રે. ખંભાત,
મુબશ્શિરે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)
(૩૫) બં. મિ. શૈખ હમીદ બિન કાઝીખાન
(૩૬) બં. મિ. સિન્ધુ (રહેવાસી પાટણ)
(૩૭) બં. મિ. અલી આખૂન્દ
(૩૮) બં. મિ. કાસિમ (મિયાં અહમદ શહીદે ખાંભેલના ભાઈ)
(૩૯) બં. મિ. અહમદશાહ સરખેજીપુરા-અમદાવાદ
(૪૦) બં. મિ. સીદી બિલાલ
(૪૧) બં. મિ. સીદી યાકૂત
(૪૨) બં. મિ. આલમ ખુરાસાની
(૪૩) બં. મિ. હાજી મોહમ્મદ ખુરાસાની
(૪૪) બં. મિ. અબુલખયર મુલતાની
(૪૫) બં. મિ. ઈશ્હાક ભોજ મુહાજિર
(૪૬) બં. મિ. જૈનુદ્દીન (સુદ્રાસણના માજી હોદ્દેદાર)

(૪૭) બં. મિ. અલાઉદ્દીન બિન મિયાંખાન

(૪૮) બં. મિ. બખ્શુ (ખુદાબખ્શ અથવા મોહમ્મદ બખ્શ) મિયાં યૂસુફ મુહાજીરના ભાઈ

(૪૯) બં. મિ. બખ્શુ બિન મિયાં બળા

(૫૦) બં. મિ. ઈબ્રાહીમ (મિયાંખાન કમાનગરના જમાઈ)

(૫૧) બં. મિ. પીરજી (લકબ બુરજાહ)

(૫૨) બં. મિ. નિઝામ મોહમ્મદ

(૫૩) બં. મિ. શૈખજી ખંભાતી (બં. મિ. કબીરમોહમ્મદના નાના ભાઈ)

(૫૪) બં. મિ. મજ્જન (મુજાહિદ્દીન) પટણી

(૫૫) બં. મિ. મીરન પટણી (રહમતુલ્લાહિ અલયહિમ અજમઈન)

બે રંગરેજ ભાઈ–નામે કબીરમોહમ્મદ (રહે.) અને ઈસ્માઈલ (રહે.) જેમને બંદગીમિયાં (રઝી.)એ શહાદતના ઈમામની બશારત આપી હતી.

મિયાં મલેક બળા કાકરેજી (રહે.) જેઓ બંદગીમિયાં (રઝી.)ના ફરમાનથી સુલ્તાનના લશ્કરમાં રોકાયેલા હતા, તેમણે ઐનુલ મુલ્કને બીજીવાર મહેણું મારતાં, રસ્તામાં જ ઐનુલ મુલ્કના હુકમથી શહીદ કરી દેવામાં આવ્યા હતા.

મલેક રાજે બિન મલેક બખ્ખન મુલતાની (રહે.) દસાડાના જાગીરદાર–જેમને બંદગીમિયાં (રઝી.)એ ફરમાવ્યું કે તમો દસાડામાં જ રહો અને બાગીઓથી લડીને શહીદ થઈ જાવ, તમો અમારામાંથી જ છો.

આમ, ખાંભેલના ૪૧ શહીદો અને ઉપરોકત ૫૯ મળી–કુલ્લે ૧૦૦ શહીદો, પાટણમાં, ૨૬ વર્ષ પહેલાં, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)એ કરેલ વાયદા પ્રમાણે–મહેદી (અ.સ.)ના નામ ઉપર શહીદ થયા.

મર્હુમ ભાઈ મોટામિયાં “ફરોગ” પાલનપુરીનો એક શએર અત્રે ટાંકવાની મારી લાલચને હું રોકી શકતો નથી.

"જાનિસારાને મોહબ્બત પે થા કિતના એઅતમાદ,
કે બોજ અપને સરપે સો સરકા લિઆ ખુંદમીરને"

"ફરોગ પાલનપુરી"

## (૪૮) હ. બં. મલેક હમ્માદ (રઝી.) અને હ. બં. મિ. સૈયદ ખાનજી (રઝી.)ની લાશો મુબારકની કરામતો

સુલ્તાની લશ્કર ફતેહની ખુશીમાં નાચવા-ગાવામાં અને વાજા વગાડવામાં મશ્ગુલ થઈ પાછું ફરી રહ્યું હતું. મૈદાન શહીદોની લાશોથી ભરેલું હતું અને ખૂનથી તરબોલ હતું. ઐનુલ મુલ્કે શહીદોની લાશોથી જોઈ પૂછ્યું કે : "આમાં એમના પીર ખુન્દમીર કોણ છે ?" ઐનુલ મુલ્કના પાલક પુત્ર અને ભાણેજે જવાબમાં આપ હઝરતની લાશ મુબારક તરફ પોતાના પગથી ઈશારો કર્યો. આપ હઝરતની નજીકમાં જ હ. બં. મલેક હમ્માદ (રઝી.)ની લાશ મુબારક પડેલી હતી. તેમાં એકા-એક હરકત પૈદા થઈ અને આપ હઝરતની લાશ મુબારક તરફ પગથી ઈશારો કરનાર ઐનુલ મુલ્કના પાલક પુત્ર અને ભાણેજના શરીરના હ. બં. મલેક હમ્માદ (રઝી.)ની લાશ મુબારકે ઉભા થઈ, પોતાની તલવારથી બે કટકા કરી નાખ્યા.

આવો જ બીજો બનાવ એવો બને છે કે હ. બં. મિ. સૈયદ ખાનજી (રઝી.) શહીદ થઈ પડેલા હતા. તેમના હાથમાં એક કિમતી તલવાર હતી. આ કિમતી તલવારને ઝપટવા માટે સુલ્તાની લશ્કરમાંથી એક લાલચુ સિપાઈ-જેવો આગળ આવ્યો કે શહીદ થયેલા હ. બં. મિયાં સૈયદ ખાનજી (રઝી.)ની લાશ મુબારક હરકતમાં આવી અને આપ હઝરતે બેઠા થઈ, પોતાની એક જ થપ્પડથી તે લાલચુ સિપાઈને જહન્નમ રસીદ કરી દીધો.

આ બન્ને બનાવોથી કલામે પાકનું એ કથન સાબીત થાય છે કે "શહીદોને મુર્દા મત કહો. તેઓ હયાત છે, પરંતુ તમારી અક્કલો સમજી શકતી નથી." ઉપરોકત બન્ને બનાવોનું બહુ જ સુંદર અને સારા શબ્દોમાં "મોઅર્રક-એ-બદરે

વિલાયત"ના પાન-૩૧૩ ઉપર વર્ણન કરવામાં આવેલ છે.

## (૪૯) શહીદોના સર મુબારકો જુદા કરવામાં આવ્યા અને એકલા ધડો સુદ્રાસણમાં દફન કરવામાં આવ્યા

શહીદોની ઉપરની વિગતેની કરામતો જોઈ, ઐનુલ મુલ્ક બહુ જ ગભરાયો. કોઈકે ઐનુલ મુલ્કને મશવરો આપ્યો કે ધડોથી સરોને જુદા કરી દેવાથી આવી કરામતો બંધ થઈ જશે. એ મશવરા મુજબ આપ હઝરતના, હ. બં. મિ. સૈયદ જલાલના, હ. બં. મિ. સૈયદ અતનના, હ. બં. મિ. સૈયદ ખાનજીના, હ. બં. મલેક મિયાંજી બયાનવીના, હ. બં. મલેક હમ્માદના તથા હ. બં. મલેક શરફુદ્દીનના-એમ સાત શહીદો (રઝી.)ના સર મુબારકોને જુદા કરવામાં આવ્યા. અને આ સાત સર મુબારકોને સુલ્તાનને ચાંપાનેર મુકામે નઝર કરવા માટે એક ટોકરામાં ભરવાનો ઐનુલ મુલ્કે હુક્મ કર્યો. પરંતુ આપ હઝરતના સર મુબારકને લશ્કરમાંથી કોઈ કરતાં કોઈ ઉપાડી શકયું નહીં. જે કામ માટે હઝરત ખલિફ-એ-ગિરોહ (રઝી.)ને બોલાવવા પડયા. હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.)એ ટોકરામાં બીજા શહીદોના સર ઉપર હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના સર મુબારકને મૂક્યો. હામિલે બારે અમાનત હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના સર મુબારકને આ રીતે હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.) દ્વારા ઈજ્જત-એહતરામથી રાખવામાં આવ્યો.

શહીદોના સર મુબારકો ટોકરામાં નાખી સુલ્તાની લશ્કર પાટણ તરફ રવાના થતાં, લડાઈનું મૈદાન ખાલી થતાં, હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.) મેદાનમાં આવી શહીદોના જનાઝાઓ ઉપર નમાજ પઢી, હ. સિદ્દીકે વિલાયત (રઝી.)ના ધડ મુબારકની જુદી અલગ કબર બનાવી અને આપ હઝરતના કદમોમાં બીજા શહીદોની જુદી-જુદી કબરો બનાવી અને તેમના કદમોમાં (૪૭) શહીદોની ભેગી એક કબર બનાવી-જે કૌમમાં સુદ્રાસણના ગંજે શોહદાના નામથી ઓળખવામાં આવે છે.

## (૫૦) પાટણમાં શહીદોના સર મુબારકોની કરામત

આપ હઝરતના તથા સાથેના બીજા શહીદોના મુબારક સરો ટોકરામાં

નાખી, સુદ્રાસણથી રવાના થઈ, સુલ્તાની લશ્કરે પાટણના પાદરે ઝોહરની નમાઝના પહેલાં-પહેલાં પડાવ નાખ્યો. લશ્કરના સિપાહીઓ ખાવા-પીવામાં મશગૂલ થયા, એ જ વખતે શહેરની મસ્જીદમાંથી ઝોહરની નમાઝની અઝાનનો અવાઝ આવતાં જ ટોકરામાંથી બધા સર મુબારકોએ બહાર આવી, સફ બનાવી. એમાંથી એક સર મુબારકે તકબીર કહીં, આપ હઝરતના સર મુબારકે સૌથી આગળ આવી ઈમામત કરી. એ રીતે ઝોહર, અસર, મગરિબ અને ઈશાની નમાઝો-બધા સર મુબારકોએ જમાત સાથે અદા કરી. ઈશાની નમાઝ પછી બધા સર મુબારકો ટોકરામાં પાછા પોતાની મૂળ જગ્યાએ આવી ગયા. શહીદોના સર મુબારકોની આ કરામત જોઈ લશ્કરમાંના કેટલાએ મુન્કિરો મુસદીક થઈ ગયા. અત્રે એ વાત ખાસ નોંધવા જેવી છે કે જે પાટણ શહેરમાં છવ્વીસ વરસ પહેલા હઝરત સિદીકે વિલાયત (રઝી.)ના ધડ મુબારકે સર વગર નમાઝ પઢી હતી, એ જ પાટણ શહેરમાં સિદ્દીકે વિલાયત (રઝી.)ના સર મુબારકે ધડ વગર છવ્વીસ વરસ પછી નમાઝ અદા કરી.

## (૫૧) પાટણમાં સર મુબારકોને દફન કર્યા

શહીદોના સર મુબારકોની આ કરામત જોઈ ઐનુલ મુલ્ક ગભરાયો અને વિચારવા લાગ્યો કે ચાંપાનેરમાં સુલ્તાનની હાજરીમાં પણ જો આવી જ કરામતો થશે, તો ઈનામ-ઈકરામ, જમીન-જાયદાદ-જાગીર મળવી તો બાજુ પર રહી, જલીલ થવાની અને જાનથી હાથ ધોવાની નૌબત આવશે. ઐનુલ મુલ્કની આ ગભરામણ જોઈ કોઈકે તેને કહ્યું કે, “ગભરાવાની કોઈ જરૂરત નથી. સરોની ચામડીઓને ખેંચી કાઢી, તેમાંથી હાડકાં-મગજ વિગેરે કાઢી લઈ, ચામડીઓને ટાંકા લઈ તેમાં ભૂસા ભરી દેવાથી આ કરામતો બંધ થઈ જશે.” આ મશવરા ઉપર અમલ કરવામાં આવ્યો અને સરોમાંથી મગજ-હાડકાં વિગરે કાઢી લઈ, તેમાં ભૂસો ભરી દેવામાં આવ્યો અને તે ટોકરામાં નાખી લશ્કરે ચાંપાનેર તરફ કૂચ કરી. આપ હઝરતના તથા સાથીઓના સર મુબારકોને મહેદવી અમીરોએ પાટણમાં જુદા-જુદા દફન કર્યા. પાટણના મહેદવી અમીરોએ હઝરત બંદગી મલેક શરફુદીન (રઝી.)ના

તથા હ. બં. મિ. ખાનજી (રઝી.)ના સરો લઈ સુદ્રાસણથી હ. બં. મલેક શરફુદ્દીન (રઝી.)ના ધડ મુબારકને લાવી, તેમના આખા જિસમને પાટણમાં દફન કર્યો તથા હ. બં. મિ. સૈયદ ખાનજી (રઝી.)ના સર મુબારકને સુદ્રાસણ લઈ જઈ, ત્યાં પડેલા તેમના ધડથી મેળવી, હ. બં. મિ. સૈયદ ખાનજી (રઝી.)ના આખા જિસમને સુદ્રાસણમાં દફન કર્યો.

## (પર) હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.)એ થરાદમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)નો દસમો કર્યો

હ. સિદ્દીકે વિલાયત (રઝી.)ની શહાદતના ત્રીજા કે ચોથા દિવસે હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.)ને ગુજરાતના સુલ્તાન તરફથી ઈખરાજ (દેશવટા)નો હુકમ મળતાં જ આપ ગાઝીઓને સાથે લઈ સુદ્રાસણથી જાલોર-કે જયાં મહેદવી હુકૂમત હતી, ત્યાંના ઈરાદાથી નીકળ્યા. આપ પૂરા રસ્તામાં ચૈનથી રહી ન શક્યા. ગુજરાતના સુલ્તાનનો ઈખરાજ (દેશવટા)નો હુકમ હોઈ, આપને કોઈ જગ્યાએ ટકવા દેવામાં આવ્યા નહીં. ઘણી મુસીબતો-તકલીફો ઉઠાવી, આપ થરાદ-કે જ્યાં મલેક માંડન મહેદવી હાકેમ હતો, ત્યાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)નો દસમો કરવા માટે રોકાયા. થરાદમાં મલેક માંડન કે જેમને નારૂની સખત તકલીફ હતી, તેમને પસખુરદો આપી, હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.)એ સાજા-તાજા કર્યા.

## (પ૩) હ. ખલીફ-એ-ગિરોહ (રઝી.)એ જાલોરમાં હ. સિદ્દીકે વિલાયત (રઝી.)નો ચાલીસમો કર્યો, જે વખતે હ. મહેદી (અ.સ.)ના ખલીફાઓ અને મુહાજીરોએ હ. સિદ્દીકે વિલાયત (રઝી.)ની અઝીમ શહાદતનો સ્વીકાર કર્યો

થરાદમાં હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)નો દસમો કરી, હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.) જાલોર તરફ રવાના થયા. જાલોરમાં હ. ખલીફ-એ-ગિરોહ (રઝી.)એ હ. સિદ્દીકે વિલાયત (રઝી.)નો ચાલીસમો કર્યો. અને અહીં જ હઝરત બંદગીમિયાં શાહ નેઅ્મત (રઝી.), હ. બં. મિ. શાહ નિઝામ (રઝી.), હ. બં. મિ.

શાહ દિલાવર (રઝી.) જેવા હઝરત મહેદી (અ.સ.)ના ખલીફાઓ અને હાજર હતા તે તમામ મુહાજિરો-જેમણે હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની સુલ્તાન સામેની જંગ-લડાઈનો વિરોધ કર્યો હતો અને જંગમાં શરીક ન હતા, તેઓ બધાએ હઝરત ખલીફ-એ-ગિરોહ (રઝી.) પાસે જઈ જંગમાં શરીક ન થવા માટેનો પસ્તાવો જાહેરા કર્યો અને હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની અઝીમ શહાદતનો સ્વીકાર કર્યો. આમ, હઝરત મહેદી (અ.સ.)ની પેશનગોઈ કે તમારી જંગનો વિરોધ કરનારા-તમારી શહાદતના પછી તમારી શહાદતની સચ્ચાઈનો સ્વીકાર કરશે, તે પૂરી થઈ.

## (૫૪) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) અને બીજા ચાર શહીદોની ચામડીઓ ચાંપાનેરમાં દફન કરવામાં આવી

આ તરફ ઐનુલ મુલ્ક હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) અને બીજા ચાર શહીદોના સરોની ચામડીઓમાં ભૂસુ ભરી સુલ્તાનના દરબારમાં પેશ કરવા માટે ચાંપાનેર જવા રવાના થયો. ચાંપાનેર મુકામે સુલ્તાનના દરબારમાં ભૂસા ભરેલ સરોની ચામડીઓ ઐનુલ મુલ્કે રજૂ કરતાં, આ નૂરાની ચહેરાઓને જોઈ, સુલ્તાનના ઉપર એક ગઝબનાક હૈબત તારી થઈ ગઈ. સુલ્તાને ઐનુલ મુલ્કને લાનત-મલામત કરી, હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.) અને બીજા શહીદો સાથેના ઐનુલ મુલ્કના આ વર્તાવને બહુ જ સખત શબ્દોમાં વખોડી કાઢયો. અને ઈનામ-ઈકરામ, જમીન-જાયદાદ-જાગીરના બદલે-ઐનુલ મુલ્કને બહુ જ ઝલીલ કરી, દરબારમાંથી હાંકી કાઢ્યો. દરબારમાં હાજર હતા-તે મહેદવી અમીરોએ સુલ્તાનની પરવાનગીથી હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.), હ. બં. મિ. સૈયદ અતન (રઝી.), હ. બં. મિ. સૈયદ જલાલ (રઝી.), હ. બં. મલેક હમ્માદ (રઝી.) તથા હ. બં. મલેક મિયાંજી બયાનવી (રઝી.)-એમ પાંચ શહીદોના મુબારક સરોની ચામડીઓ લઈ, પૂરી અકીદત-એહતરામથી ચાંપાનેર-હાલોલ વચ્ચે એક જ કબરમાં દફન કર્યા. એ પાક જગ્યા આજે “ખુન્દપીર” ની દરગાહના નામથી મશહુર છે. કોમની કેટલીક કિતાબોમાં હ. બં. મલેક મિયાંજી બયાનવી (રઝી.)ની જગ્યાએ હ. બં. મલેક ગૌહર

શાહ પોલાદી (રઝી.)નું નામ બતાવવામાં આવેલ છે.

આમ, હઝરત મહેદી (અ.સ.)ની બશારત કે "ભાઈ સૈયદ ખુન્દમીર...! તમારૂ ધડ, સર અને ચામડી જુદા-જુદા થશે અને જુદી-જુદી જગ્યાએ દફન કરવામાં આવશે."-અક્ષરે અક્ષર પૂરી થઈ. ધડ સુદ્રાસણમાં, મસ્તક પાટણમાં અને ચામડી ચાંપાનેરમાં જુદા-જુદા દફન કરવામાં આવ્યા. કૌમમાં મહુર છે કે ધડ સુદ્રાસણ, માથું પાટણ અને ચામડી ચાંપાનેર. આ ત્રણે જગ્યાઓની મઝારો બહુ જ મુકદસ છે, જયાં સેંકડો-હજારો લોકો બહુ જ આસ્થાથી અકીદતના ફુલો ચઢાવે છે. હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની અને તેમના સાથી શહીદોની ઔલાદ-આજે પણ પુરા હિન્દુસ્તાન અને પાકિસ્તાનમાં બહુ જ અકીદત અને એહતરામથી જોવામાં આવે છે, જ્યારે આપ હઝરતને શહીદ કરનાર-કરાવનાર સુલ્તાન મુઝફ્ફર કે તેની સલ્તનતનું દુનિયામાં કોઈ નામો નિશાન નથી.

## (પપ) આ લડાઈનો ફારસીના ઈતિહાસોમાં ઉલ્લેખ કેમ નથી?

આ સવાલ ઉપસ્થિત કરી, પીરો મુર્શિદ હઝરત સૈયદ ખુબમિયાં સાહબ ખુન્દમીરી-પાલનપુરી મુહાજીર (રહે.) પોતાની મશહુર કિતાબ "સિરાજે મુનીર" ના પાન-૨૯૩ ઉપર ફરમાવે છે કે : "મિરાતે સિકંદરી, મિરાતે અહમદી તથા તારીખે બહાદુરશાહી વિગેરે ગુજરાતના ઈતિહાસમાં કોઈ ઠેકાણે આ મહાન લડાઈનો ઉલ્લેખ નથી, જેથી સહેજે ગૈર-મુસ્લિમો જ નહીં પણ મહેદી (અ.સ.)ના વિરોધીઓને આ લડાઈ માટે શક પૈદા થશે અથવા આ લડાઈની વાત ખોટી છે, તેમ જણાશે. પરંતુ જરા ઉંડા ઉતરીને તપાસ કરતાં-આ વાતનો ભેદ મળી જાય છે. આ હકીકતને ટાળવા પાછળનું ખરૂં કારણ એ છે કે મનુષ્ય માત્રને પોતાના ધર્મ (માન્યતા) તરફ સ્વભાવિક રીતે કુણી લાગણી હોય છે. તેથી એ વાત-જેને પોતાની માન્યતાઓ વિરૂધ્ધ જોઈ અને જેમાં પોતાના બુઝુર્ગોની અને એ સમયના દુનિયાદાર ઉલેમાઓ અને પીરો-જેમનાથી ઈતિહાસકારોના તાલીમી તથા પીરી મુરીદીના સંબંધો હતા, તેમની નામોશી જોઈ એ સમયના ઈતિહાસકારોએ આ હકીકતો

જાણીબુઝીને લખી જ નહીં." આ બાબતે વિસ્તારથી છણાવટ કરી આપ હઝરત (રહે.)એ છેવટમાં લખ્યું છે કે : "જો કોઈ મહેદવીએ ગુજરાતનો ઈતિહાસ લખ્યો હોત, તો તેમણે આ તમામ હકીકતો ખરી-ખરી અને વિસ્તારથી લખી હોત."

આ નાચીઝની પાસે આ સવાલનો સાવ સીધો-સાદો અને સ્પષ્ટ જવાબ છે કે લડાઈની સંપૂર્ણ સામગ્રીઓથી સજ્જ એવા ગુજરાતના સુલ્તાનના ૪૫ હજારના એક લશ્કરને લડાઈની સામગ્રીઓ વગરના હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના ૬૦ થી ઓછા ફકીરોએ હઝરત મહેદી (અ.સ.)ની ૨૦ વરસ અગાઉની આગાહી મુજબ પહેલા દિવસે પરાસ્ત કરેલ, તે હકીકતનો સુલ્તાનના ખરીદ કરેલા ઈતિહાસકારો ઉલ્લેખ કરે, તે કદાપી બની શકે જ નહીં. આ અંગે આ યુગમાં ઈન્દીરા ગાંધીએ લાદેલા કટોકટીનાકાળનો ઉલ્લેખ કરવો બહુ જ જરૂરી છે. એ કટોકટીના કાળમાં આ દેશમાં લોકશાહી હોવા છતાં મોરારજી દેસાઈ, જયપ્રકાશ નારાયણ જેવા ઈન્દીરા ગાંધીના વિરોધીઓના વિરોધને પ્રજા સમક્ષ લાવવા ઉપર સખત પ્રતિબંધ હતો, જે આપણે સૌ જાણીએ છીએ. તો પછી સુલ્તાની સિતમો-સતામણીઓનો સામનો કરનાર હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના આ અજોડ જંગનો એ સમયના સર્વે સત્તાધીશ સુલ્તાનના ખરીદ કરેલા અને સુલ્તાનના ઈસારા પર ચાલનારા ઈતિહાસકારો ઉલ્લેખ ન જ કરે, તે સહેજે સમજી શકાય તેવી વાત છે.

## (૫૬) હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ની બીબીઓ અને ઔલાદ

(૧) પહેલા બીબી : હઝરત આયશા (રઝી.) બિન્તે હઝરત બંદગી મલેક મિયાંજી બયાનવી (રઝી.)

ફરઝંદો :

(૧) હ. બં. મિયાં સૈયદ જલાલ શહીદ (રઝી.)

(૨) હ. બં. મિયાં સૈયદ શિહાબુદ્દીન શિહાબુલ હક્ક

(૩) હ. બં. મિયાં સૈયદ અબ્દુલકાદિર (રઝી.)

(૪) હ. બં. મિયાં સૈયદ એહમદ (રઝી.)

(૫) હ. બં. મિયાં સૈયદ શરીફ "તશરીફુલહક્ક" (રઝી.)

(૬) હ. બં. મિયાં સૈયદ ખુદાબખ્શ (રઝી.)

(૨) બીજા બીબી : હઝરત બીબી ફાતેમા (રઝી.) બિન્તે હઝરત મહેદી (અ.સ.)

ફરઝંદ :

હઝરત બં. મિ. સૈયદ મહેમૂદ સેદનજી ખાતમલ મુર્શિદ (રઝી.)

અલ્લાહ પાક, ખાતિમૈન (અ.સ.)ના વસીલાથી, સૈયદેન (રઝી.)ના તુફેલથી અને બુઝુર્ગાને દીનની દુઆઓથી આપણને સૌને મહેદવિય્યતને સમઝવાની અને તેના ઉપર અમલ કરવાની નેક તૌફીક આપે. (આમીન)

ખાદિમે મિલ્લતે મહેદવિયા,
સૈયદ નસીરૂદ્દીન બડામિયાં

પાલનપુર
તા. ૨૩-૧૨-૨૦૦૦

૭૮૬

## હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના વતન ગુજરાત અને જન્મ સ્થળ પાટણ અંગે હઝરત મહેદી (અ.સ.)ની મુબારક બશારતો...

હઝરત મહેદી (અ.સ.)એ ગુજરાત અને પાટણ અંગે નીચેની વિગતેની મુબારક બશારતો ફરમાવી છે.

ગુજરાત અંગે આપ હઝરત (અ.સ.)એ ફરમાવ્યું કે :

(૧) ગુજરાત ઈશ્કની ખાણ છે.

(૨) દુનિયા અંગુઠી છે અને ગુજરાત તેમાં નગીનો છે.

(૩) ઈશ્ક જીવનપુરથી ઉઠી ગુજરાત પર વરસ્યું.

(૪) આ ગુજરાતી મર્દે અમોને અચંબામાં નાખી દીધા છે.

પાટણ બાબતે આપ હઝરત (અ.સ.)એ ફરમાવ્યું કે :

(૧) આ જગ્યાએથી ઈશ્કની ખુશ્બુ આવે છે.

(૨) આ જગ્યાએથી ઈમાનની ખુશ્બુ આવે છે.

(૩) નહરવાલા (પાટણ) મોમીનોની ખાણ છે.

પીરો મુર્શિદ હઝરત ખુબમિયાં સાહેબ ખુન્દમીરી, પાલનપુરી મુહાજીર (રહે.) પોતાની કિતાબ "સિરાજે મુનીર" માં ફરમાવે છે કે, 'હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ના વતન ગુજરાત અને જન્મ સ્થળ પાટણ માટે ઉપરોકત મુબારક બશારતો હઝરત મહેદી (અ.સ.)એ હઝરત સિદ્દીકે વિલાયત (રઝી.)ને નઝર સમક્ષ રાખીને જ ફરમાવેલ છે.'

**********************************************************

# તસ્બીહ

**લા ઈલાહા ઈલ્લલ્લાહ**
**મુહમ્મદુર રસુલુલ્લાહ**

**અલ્લાહુ ઈલાહુના**
**મુહમ્મદુન્નબીય્યુના**

**અલ કુર્આનો વલ મેહદી ઈમામુના**
**આમન્ના વ સદ્દકના**